BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**પ્રથમ વર્ષ BA - અર્થશાસ્ત્ર**
**પેપર - ૨**
**(મુખ્ય તથા ગૌણ)**
**ECOM 102/ ECOS 102**
**ભારતીય અર્થતંત્રનો પરિચય**



## ભારતીય અર્થતંત્રનો પરિચય અને રાષ્ટ્રીય આવક

1

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ભારતીય અર્થતંત્રનો પરિચય

**ECOM 102/ECOS 102**

વિભાગ

# 1

## ભારતીય અર્થતંત્રનો પરિચય અને રાષ્ટ્રીય આવક


એકમ-1 ભારતીય અર્થતંત્રનો પરિચય-I

એકમ-2 ભારતીય અર્થતંત્રનો પરિચય-II

એકમ-3 રાષ્ટ્રીય આવક-I

એકમ-4 રાષ્ટ્રીય આવક-II

ISBN : 978-93-89456-04-2

## વિષય સમિતિ

| | |
|---|---|
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. ગીતા પંડ્યા | પ્રિન્સિપાલ, સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી એજ્યુકેશન કેમ્પસ, મણિનગર, અમદાવાદ |
| ડૉ. તુષાર હાથી | એસોસિએટ પ્રોફેસર, કુલપતિ (ઇન્ચાર્જ) નિવૃત્ત, કે. એસ. કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ, કચ્છ |

## લેખન

| | |
|---|---|
| ડૉ. અશ્વિન પ્રજાપતિ | સરકારી આર્ટસ કોલેજ, સેક્ટર 15, ગાંધીનગર |
| શ્રી બલભદ્રસિંહ મંડોરા | શ્રીમતી આર.ડી.શાહ આર્થટસ અનેશ્રીમતી વી. ડી.શાહ કોમસથકોલેજ,ધોળકા |
| ડૉ. અલ્પેશ કે. પટેલ | શ્રી અને શ્રીમતી પી કે કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ |
| ડૉ. ભરત ચૌધરી | શ્રી અને શ્રીમતી પી કે કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ |

## પરામર્શન (વિષય)

| | |
|---|---|
| ડૉ. હસમુખ દેસાઈ | પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. કલ્પના સતીજા | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, કે. એસ. કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ, કચ્છ |
| ડૉ. મંજુલા લક્ષ્મણ | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ |
| ડૉ. જી. ડી. ત્રિપાઠી | પ્રિન્સિપાલ, સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી, મહેસાણા |
| ડૉ. ઈલા જયદેવ | એસોસિએટપ્રોફેસર, એલ. ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ |

## પરામર્શન (ભાષા)

| | |
|---|---|
| ડૉ. જાગૃતિ મહેતા | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જીતલ રાઠોડ | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| શ્રી જીવરાજ ઝાંપડીયા | આસિસ્ટન્ટ પ્રોફેસરઅર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**પ્રકાશક**

| | |
|---|---|
| ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી | કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

ISBN : 978-93-89456-04-2

**: સર્વાધિકાર સુરક્ષિત :**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publiation is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

## *વિભાગ પરિચય*

# 1 ભારતીય અર્થતંત્રનો પરિચય અને રાષ્ટ્રીય આવક

**એકમ:1** ભારતનું ભૌગોલિક સ્થાન, રાજ્યો, રાજકીય લાક્ષણિકતા

**એકમ:2** વિશ્વના દેશોનું વર્ગીકરણ (વિકસિત, અલ્પવિકસિત, વિકાસશીલ), ભારતનું અર્થતંત્ર વિકાશીલ અર્થતંત્ર તરીકે, ભારતીય અર્થતંત્રના લક્ષણો

**એકમ:3** ભારતની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક

એકમ:4 ભારતની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકનો વૃદ્ધિદર, રા.આ. તથા માથાદીઠ આવકને અસર કરતાં પરિબળો

## એકમ 1 ભારતીય અર્થતંત્રનો પરિચય - 1

### : રૂપરેખા :

**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 ભારતનો ભૌગોલિક પરિચય**

**1.2.1 ભારતનું ભૌગોલિક સ્થાન અને વિસ્તાર**

**1.2.2 ભારતની ભૂપુષ્ઠતા**

**1.2.3 ભારતની આબોહવા**

**1.2.4 ભારતની મહત્ત્વની નદીઓ**

**1.2.5 ભારતની કુદરતી સંપત્તિ**

**1.2.5.1 કૃષિક્ષેત્રની દૃષ્ટિએ**

**1.2.5.2 ઔદ્યોગિક ક્ષેત્રની દૃષ્ટિએ**

**1.2.5.3 પર્યટનક્ષેત્રની દૃષ્ટિએ**

**1.3 ભારતના રાજ્યો**

**1.4 તમારી પ્રગતિ તપાસો**

**1.5 સારાંશ**

**1.6 ચાવીરૂપ શબ્દો**

**1.7 કેટલાક ઉપયોગી કડી**

**1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

### 1.0 ઉદ્દેશો:

વિદ્યાર્થી મિત્રો આ એકમનો હેતુ ભારતને ભૌગોલિક દૃષ્ટિએ ઓળખવાનો છે. આપણે સૌ આ એકમના અભ્યાસ દ્વારા ભારતની ભૂગોળની કેટલીક આગવી બાબતો શીખવાનો પ્રયત્ન કરીશું જેમ કે,

- ભારત વિશ્વના નકશામાં કયા સ્થાને છે અને કયા ભૌગોલિક વિસ્તારમાં આવેલ છે તે જાણીશું.
- ભારતમાં ભૂપુષ્ઠતાની દૃષ્ટિએ શું વૈવિધ્યતા છે તેનાથી માહિતગાર થઈશું.
- ભારત કેવા પ્રકારની આબોહવા ધરાવે છે અને પ્રાકૃતિક રચના કેવા પ્રકારની છે તે અંગે જાણકારી મેળવીશું.
- ભારતીય અર્થતંત્રની ધરોબર એવી કુદરતી સંપત્તિ કયા-કયા સ્વરૂપે આપણને કુદરત પાસેથી ભેટમાં મળેલ છે. તેની પ્રસ્તુત એકમમાં ચર્ચા કરવામાં આવી છે.
- આ એકમમાં આપણે ભારતીય અર્થતંત્રમાં ચાવીરૂપ રાજ્યોનો પરિચય મેળવીશું.

### 1.1 પ્રસ્તાવના:

મિત્રો આપને જાણીને નવાઈ થશે કે સમગ્ર વિશ્વમાં ભારત જ એક એવો દેશ છે કે જે ભૌગોલિક, સાંસ્કૃતિક અને રાજકીય દૃષ્ટિએ ખૂબ જ વૈવિધ્યતા ધરાવે છે. આપ સૌને પ્રાથમિક શિક્ષણકાળ દરમિયાન સામાજિક વિજ્ઞાનમાં ભણાવવામાં આવતુ એ પ્રકરણ તો યાદ હશે જ કે, આપણા દેશનું નામ ભારત

દુષ્યંત અને શકુંતલાના પરાક્રમીયુગ અને રાજા ભરતના નામ પરથી ભારત દેશ તરીકે ઓળખાયું. જો કે આંતરરાષ્ટ્રિય કક્ષા એ આપણો દેશ ભારત સિવાય 'ઈન્ડિયા' અને 'હિન્દુસ્તાન' નામની વધારે ઓળખાય છે. આપણા દેશને ગ્રીકભાષામાં 'ઈન્હોઈ' તરીકે ઓળખવામાં આવે છે. જેનો મતલબ થાય છે 'ઈન્દુના લોકો' તો બીજી તરફ ફારસી ભાષામાં 'હિન્દુસ્તાન' તરીકે ઓળખાય છે. જેનો અર્થ થાય છે 'હિન્દુઓની ભૂમી'

આજે ભારતગણ રાજ્ય એ દક્ષિણ એશિયામાં આવેલ દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે જે 29 રાજ્યો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશોનો બનેલ છે. આપણો દેશ પહાડી વિસ્તાર, જળ વિસ્તાર, રણ વિસ્તાર અને જંગલ વિસ્તાર એમ ચારેય પ્રકારના પ્રાકૃતિક આવરણોથી સંરક્ષિત ઉપખંડ છે. આપણો દેશ પ્રાચિનકાળથી તેની ભવ્ય સંસ્કૃતિ, કલા અને ભાષા માટે જગવિખ્યાત છે.

## 1.2 ભારતનો ભૌગોલિક પરિચય

ભારત એક એવો દેશ છે કે જે તેની ભૌગોલિક વિશિષ્ટતાઓને કારણે અન્ય તમામ ભૂખંડોથી તદ્દન ભિન્ન તરી આવે છે. ભારતના ભૌગોલિક આકારમાં ઉપર નીચેનો ઘેરાવો ઓછો અને વચ્ચેનો ઘેરાવો વધુ હોવાથી તેનો આકાર 'હીરા' જેવો બને છે. માટે તેને સંસ્કૃતમાં 'જંબુદ્વિપ' પણ કહે છે જેનો વિગતે પરિચય આપણે નીચે મુજબ મેળવીએ.

### 1.2.1 ભારતનું ભૌગોલિક સ્થાન અને વિસ્તાર :

ભારત ભૌગોલિક સ્થાનની દૃષ્ટિએ પૃથ્વી ગ્રહ ઉપર ઉત્તર ગોળાર્ધમાં એશિયા ખંડના દક્ષિણ ભાગમાં 8.4° ઉત્તર અને 37.6° ઉત્તર અક્ષાંશવૃતો અને રેખાંશની દૃષ્ટિએ 68.7° પૂર્વ રેખાંશથી 97.25° પૂર્વ રેખાંશવૃત્તોની વચ્ચે આવેલો છે. ભારતનો પ્રમાણસમય 82.5° મિનિટ પૂર્વ રેખાંશવૃત્ત છે, જે ભારતના મધ્યભાગ પરથી અલાહાબાદ અને વારણસીની વચ્ચે થઈને પસાર થાય છે.

કટિબંધની દૃષ્ટિએ જોવા જઈએ તો ભારતમાં બે પ્રકારના કટિબંધ જોવા મળે છે. આપણે ભારતના નકશામાં જો નજર કરીએ તો જાણી શકાય કે આપણા દેશમાં

**નકશા નંબર - 1.2.1.1 ભારતનો રાજકીય નકશો**




Source : https://www.mapsofworld.com/lat_long/india-lat-long.html

ઉષ્ણ કટિબંધ 8.4° થી 23.5° ઉત્તર અક્ષાંશવૃતોમાં જોવા મળે છે તો સમશીતોષ્ણ કટિબંધ 23.5° થી 37.6° ઉત્તર અક્ષાંશવૃત્ત પર જોવા મળે છે. આમ ભારત ભૌગોલિક સ્થાનની દ્દષ્ટિએ પણ ખૂબ જ વૈવિધ્યતા ધરાવે છે. આપણે એ બાબતથી પરિચિત થવું જરૂરી છે કે પૃથ્વી એ સૂર્યથી ત્રીજા સ્થાને આવેલ એક માત્ર એવો ગ્રહ છે કે જેની પોતાના આગવી વિશિષ્ટતાના પરિણામે સૌરમંડળમાં એકમાત્ર સજીવ સૃષ્ટિ ધરાવનાર ગ્રહ છે માટે તેને કેટલીક વાર 'ટેરા' નામથી પણ ઓળખવામાં આવે છે. સજીવસૃષ્ટિની ઉત્પત્તિ માટે વૈજ્ઞાનિક ઈષ્ટિબિંદુથી એક ચોક્કસ પ્રકારનું વાતાવરણનું હોવું જરૂરી છે અને તેનો ઉદ્‌ભવ પૃથ્વીની પોતાની ઉત્કેન્દ્રતા, તેના પરિભ્રમણનો વેગ, પરિભ્રમણ સમય, ઢોળાવ, અન્ય ગ્રહોથી તેના મુખ્ય ગૌણ અક્ષ વગેરે બાબતો તેના માટે જવાબદાર છે. આપ સૌ એ પૃથ્વીના ગોળાને જોયો જ હશે અને જો ના જોયો હોય તો હવે જોવો જરૂરી છે કે તે તમને સીધો નહીં પણ સહેજ

નમેલો જોવા મળશે. જે બાબત દર્શાવે છે કે પૃથ્વી પોતાની ધરી ઉપર 23.5° ના ખૂણે તેની ભ્રમણકક્ષાએ સહેજ કાટખૂણે નમેલી છે અને તેને લઈને જ આપણે વર્ષ દરમિયાન જુદી-જુદી ઋતુઓનો અનુભવ કરીએ છીએ. જોકે આ બાબતની આપણે આગળ વધુ સારી રીતે ચર્ચા કરીશું.

વિદ્યાર્થી મિત્રો એ બાબત જાણવી જરૂરી છે કે પૃથ્વીના ગોળા પર જે આડી રેખાઓ દોરેલી છે તેના આધારે પૃથ્વીના સ્થાનોનો વૃત્તિય વિસ્તાર નક્કી થતો હોય છે. સામાન્ય રીતે આ રેખાઓને આપણે ભૂગોળની પરિભાષામાં અક્ષાંશવૃત્ત તરીકે ઓળખીએ છીએ. આ આક્ષાંશવૃત્તોના આધારે જ આપણે કર્કવૃત્ત, મકરવૃત્ત અને વિષુવવૃત્ત એમ ત્રણ પ્રકારના વૃત્તથી આપણે સારી રીતે પરિચિત છીએ. આ ત્રણ વૃતોમાંથી ભારતની મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે અને રાજ્યોની દૃષ્ટિએ જોવા જઈએ તો ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને મિઝોરમમાંથી કર્કવૃત્ત પસાર થાય છે વિદ્યાર્થી મિત્રો આ બાબતને આપણે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે પણ યાદ રાખવી જરૂરી છે.

ક્ષેત્રફળની દૃષ્ટિએ જોવા જઈએ તો ભારત પૃથ્વી પરના કુલ ક્ષેત્રફળમાંથી 32,87,263 ચો.કિમીનું ક્ષેત્રફળ ધરાવે છે. સમગ્ર વિશ્વમાં ભારત ક્ષેત્રફળની દૃષ્ટિએ સાતમા સ્થાને છે તો પ્રથમ સ્થાને કયો દેશ હશે ? છે ને રસપ્રદ પ્રશ્ન ? જો કે આ પ્રશ્નનો ઉત્તર તમારે વિશ્વના નકશાને હાથમાં લઈને શોધવાનો છે જો દેશના કુલ ક્ષેત્રફળને આડી-ઊભી લંબાઈ પ્રમાણે જોવા જઈએ તો ભારત ઉત્તર-દક્ષિણ (કશ્મીર થી કન્યાકુમારી) 3214 કિ.મી જેટલી અને પૂર્વ-પશ્ચિમ (ગુજરાતથી પશ્ચિમ બંગાળ) 2933 કિલોમીટર જેટલી લંબાઈ ધરાવે છે. આ ક્ષેત્રફળને નકશાના આકારમાં જોઈએ તો ભારતનો આકાર એક પોલિશ્ડ કરેલા રાઉન્ડ શેપના હીરા જેવો ભાસે છે. ભારતના નક્શા મુજબ કહીએ તો દેશનો કેટલાંક વિસ્તાર જમીનસીમાથી જોડાયેલ જોવા મળે છે. તો કેટલોક વિસ્તાર અરબસાગર અને હિંદ મહાસાગરની દરિયાઈ સીમા ધરાવતો જોવા મળે છે. તો અહીં ભારતની જમીનસીમા 15,200 કિમીની અને દરિયાઈ સીમા 7516 કિ.મી.ની છે.

સીમાક્ષેત્રની દૃષ્ટિએ જોવા જઈએ તો ભારત ચારે બાજુએ કુદરતી સીમાઓથી રખાયેલ વિશાળ દ્વિપ છે. ભારતની ઉત્તરે વિરાટ હિમાલય આવેલો છે. જેની દુર્ગમ પર્વતમાળાઓ ભારતને કુદરતી હોનારતોથી બચાવીને પોતાની બાહુમાં સુરક્ષા પ્રદાન કરે છે. તો દક્ષિણ વિભાગમાં હિંદમહાસાગર પણ આપણું પ્રાકૃતિક રક્ષા કવચ છે. પૂર્વ દિશામાં આવેલા ગાઢ જંગલો અને પશ્ચિમમાં આવેલ વિશાળ રણપ્રદેશ ભારતની આગવી ઓળખ છે. જેની ઊંડાણથી સમજ આપણે આગળના પેટા વિભાગમાં આપણે કરીશું. જો કે ભારતને કેટલાક દેશોના સીમાડાઓ પણ સ્પર્શે જ છે, જેમાં વાયવ્યે હિન્દુસ્તાનમાંથી જ છૂટું પડેલ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન, ઉત્તર દિશાની સીમાએ ચીન, નેપાળ અને ભૂટાન, પૂર્વ દિશાના સીમાડાઓ બાંગ્લાદેશ અને મ્યાનમાર તેમજ દક્ષિણ દિશાએ શ્રીલંકા આવેલ છે. આમ ભારતને 8 દેશોની સીમાઓ સ્પર્શે છે.

**1.2.2 ભારતનું ભૂપુષ્ઠ:**

આપણે હવે ભારતને ભૂપુષ્ઠતાની દૃષ્ટિએ ઓળખવાનો પ્રયત્ન કરીએ. ભારતની ભૌગોલિક પરિચયમાં ભૂપુષ્ઠતાનો પરિચય આપણને જ્ઞાનની સાથે-સાથે એક આનંદમય સફરનો અનુભવ કરાવે છે. ભૂપુષ્ઠતાની દૃષ્ટિએ જોવા જઈએ તો ભારતને પાંચ ભાગમાં વહેંચી શકાય.

**1.2.2.1 ઉત્તરનો હિમાલયનો પર્વતીય પ્રદેશ**

ભૌગોલિકકાળની દૃષ્ટિએ તમામ ગિરિમાળાઓમાં સૌથી ઓછી આયુ ધરાવનાર ગિરિમાળા એટલે હિમાલયની પર્વતમાળા આ ગિરિમાળા ખૂબ જ નયનરમ્ય છે કે જેને દેશના અર્થતંત્રને આર્થિક, રાજકિય અને અનેક પ્રાકૃતિક લાભો ભારતને પ્રદાન કર્યો છે. આ પર્વતમાળા કશ્મીરથી અરૂણાચલ પ્રદેશ સુધી 2400 કિ.મીની લંબાઈમાં પથરાયેલ છે જે આપણને ઉત્તરધ્રૂવ તરફથી ફૂંકાતા ઠંડાગાર પવનોથી બચાવે છે. તો બીજી તરફ ચીન અને ભારતની સીમાની મધ્યે અભેદ્ય કુદરતી દિવાલ બીજાને રાજકીય સીમાની ગરજ પણ સારે છે. આજ ગિરિમાળામાં વિશ્વનું સૌથી ઊંચુ શિખર ‘માઉન્ટ

એવરેસ્ટ' આવેલ છે. જો કે તે નેપાળની સીમામાં છે. પરંતુ તે સિવાય માઉન્ટ ગોડિવન ઓસ્ટિન, જંગા પર્વત, નંદાદેવી, કાંચનગંગા જેવા મહત્ત્વના શિખરો આવેલા છે તો પૂર્વ હિમાલયના પ્રદેશમાં નાગા, ગારો, ખાસી, પાતકઈ, મિકો, જૈતિયાની ટેકરીઓ આવેલી છે. આ પર્વતમાળામાં ભારતના સુંદર ગિરિ નગરો જેવા કે શ્રીનગર, શિમલા, મસૂરી, નૈનિતાલ, અલ્મોડા, દાર્જલિંગ આવેલા છે. જ્યાં પર્યટન ઉદ્યોગ ખૂબ જ વિકાસ પામ્યો છે આ ઉદ્યોગનું ભારતીય અર્થતંત્રમાં ખુબ જ મહત્ત્વનું યોગદાન છે.

### 1.2.2.2 ઉત્તર-મધ્યનો મેદાની પ્રદેશ

મેદાની પ્રદેશનો જન્મ નદીઓના વહેણમાંથી સર્જાયેલ છે. આપણે આગળ જોઈ ગયા કે હિમાલય એક બરફ આચ્છાદિત પ્રદેશ છે. જેમાંથી ગંગા, સતલુજ, બ્રહ્મપુત્રા જેવી મોટી નદીઓના વહેણના કારણે જ આ ફળદ્રુપ કાંપના મેદાની પ્રદેશોનો જન્મ થયો છે, જે ખેતીની દૃષ્ટિએ સૌથી યોગ્ય વિસ્તાર છે આ પ્રદેશ આશરે 7 લાખ ચોરસ કિ.મીનો વિસ્તાર ધરાવે છે. આ પ્રદેશમાં ભારતના ઔદ્યોગિક દૃષ્ટિએ મહત્ત્વના શહેરો જેવા કે આગરા, લખનઉ, કાનપુર, વારણસી, પટના, અલાહાબાદ, કોલકત્તાનો જન્મ થયો છે, જે આજે ભારતીય અર્થતંત્રનું હબ કહેવાય છે.

### 1.2.2.3 દક્ષિણનો ઉચ્ચ પ્રદેશ

દક્ષિણના ઉચ્ચ પ્રદેશની શરૂઆત ઉત્તર-મધ્યના મેદાની પ્રદેશ બાદ થાય છે. આ પ્રદેશમાં સાતપુડા મહાદેવ, મૈકલ અને રાજમહલના ડુંગરો આવેલા છે. આ પ્રદેશની ગિરિમાળાઓમાં પશ્ચિમ વિસ્તારમાં ભોરઘાટ, થળઘાટ અને પાલઘાટ આવેલા છે આ ઘાટીઓ મેંગનિઝ, બોકસાઈટ, અબરખ જેવી પ્રાકૃતિક સંપદાથી પ્રચૂર છે.

### 1.2.2.4 દરિયા કિનારાનો પ્રદેશ

આ પ્રદેશને નિહાળવા માટે આપણે જો નક્શામાં નજર કરીએ તો ખ્યાલ આવે છે. દક્ષિણ ભારતને દરિયાઈ સીમાનો ગિભેટો જોવા મળે છે. અહીં પૂર્વમાં બંગાળનો ઉપ-સાગર, પશ્ચિમમાં અરબ સાગર અને દક્ષિણમાં હિંદ મહાસાગરથી સમગ્ર દક્ષિણ ભારત રચાયેલ છે. આ સીમાના દરિયા કિનારે મેદાની પ્રદેશ અને બંદરોનો પણ સારો વિકાસ થયો છે જેને બે ભાગમાં ઓળખાવી શકાય.

**1) પૂર્વ કિનારો :**

પૂર્વ કિનારે દરિયાઈ મેદાની પ્રદેશ બંગાળની ખાડી અને પૂર્વઘાટની વચ્ચે બને છે તો અહીં કોલકતા, વિશાખાપટ્ટનમ, પારાદ્વિપ, ચેન્નાઈ, હલ્દિયા, તુતીકોરીન બંદરો પણ વિકસ્યા છે, જે ભારતને જળમાર્ગ દ્વારા પૂર્વોત્તર દેશો સાથે વેપાર વાણિજ્યના માધ્યમથી જોડે છે.

**2) પશ્ચિમ કિનારો :**

ભારતના પશ્ચિમ દરિયાઈ કિનારે અરબી સમુદ્ર અને પશ્ચિમઘાટની વચ્ચે મેદાની પ્રદેશ જોવા મળે છે આ પ્રદેશમાં કાલીકટ, કોચી, માર્મગોવા, મુંબઈ, મેંગ્લોર, મુંબઈ અને કંડલા જેવા મોટા વેપારી બંદરો વિકસ્યા છે. જે ભારતને પશ્ચિમી દેશો સાથે જળમાર્ગથી જોડે છે.

### 1.2.2.5 રણ પ્રદેશ

ભારતની ભૂપુષ્ઠતામાં રણ પ્રદેશ માત્ર પશ્ચિમ ભાગમાં જ બન્યો છે. અહીં રાજસ્થાન અને ગુજરાતના કચ્છ જિલ્લાના શુષ્ક ભાગોમાં રણ પ્રદેશ જોવા મળે છે. અહીં થરનું રણ અને કચ્છનું રણ આવેલું છે.

### 1.2.3 ભારતની આબોહવા

આબોહવા શબ્દ સાંભળતા જ આપના મનમાં એક પ્રશ્ન ઊઠ્યો હશે કે આબોહવા કોને કહેવાય ? તો અહીં પહેલા આપણે એ બાબતથી પરિચિત થઈ જઈએ કે કોઈપણ પ્રદેશમાં લાંબા સમયથી ભેજ, તાપમાન, વરસાદની સ્થિતિ વગેરે બાબતોથી જે વાતાવરણ બને છે, તે જે-તે પ્રદેશની આબોહવા બને છે અને તેના આધારે જ ઋતુ ચક્રનો જન્મ થાય છે.

તો આપણે આગળ જોઈ ગયા કે ભારત પ્રાકૃતિક દૃષ્ટિએ ખૂબજ વૈવિધ્યતા ધરાવતો દેશ છે. માટે એક

જ દેશની આબોહવા પણ સમાન કેવી રીતે હોઈ શકે ? માટે જ ભારતમાં ત્રણેય પ્રકારની ઋતુઓ આપણને જોવા મળે છે.

**1) શિયાળો :**

ભારતમાં આપણને શિયાળો ડિસેમ્બર થી ફેબ્રુઆરી માસ દરમિયાન અનુભવાય છે આ ઋતુમાં આબોહવા શુષ્ક અને ઠંડી હોય છે. અહીં હિમાલયમાં થતી હિમવર્ષાની અસર સમગ્ર ઉત્તર ભારતમાં અનુભવાય છે. આ સમયે ઈશાન દિશાના પવનો જોવા મળે છે. આ ઋતુમાં જ આપણને પાનખર અને વસંતઋતુ જોવા મળે છે.

**2) ઉનાળો :**

આ ઋતુનો સમયગાળો માર્ચ થી મે સુધીનો હોય છે આ ઋતુમાં તાપનું પ્રમાણ વધારે હોવાથી લૂ ના પવનો ઉત્તર અને દક્ષિણ ભારતમાં ફૂંકાય છે. આ ઋતુમાં દિવસ સામાન્ય રીતે લાંબો અને રાત ટૂંકી જોવા મળે છે. આ સમયગાળામાં ભારતના રણપ્રદેશ વિસ્તાર કચ્છ, રાજસ્થાન અને તેના આસ-પાસના પ્રદેશોમાં વધારે ઊંચુ તાપમાન હોય છે. સમગ્ર ભારતમાં ઉનાળામાં રાજસ્થાનના ગંગાનગરમાં વધુ ઊંચું તાપમાન જોવા મળે છે.

**3) ચોમાસુ :**

ભારત એક ખેતીપ્રધાન દેશ હોવાથી આ ઋતુનું ભારત માટે કેટલું મહત્ત્વ હોય છે. તે આપ એક અર્થશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે જાણતા હશો. આ ઋતુનો સમયગાળો જૂનથી સપ્ટેમ્બરનો જોવા મળે છે. ભારતમાં ચોમાસાની શરૂઆત દક્ષિણ દિશામાંથી થાય છે. અને તેને ધીમે-ધીમે નૈઋત્યના મોસમી પવનો ઉત્તર તરફ આગળ ધકેલે છે. ભારતમાં જે જગ્યાએ ઉચ્ચ પ્રદેશો, પર્વતો અને જંગલોનું પ્રમાણ વધારે છે. તેવા મેઘાલય, અસમ જેવી જંગલની ઘાટી પ્રદેશોમાં વરસાદનું પ્રમાણ વધારે જોવા મળે છે.

**4) પાછા ફરતા મોસમી પવનોના ઋતુ :**

આ ઋતુ તમિલનાડુ અને તેના કિનારાના પ્રદેશોની મુખ્ય વર્ષાઋતુ છે આ ઋતુનો સમયગાળો ઓક્ટોમ્બર-નવેમ્બરનો છે. આને પાછા પરતા મોસમી પવનોની ઋતું તરીકે એટલા માટે ઓળખાય છે કે આ સમયગાળામાં ચોમાસામાં નૈઋત્યના જે પવનો દરિયાય સપાટી પરથી ભૂસપાટી પર ફૂંકાય છે તે પુનઃજમીનભાગ પરથી દરિયાઈ વિસ્તાર તરફ પાછા વળે છે. આ પાછા વળતા પવનો બંગાળાની ખાડી પરથી પસાર થઈને આવતા હોવાથી ત્યાંથી તે ભેજવાળા બને છે અને દક્ષિણના ભાગોમાં વરસાદ લાવે છે.

આમ આપ સૌએ જોયું કે ભારતમાં આબોહવાને પરિણામે ચાર પ્રકારની ઋતુઓ જોવા મળે છે. જો કે દેશ બે પ્રકારનો કટિબંધ ધરાવતો હોવાથી આ ઋતુઓની શરૂઆત દેશના જૂદા જૂદા પ્રદેશોમાં સમયની દૃષ્ટિએ કદાચ વહેલી - મોડી જોવા મળે છે

### 1.2.4 ભારતની મહત્ત્વની નદીઓ

ભારત વિશ્વનો એક એવો દેશ છે કે જેને પ્રકૃતિએ માનવજીવનને લગતી આપેલ અણમોલ ભેટને ઈશ્વરીય બિરુદ આપ્યું છે. તે રીતે ભારતે નદીઓને પણ લોકમાતાનું બિરુદ આપેલું છે. નીચેના કોષ્ટકમાં આપણે નજર કરીશું તો આપણને ભારતની કેટલીક મહત્ત્વની નદીઓનો પરિચય મળશે.

**કોષ્ટક નં : 1.2.4.1 ભારતની મહત્ત્વની નદીઓ**

| ક્રમ | નદીનું નામ | નદીની લંબાઈ (કી.મી.) | નદીનું ઉદભવ સ્થાન | વહેણમાં આવતા રાજ્યો |
|---|---|---|---|---|
| 1 | બ્રહ્મપુત્ર | 2580 (ભારતમાં 1346) | કોંગ્યુંત્શો પર્વત | અરુણાચલ પ્રદેશ, અસમ |
| 2 | સિંધુ | 2880 (ભારતમાં 709) | માનસરોવર | જમ્મુ અને કશ્મીર |
| 3 | ગંગા | 2525 | ગંગોત્રી | ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ |
| 4 | ગોદાવરી | 1465 | ત્ર્યંબકના ડુંગર | મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ |
| 5 | યમુના | 1384 | યમુનોત્રી | હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ |
| 6 | સતલુજ | 1050(ભારતમાં) | રાકસ સરોવર | હિમાચલ પ્રદેશ, પંજાબ |
| 7 | તાપી | 724 | ગાવીલગઢની ટેકરીઓ | મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત |
| 8 | કૃષ્ણા | 1400 | મહાબળેશ્વર | મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ |
| 9 | ચંબલ | 965 | જાનાપાવ ડુંગર | મધ્યપ્રદેશ |
| 10 | ચિનાબ | 1180 | લાહુંલ (હિમાચલ પ્રદેશ) | હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કશ્મીર |
| 11 | ધાધરા | 1080 | રાક્સ સરોવર | ઉત્તર પ્રદેશ, બિહાર |
| 12 | મહી | 858 | સિંહાવ વિસ્તાર | છત્તીસગઢ, ઓરિસ્સા |
| 13 | ગોમતી | 800 | પીલીભીત | ઉત્તર પ્રદેશ |

Source : ડૉ.આર.સી.તિવારી, ભારત કા ભૂગોલ, પ્રયાગ પુસ્તક ભવન, અલહાબાદ, આવૃત્તિ-2011

ઉપરોક્ત નદીઓ ભારતની પ્રમુખ નદીઓ છે. તે સિવાય પણ સોન, વેરી, નર્મદા, રાવી, ઝેલમ, દામોદર વગેરે નદીઓ પણ ખૂબ જ લાંબુ વહેણ વધારે છે. આ નદીઓ ઉપર ભાખડાનંગલ, દામોદર ઘાટી, નર્મદા ખીણ, ગંડક, ટિહરી, હીરાકુંડ, રિહંદ, નાગાર્જૂન, ચંબલ, ઉકાઈ, કાકરાપાર, કોસી, મહી, ફરક્કા, શિવસમુદ્ર, ઈન્દિરા ગાંધી નહેર વગેરે ભારતની મુખ્ય બહુહેતુક યોજનાઓ આવેલ છે. જે ભારતને અવિરત પાણીનો પુરવઠો પૂરો પાડે છે.

### 1.2.5 ભારતની કુદરતી સંપત્તિ

પૃથ્વીની ઉત્પત્તિની સાથે જે ચોક્કસ પ્રક્રિયા થઈ તેના આધારે લાંબાગાળે પ્રાકૃતિક સંપત્તિનો જન્મ થયો. આ કુદરતી સંપત્તિ મૂળભૂત રીતે એક સંસાધનના સ્વરૂપમાં જ પ્રાપ્ત થઈ. પરંતુ વિજ્ઞાનના આવિષ્કારે તેમાં માનવ ઉપયોગી ફેરફારો કરી માનવના જીવનને સહેલું બનાવવાના પ્રયત્નો કર્યા. આ સંપત્તિને આપણે અર્થશાસ્ત્રની દૃષ્ટિએ જો વહેંચવી હોય તો આપણે ત્રણ ભાગમાં વહેંચી શકીએ.

### 1.2.5.1 કૃષિક્ષેત્રની દૃષ્ટિએ

જમીનએ કુદરત પાસેથી પ્રાપ્ત થયેલ એક એવુ સંસાધન છે કે જેમાં કુદરત પાસેથી સીધા મૂળભૂત અવિનાશી તત્ત્વો રહેલા હોય છે. આ માટે જ આપ સૌ અર્થશાસ્ત્ર વિષયનો આગળ અભ્યાસ કરશો તેમ-તેમ જાણવા મળશે કે ભાડાના સિદ્ધાંતમાં આ બાબતની ખૂબ જ ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. જેને ટૂંકમાં કહેવું હોય તો કરી શકાય કે જમીનને ભાડું તેની અંદર રહેલા મૂળભૂત અવિનાશી તત્ત્વોના વપરાશ કરવા બદલ આપવામાં આવે છે. કેટલીકવાર એક જ પ્રદેશની જમીનમાં પણ આ તત્ત્વોનું પ્રમાણ અસમાન રીતે હોવાથી જમીનમાં પણ ફળદ્રુપતાની દૃષ્ટિએ પ્રકારો જોવા મળે છે અને તેના આધારે તે જમીનનું ઉપયોગિતાપણું પણ બદલાતું હોય છે. ભારતમાં ખાસ કરીને જમીન સંપત્તિમાં નીચે મુજબના પ્રકારો જોવા મળે છે.

#### 1.2.5.1.1 કાંપની જમીન

આ એક ફળદ્રુપ જમીનનો પ્રકાર છે જે ખેતીની દૃષ્ટિએ ઉત્તર જમીન કહેવાય. ભારતના મોટા ભાગમાં આ પ્રકારની જમીન જોવા મળે છે. આ જમીન નદી કિનારાના મેદાની પ્રદેશમાં આ જમીન જોવા મળે છે. આ કાંપની જમીનને હજુ પણ બે નાના પ્રકારોમાં વહેચી શકાય.

(1) બાંગર અને (2) ખદર

બાંગર જમીન આપણને નદીના ઉપરવાસમાં આવેલ મેદાની પ્રદેશમાં જોવા મળે છે અને જે નદીના જૂના કાંપમાંથી બનેલી હોય છે. જ્યારે ખદર જમીન નદીઓમાં રહેલા નિક્ષેપોથી બનેલ હોય છે. આ જમીન પ્રમાણમાં રેતાળ પ્રકારની હોય છે. જ્યારે બાંગર જમીન ચીકણી અને ઘેરા રંગની જોવા મળે છે. આ જમીનો મુખ્યત્ત્વે ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબ, પશ્ચિમ બંગાળમાં જોવા મળે છે.

#### 1.2.5.1.2 કાળી જમીન

કાળી જમીનનો ઉદ્ભવ રૂપાંતરિત ખડકોમાંથી થયેલો છે. આ જમીનની ભેજ સંગ્રહશક્તિ વધુ હોવાથી તે ચિકાસયુક્ત જોવા મળે છે. આ જમીનને બીજા શબ્દોમાં 'રેગુર' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પણ એક પ્રકારની ફળદ્રુપ જમીન છે. અને ખાસ કરીને કપાસ અને શેરડીના પાક માટે ખુબજ અનુકૂળતા ધરાવે છે. આ જમીન મુખ્યત્ત્વે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ, તેલંગણાં, રાજસ્થાનમાં વિશેષ જોવા મળે છે.

#### 1.2.5.1.3 લેટેરાઈટ જમીન

લેટેરાઈટ જમીનનો ઉદ્ભવ ઢોળાવવાના પ્રદેશોમાં અતિ વરસાદના કારણે જમીનના પડમાંથી મૂળભૂત તત્ત્વોના ધોવાણમાંથી બને છે. ફળદ્રુપતાની દૃષ્ટિએ આ જમીન ખૂબ જ ઓછી ફળદ્રુપ જમીન છે. દેખાવમાં તે રાતી હોય છે આ જમીનને પડખાઉ જમીન તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રકારની જમીન અરૂણાચલ પ્રદેશ, કેરલ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, ગોવા, અસમ અને મેઘાલયમાં જોવા મળે છે.

#### 1.2.5.1.4 પર્વતીય જમીન

આ જમીન ખાસ કરીને ભારતના પર્વતીય વિસ્તારોમાં જોવા મળે છે. જેમ કે જમ્મુ-કશ્મીર, હિમાલય, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ જેવા પર્વતીયાળ વિસ્તારોમાં આ જમીન જોવા મળે છે. આ જમીન પણ પ્રમાણમાં ઓછી ફળદ્રુપ હોય છે. જેમ છતાંય પ્રત્યેક પ્રદેશની પોતાની આગવી વિશિષ્ટતા અને સ્થાનિક બજારોને આધિન આવી જમીનનો કેટલાંક ભાગ સમતલ કરીને પાક, અનાજ, ફળ ફુલોનું ઉત્પાદન મેળવતા હોય છે.

#### 1.2.5.1.5 રેતાળ જમીન

આ જમીન ખાસ કરીને રણ વિસ્તારમાં અને તેની આજુ-બાજુના પ્રદેશમાં વધુ જોવા મળે છે. આ જમીન બીનફળદ્રુપ જમીન છે. જેમાં માટીનું પ્રમાણ ઓછું અને રેતીનું પ્રમાણ વધારે હોય છે. આ પ્રકારની જમીનમા સેન્દ્રિય તત્ત્વોના અભાવના પરિણામે તેની ભેજ ધારણ શક્તિ હોતી નથી. માટે આ પ્રકારની જમીનને ખેતી યોગ્ય જમીન કહી શકાય નહીં. આ જમીન રાજસ્થાન અને ગુજરાત તેમજ તેના આજુ-બાજુના પ્રદેશોમાં જોવા મળે છે.

અહીં આપણે જોયું કે કુદરતી સંપત્તિ કૃષિક્ષેત્રે કેવા અલગ-અલગ પ્રકારે જોવા મળે છે અને તેની વિવિધતાના કારણે ભારતમાં જુદા-જુદા પ્રદેશોમાં જુદા-જુદા ધાન્ય, કઠોળ, બાગાયતી પાક અને તેજાના પાકે છે અને તેના થકી ભારતીય અર્થતંત્ર સ્વાવલંબન ઉપરાંત નિકાશ કાર્ય વિદેશી હૂંડિયામણની પ્રાપ્તિ કરે છે.

### 1.2.5.2 ઔદ્યોગિક ક્ષેત્રની દૃષ્ટિએ

ભારતમાં પ્રાકૃતિક સંપત્તિ જુદા-જુદા પ્રદેશોમાં જુદા-જુદા સ્વરૂપે મળી આવી છે. અગાઉ આપણે પ્રાકૃતિક સંપત્તિના એક પ્રકારને કૃષિની દૃષ્ટિએ મૂલવ્યો. હવે આપણે અહિ પ્રાકૃતિક સંપત્તિમાં જુદા-જુદા સ્વરૂપે રહેલા તત્ત્વો અને ધાતુઓના વૈવિધ્યકરણે અને તેને ઉપયોગી વસ્તુના બીબામાં ઢાળવાની પ્રક્રિયાએ દેશમાં ઔદ્યોગિક ક્ષેત્રનો ઉદય કર્યો છે. આજે ભારતમાં ખનીજસંપત્તિ વિવિધ પ્રકારે અને સ્વરૂપે જોવા મળે છે. ભારત સમગ્ર વિશ્વમાં અબરખના ઉત્પાદન અને અનામત જથ્થાની દૃષ્ટિએ

પ્રથમ સ્થાને છે તો લોખંડ-પોલાદની દૃષ્ટિએ જોવા જઈએ તો દુનિયાના કુલ લોખંડનો 1/4 ભાગ ભારત પાસે અનામત છે. મેંગેનિઝ અને બોક્સાઈટ ના જથ્થાની દૃષ્ટિએ ભારત વિશ્વમાં ત્રીજું સ્થાન ધરાવે છે તે ઉપરાંત ભારત સોનું, હીરા, જસત, તાંબુ જેવા ધાતુઓ યુરેનિયમ, થોરિયમ, જિપ્સમ જેવા રસાયણો ચૂનાના પથ્થર, આરસપહાણ, કોલસો જેવા ખનિજો ખનીજતેલ જેવી પ્રવાહી સંપત્તિ આપણને કુદરત પાસેથી અમૂલ્ય ભેટ સ્વરૂપે પ્રાપ્ત થઈ છે. અને તેના ઉપર ટેક્નોલોજીનો ઉપયોગ કરી ભારત ઔદ્યોગિક ક્ષેત્રે એક નવી જ સિદ્ધિ હાંસલ કરેલ જોવા મળે છે.

ભારત વિવિધ ખનીજસંપત્તિના ઉત્પાદનમાં વૈશ્વિક સ્તરે ક્યાં છે. અને વિશ્વના કુલ ઉત્પાદનમાં આપણા દેશનો કેટલો ફાળો છે. તેની માહિતી આપણને નીચેના કોષ્ટકમાંથી મળે છે.

**કોષ્ટક નં : 1.2.5.2.1 ભારતની ખનિજ સંપત્તિનું વૈશ્વિક સ્તરે સ્થાન (2015માં)**

| Commodity | Unit of Quantity | Production | | Contribution (Percentage) | India's rank in order of quantum of production |
|---|---|---|---|---|---|
| | | World | India* (2014-15) | | |
| Mineral Fuels | | | | | |
| Coal & lignite | Million tonnes | 7,860 | 683 | 8.13 | 3rd |
| Petroleum (crude) | Million tonnes | 4,225 | 37 | 0.88 | 23rd |
| Metallic Minerals | | | | | |
| Bauxite | '000 tonnes | 2,94,074 | 28,134 | 9.57 | 4th |
| Chromite | '000 tonnes | 35,300 | 2,894 | 8.20 | 4th |
| Iron ore | Million tonnes | 3,328 | 156 | 4.69 | 4th |
| Manganese ore | | 53,200 | 2,148 | 4.04 | 6th |
| Industrial Minerals | | | | | |
| Kyanite, andalusite & sillimanite | '000 tonnes | 390 | 73 | 18.72 | 3rd |
| Magnesite | '000 tonnes | 44,900 | 265 | 0.59 | 11th |
| Apatite&rock | '000 tonnes | 2,65,140 | 1,474 | 0.56 | 16th |
| phosphate | | | | | |
| Metals | | | | | |
| Aluminium | '000 tonnes | 57,670 | 2,355 | 4.08 | 5th |
| Copper (refined) | '000 tonnes | 22,900 | 790 | 3.45 | 7th |
| Steel (crude/liquid) | Million tonnes | 1,620 | 90 | 5.56 | 3rd |
| Lead (refined) | '000 tonnes | 10,700 | 145 | 1.36 | 14th |
| Zinc (slab) | '000 tonnes | 13,227 | 759 | 5.74 | 5th |

#### 1.5.5.3 પર્યટનક્ષેત્રની દૃષ્ટિએ

ભારતમાં પ્રાકૃતિક સૌંદર્યતાના કારણે ભારતમાં પર્યટન ઉદ્યોગોનો ખૂબ જ સારો વિકાસ થયો છે. ભારતમાં આંતરરાષ્ટ્રિય સ્તરેથી લોકો મનોરંજન, અભ્યાસ, વિશેષ જાણકારી કે ફુરદના સમયને વિતાવવા માટે ભારતના કુદરતી સૌંદર્યથી ભરપુર પ્રદેશોની મુલાકાત લેતા હોય છે. જેના પરિણામે ભારતમાં પર્યટન ઉદ્યોગનો વિકાસ થયો છે. આ ઉદ્યોગનો વ્યાપ વિસ્તરવાના પરિણામે સેવાક્ષેત્રનો પણ વિકાસ થયેલો જોવા મળે છે. ભારતમાં જ્યાં-જ્યાં પર્યટન ઉદ્યોગનો ઉદ્ય થયેલો જોવા મળે છે. ત્યાં-ત્યાં હોટેલો, પ્રાદેશિક વૈવિધ્યતા ધરાવતી ચીજ વસ્તુઓ અને આભૂષણોના બજારો, ખાણી-પીણીના બજારો, બેંકો, વીમા કંપનીઓ, વાહનવ્યવહારના સાધનોની વૃદ્ધિ થવાને પરિણામે દેશની રાષ્ટ્રીય આવક વધવાની સાથે-સાથે રોજગારીની તકોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આપણને પર્યટન ઉદ્યોગમાં પૌરાણિક સ્થળો, કલા, સ્થાપત્ય, પ્રાચીન ઈમારતો, રાષ્ટ્રિય ઉદ્યાનો, વન્ય પ્રાણિઓના અભ્યારણો, નદીઓના સંગમ સ્થાનો અને નદી કિનારા, દરીયા કિનારા, પર્વતમાળાઓ જળસૃષ્ટિ, વન્યસૃષ્ટિ, સનસેટ પોઈન્ટ, ઈકો ટુરિઝમ તરીકે વિકસેલ સ્થળોનો સમાવેશ કરી શકાય.

## 1.3 ભારતના રાજ્યો

ભારત દેશ 29 રાજ્યો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશો ધરાવે છે. જો કે ભારતીય અર્થતંત્રનો મુખ્ય વ્યવસાય ખેતી છે. જે દેશના 57% કરતાં વધુ શ્રમિકોને રોજગારી પૂરી પાડે છે. આપણે કોષ્ટક નંબર 1.3.1માં નજર કરીશું તો ખ્યાલ આવશે કે ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો કુલ કેટલી વસ્તી ધરાવે છે ? તેનું ભૌગોલિક ક્ષેત્રફળ કેટલું છે ? તેની રાજધાની, વસ્તીગીચતા વગેરે બાબતોનો પરિચય કોષ્ટક મુજબ છે.

**કોષ્ટક નં : 1.2.4.1 ભારતના રાજ્યોની માહિતી**

| ક્રમ | નામ | પ્રકાર | પાટનગર | વિસ્તાર (ચોરસ કિ.મી.) | 09/02/2011 ના રોજ આશરે વસ્તી | ચોરસ કિ.મી. દીઠ વસ્તી |
|---|---|---|---|---|---|---|
| 1 | આંદામાન અને નિકોબાર | કેન્દ્રશાસિત પ્રદેશ | પોર્ટ બ્લેર | 8.248 | 379.944 | 46.0649855 |
| 2 | આંધ્રપ્રદેશ | રાજ્ય | હૈદ્રાબાદ (2024 સુધી) | 1,62,97,000 | 495.77(લાખ) | 304 |
| 3 | અરુણાચલ | રાજ્ય | ઈટાનગર | 83,743 | 1,382,611 | 16.510168 |
| 4 | આસામ | રાજ્ય | દિસપુર | 78,438 | 31,169,272 | 397.37464 |
| 5 | બિહાર | રાજ્ય | પટના | 94,163 | 103,804,637 | 1102.39305 |
| 6 | ચંડીગઢ | કેન્દ્રશાસિત પ્રદેશ | ચંડીગઢ | 114 | 1,054,686 | 9251.63158 |
| 7 | છત્તીસગઢ | રાજ્ય | રાયપુર | 135,191 | 25,540,196 | 188.919351 |
| 8 | દાદરા અને નગર હવેલી | કેન્દ્રશાસિત પ્રદેશ | સેલવાસ | 491 | 342,853 | 698.274949 |
| 9 | દમણ અને દીવ | કેન્દ્રશાસિત પ્રદેશ | દમણ | 112 | 242,911 | 2168.84821 |
| 10 | દિલ્હી | કેન્દ્રશાસિત પ્રદેશ | દિલ્હી | 1,483 | 16,753,235 | 11296.8543 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 11 | ગોવા | રાજ્ય | પણજી | 3,702 | 1,457,723 | 393.766343 |
| 12 | ગુજરાત | રાજ્ય | ગાંધીનગર | 196,024 | 60,383,628 | 308.042015 |
| 13 | હરીયાણા | રાજ્ય | ચંદિગઢ | 44,212 | 25,353,081 | 573.443432 |
| 14 | હિમાચલ પ્રદેશ | રાજ્ય | સીમલા | 55,673 | 6,856,509 | 123.156809 |
| 15 | જમ્મુ અને કાશ્મીર | રાજ્ય | શ્રીનગર/જમ્મુ | 101,387 | 12,548,926 | 123,772535 |
| 16 | ઝારખંડ | રાજ્ય | રાંચી | 79,714 | 32,966,238 | 413.556439 |
| 17 | કર્ણાટક | રાજ્ય | બેંગલુરુ | 191,791 | 61,130,704 | 318.736041 |
| 18 | કેરાલા | રાજ્ય | થીરુવનંતપુરમ | 38,863 | 33,387,677 | 859.112189 |
| 19 | લક્ષદ્વિપ | કેન્દ્રશાસિત પ્રદેશ | કવારાટ્ટી | 32 | 64,429 | 2013.40625 |
| 20 | મધ્યપ્રદેશ | રાજ્ય | ભોપાલ | 308,245 | 72,597,565 | 235.519035 |
| 21 | મહારાષ્ટ્ર | રાજ્ય | મુંબઈ | 307,577 | 112,372,972 | 365.349074 |
| 22 | મણિપુર | રાજ્ય | ઈમ્ફાલ | 22,327 | 2,721,756 | 121,904242 |
| 23 | મેઘાલય | રાજ્ય | શિલોંગ | 22,429 | 2,964,007 | 132.150653 |
| 24 | મિઝોરમ | રાજ્ય | ઐઝવાલ | 21,081 | 1,091,014 | 51,7534273 |
| 25 | નાગાલેન્ડ | રાજ્ય | કોહિમા | 16,579 | 1,980,602 | 119.464503 |
| 26 | ઓરિસ્સા | રાજ્ય | ભૂવનેશ્વર | 155,707 | 41,947,358 | 269.399308 |
| 27 | પોંડિચેરી | કેન્દ્રશાસિત પ્રદેશ | પોંડીચેરી | 480 | 1,244,464 | 2592.63333 |
| 28 | પંજાબ | રાજ્ય | ચંડિગઢ | 50,362 | 27,704,236 | 550.101982 |
| 29 | રાજસ્થાન | રાજ્ય | જયપુર | 342,239 | 68,621,012 | 200.506114 |
| 30 | સિક્કિમ | રાજ્ય | ગંગટોક | 7,096 | 607,688 | 85.638106 |
| 31 | તામિલનાડુ | રાજ્ય | ચેન્નાઈ | 130,058 | 72,138,958 | 554.667594 |
| 32 | ત્રિપુરા | રાજ્ય | અગરતલા | 10,486 | 3,671,032 | 350.08888 |
| 33 | ઉત્તર પ્રદેશ | રાજ્ય | લખનૌ | 240,928 | 199,581,477 | 828.386393 |
| 34 | ઉત્તરાખંડ | રાજ્ય | દેહરાદૂન | 53,483 | 10,116,752 | 189.158275 |
| 35 | પશ્ચિમ બંગાળ | રાજ્ય | કોલકત્તા | 88,752 | 91,347,736 | 1029.24707 |
| 36 | તેલંગણા | રાજ્ય | હૈદરાબાદ | 1,12,077 | 3,50,03,694 | 312.00 |
| કુલ | ભારત | દેશ | ન્યુ.દિલ્હી | 3,166,279 | 1,210,193,422 | 382.213135 |

Source : http://gu.vikaspedia.in/agriculture/aaaac2ab0acdab5aadac2aaeabfa95abe

http://www.telangana.gov.in/PDFDocuments/Statistical-Year-Book-2017.pdf

https://core.ap.gov.in/cmdashboard/Download/Publications/Statistical%20Abstract%202018.pdf

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતાં આપણને જાણવા મળે છે કે, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત


પ્રદેશોનું ક્ષેત્રફળ, વસ્તીનું પ્રમાણ રાજ્યો અને કેન્દ્રશાશિત પ્રદેશોનું ક્ષેત્રફળ, વસ્તીનું પ્રમાણ, વસ્તી ગીચતામાં ખૂબ જ ભિન્નતા જોવા મળે છે.

પરંતુ, દેશના અર્થતંત્રમાં GDP અને રોજગારીની દૃષ્ટિએ કેટલાક મહત્ત્વના ચાવીરૂપ રાજ્યો છે, જેમાં પ્રથમ દસ રાજ્યોની હરોળમાં મહારાષ્ટ્ર, તામિલનાડુ, ગુજરાત, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, પશ્ચિમબંગાળ, આંધ્રપ્રદેશ, તેલંગણાં, મધ્યપ્રદેશ અને કેરલનો સમાવેશ થાય છે. આ દશ રાજ્યો આપણા દેશના આર્થિક વિકાસનું એન્જિન છે.

આપણે આગળ જોઈ ગયા કે ભારતમાં પ્રાકૃતિક સંપત્તિના જથ્થાની અનામત અને ઉત્પાદનની દૃષ્ટિએ પણ રાજ્યોનું સ્થાના અલગ છે. આથી નીચે દર્શાવેલ આલેખ નંબર 1.3.1માં ભારતમાં ખનીજના ઉત્પાદનની દૃષ્ટિએ રાજ્યો મુજબ કેટલો ફાળો છે. તેનું ચિત્ર જોવા મળે છે.

**આલેખ નં : 1.3.1 રાજ્યો પ્રમાણે ખનિજ ઉત્પાદન (૨૦૧૭-૧૮)**

**(અણું અને પ્રવાહી બળતણ સિવાય)**



## 1.4 તમારી પ્રગતિ તપાસો

### 1.4.1 નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો

1) આપણા દેશમાં કર્કવૃત્ત કયા કયા રાજ્યોમાંથી પસાર થાય છે.?

..................................................................

..................................................................

..................................................................

2) ભારતની ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ લંબાઈ કેટલી છે.?

..................................................................

..................................................................

..................................................................

3) પાછા ફરતા મોસમી પવનની ઋતુ એટલે શું ? તેનો સમયગાળો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

4) તમારા મતે લેટેરાઈટ જમીન કોને કહેવાય.?

..................................................................

..................................................................

..................................................................

5) કાંપની જમીનના બે પ્રકારો જણાવો.?

..................................................................

..................................................................

..................................................................

### 1.4.2 આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1) ભારતને ગ્રીકભાષામાં કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) હિન્દુસ્તાન (B) ઈન્દોઈ (C) ઈન્ડિયા (D) હિંદભૂમિ

2) ભારત પૃથ્વીના કયા ગોળાર્ધમાં આવેલું છે.

(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ

3) ભારતનું ક્ષેત્રફળ કેટલું છે ?

(A) 30,87,594 (B) 28,97,587 (C) 32,87,263 (D) 22,87,363

4) ભારતની સૌથી લાંબી નદી કઈ ?

(A) ગંગા (B) સિંધુ (C) ગોદાવરી (D) બ્રહ્મપુત્રા

5) ભારત કેટલી દરિયાઈ સીમા ધરાવે છે ?

(A) 7516 (B) 1600 (C) 10,200 (D) 15,200

### 1.4.3 જોડકા જોડો.

| ક્રમ | નદી | - | ઉદગમ સ્થળ |
|---|---|---|---|
| 1 | બ્રહ્મપુત્રા | - A | ગંગોત્રી |

| | | | |
|---|---|---|---|
| 2 | સિંધુ | - B | રાક્સ સરોવર |
| 3 | ગંગા | - C | માન સરોવર |
| 4 | સતલુજ | - D | મહાબળેશ્વર |
| 5 | કૃષ્ણા | - E | કોંગ્યુત્શો પર્વત |

## 1.5 સારાંશ :

આ એકમમાં ભારતીય અર્થતંત્રને ભૌગોલિક દૃષ્ટિએ નિહાળવાના પ્રયત્નો કર્યા છે. જેમાં આપણે ભારત પૃથ્વીના કયા ભૂ ભાગમાં આવેલ છે તે ઉપરાંત ભારતનો ભૌગોલિક વિસ્તાર, ભારતની ભૂપુષ્ઠતા અને આબોહવાની આપણે વિગતે ચર્ચા કરી છે. આ એકમમાં ભારતની મહત્ત્વની નદીઓ, તેની પર્વતમાળા, નદીની લંબાઈ અને ઉદ્‌ગમ સ્થળને પણ આપણે જાણવાના પ્રયત્નો કર્યો છે. આ એકમ અન્વયે ભારતની જમીનને પણ આપણે અલગ-અલગ વિભાગમાં વહેંચી તેની વિશિષ્ટતા જાણી છે. સાથે-સાથે આપણા દેશની કુદરતી સંપત્તિને કૃષિક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્ર અને સેવાક્ષેત્રે વિભાજિત કરી આર્થિક દૃષ્ટિએ દેશના અર્થતંત્રમાં પર્યટન ઉદ્યોગ તરીકે વિકસીને કઈ રીતે મહત્ત્વનો ભાગ ભજવે છે અને તે ઉદ્યોગ કેવી રીતે વિસ્તર્યો છે. તે ઉપરાંત પ્રાકૃતિક સંપદાના જથ્થાના ઉત્પાદનની દૃષ્ટિએ રાજ્યોનો પરીચય તેમજ ભારતના રાજ્યો અને કેન્દ્રસાસિત પ્રદેશોનું ક્ષેત્રફળ, વસ્તીનું પ્રમાણ અને વસ્તીગીચતાને પણ આપણે જાણવાનો પ્રયત્ન કર્યો છે.

ટૂંકમાં, આ એકમ અંતર્ગત ભારતને ભૌગોલિક દૃષ્ટિએ સરળશૈલીમાં ટૂંકાણપૂર્વક અને આર્થિક મહત્ત્વને ધ્યાનમાં રાખીને ઓળખવાનો પૂરતો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## 1.6 ચાવીરૂપ શબ્દો:

(1) અક્ષાંશ : ભૂગોળની પરિભાષામાં પૃથ્વીના ગોળા કે નક્શા ઉપર પૂર્વથી પશ્ચિમ જતી જે સાડી કાલ્પનિક રેખાઓ દોરવામાં આવે છે. તેને અક્ષાંશ રેખાઓ કહેવાય છે.

(2) રેખાંશ : નક્શામાં દોરાયેલ ઉત્તરથી દક્ષિણ તરફની ઊભી કાલ્પનિક રેખાને રેખાંશ કહેવાય અને આ રેખાને આધારે જ પૃથ્વી પર સમય નક્કી થયો હોય છે.

(3) રેગુર : કાળી અને ચિકાસયુક્ત સ્વરૂપ જમીનને રેગુર તરીકે ઓળખવામાં આવે છે.

(4) બાગાયતી ખેતી : સામાન્ય રીતે લાંબા સમય સુધી ઉત્પાદન આપતા પાકો ઉછેરવા માટે જે છોડ કે વૃક્ષની રોપણી કરી જે પાક લેવામાં આવે છે. તેને બાગાયતી ખેતી કહેવાય. આમા ચા, કોફી, કોકો, રબર, નાળિયેર, કેરી, ચીકુ, દાડમ, સફરજન, દ્રાક્ષ, લીંબુ, ખારેક વગેરે ફળોની ખેતીનો સમાવેશ થાય છે.

(5) વિદેશી હૂંડિયામણ : કોઈ એક દેશ અન્ય દેશોમાં નિકાશ કાર્ય તે દેશનું ચલણી નાણું પ્રાપ્ત કરે છે તેને વિદેશે હૂંડિયામણ કહેવાય. આજે સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય વેપારમાં સોદાઓની પતાવટ મોટાભાગે અમેરિકન ડોલરમાં થતી જોવા મળે છે.

(6) ઉદ્યોગ : કાચા માલ પર પ્રક્રિયા કરી તેને અર્ધતૈયાર કે તૈયાર માલમાં રૂપાંતર કરવાની સઘળી પ્રક્રિયાને ઉદ્યોગ તરીકે ઓળખવામાં આવે છે.

(7) સંસાધન : સંસાધન એટલે જે વસ્તુ પર માનવી આશ્રિત કે આધારિત હોય, જેનાથી માનવીની જરૂરિયાતો પૂરી થતી હોય કે માનવ જરૂરીયાત પૂરી કરવા તે

વસ્તુને ઉપયોગમાં લેવાતી હોય ત્યારે તેને સંસાધન કહેવાય છે.

(8) વસ્તી ગીચતા : દર ચોરસ કિલોમીટરે નિવાસ કરતી વસ્તીનું પ્રમાણ એટલે વસ્તી ગીચતા સામાન્ય રીતે આપણે જેમ-જેમ ગ્રામીણ વિસ્તારની શહેરી વિસ્તાર તરફ જઈએ તેમ-તેમ વસ્તી ગીચતા વધતી જાય છે.

## 1.7 કેટલીક ઉપયોગી કડી

- http://gu.vikaspedia.in/agriculture/aaaac2ab0acdab5aadac2aaeabfa95abe
- http://www.telangana.gov.in/PDFDocuments/Statistical-year-book-2017.pdf
- http://core.ap.gov.in/cmdashboard/Download/Publications/Stastistical%20 Abstract%202018.pdf
- Annual Report 2017-18, Miistry of Mines, Government of India
- http://www.mapsofworld.com/lat_long/india-lat-long.html
- ડૉ.આર.સી.તિવારી, ભારત કા ભૂગોલ, પ્રયાગ પુસ્તક ભવન, અલહાબાદ, આવૃતિ-2011
- Dr.D.R.Khullar, India a comprehensive Geography, Kalyani Publisher,2018
- Dr.Alka Gautam, Geography of India, Sharda Publication, Allahabad
- https://gu.wikipedia.org/wiki/%E0/AA%AD%E0%AA%B0%E0%AA%A4
- https://www.gujgovtjob.com/2018/11/free-download-bharatnibhugol-pdf-12-11.html

## 1.8 તમારી પ્રગતિ તપાસોનાં જવાબો.

### 1.4.1 ટૂંકા પ્રશ્નોના જવાબ

જવાબ 1 આપણા દેશમાં કર્કવૃત્ત ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને મિઝોરમમાંથી પસાર થાય છે.

જવાબ 2 ભારતની ઉત્તર-દક્ષિણ લંબાઈ 3214 કિમી અને પૂર્વ-પશ્ચિમ 2933 કિમી લંબાઈ છે.

જવાબ 3 ચોમાસાની ઋતુમાં જે પવનો દરિયાઈ સપાટી પરથી ભૂં સપાટી પર ફૂંકાય છે તે ભૂ-સપાટીથી દરીયાઈ સપાટી તરફ પાછા ફરે છે. તેને પાછા ફરતા મોસમી પવનોની ઋતુ તરીકે ઓળખવામાં આવે છે. તેનો સમયગાળો ઓક્ટોમ્બરથી નવેમ્બરનો છે.

જવાબ 4 ઢોળાવવાના પ્રદેશોમાં અતિવરસાદના કારણે જમીનના પડમાંથી મૂળભૂત તત્ત્વોના ધોવાણમાંથી બનેલ જમીનને 'લેટેરાઈટ જમીન' કહેવાય છે.

જવાબ 5 કાંપની જમીનના બે પ્રકાર (1) બાંગર અને (2) ખદર

### 1.4.2 ના વૈકલ્પિક પ્રશ્નોના જવાબ

પ્રશ્ન નંબર - 1-B, 2-A, 3-C, 4-D, 5-A

### 1.4.3 જોડકાજોડો ના જવાબ

જોડકા નંબર - 1-E, 2-C, 3-A, 4-B, 5-D

**એકમ 2**

# ભારતીય અર્થતંત્રનો પરિચય - 2

## : રૂપરેખા :

**2.0** ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** આર્થિક વિકાસની દષ્ટિએ વિશ્વનાં દેશોનું વર્ગીકરણ

**2.2.1** પ્રથમ વિશ્વના દેશો

**2.2.2** બીજા વિશ્વના દેશો

**2.2.3** ત્રીજા વિશ્વના દેશો

**2.2.4** ચોથા વિશ્વના દેશો

**2.3** વિકાસશીલ અર્થતંત્ર તરીકે ભારતીય અર્થતંત્રનાં લક્ષણો

**2.3.1** વસ્તીવધારો

**2.3.2** શિક્ષણનું અસમાન પ્રમાણ

**2.3.3** બેકારી

**2.3.4** ખેત પધ્ધતિનું રૂપાંતર

**2.3.5** આર્થિક નીતિઓમાં બદલાવ

**2.3.6** ઉત્પાદન પધ્ધતિઓમાં બદલાવ

**2.3.7** આયાત અવેજીકરણ

**2.3.8** કરચોરી અને કાળુનાંણુ

**2.3.9** વિદેશી દેવાની જરૂરિયાત

તમારી પ્રગતિ ચકાસો

**2.4** સારાંશ

**2.5** કેટલાક ચાવીરૂપ શબ્દો

**2.6** કેટલાક ઉપયોગી પુસ્તકો

**2.7** તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો

## 2.0 ઉદ્દેશો:

- આર્થિક વિકાસની દ્રષ્ટીએ વિશ્વનાં દેશોનું વર્ગીકરણ સમજવું.
- વિકસિત, અલ્પવિકસિત અને વિકાસશીલ અર્થતંત્રના ખ્યાલની સમજુતી મેળવવી.
- વિકાસશીલ અર્થતંત્ર તરીકે ભારતીય અર્થતંત્રની સમજણ મેળવવી

## 2.1 પ્રસ્તાવના:

ઈ.સ. 1939 થી 1945 સુધી ચાલેલા દ્વિતિય વિશ્વ યુધ્ધ પછી દુનિયાના દેશોની આર્થિક પરિસ્થિતી, તેઓની અનૂકુળતાઓ, પ્રતિકુળતાઓ અને તેઓની સમસ્યાઓને નજર સમક્ષ રાખીને વિશ્વનાં દેશોને વિકાસની દષ્ટિએ અભ્યાસના હેતુસર વિભાજિત કરવાનાં પ્રયાસો કરવામાં આવ્યા. તેઓના તલસ્પર્શી અભાસનાં પરિપાક રૂપે વિશ્વનાં દેશોને બે વિભાગમાં વહેચી શકાય. વિકસિત દેશો અને અલ્પવિકસિત

દેશો. અલ્પવિકસિત દેશોમાંથી કેટલાક દેશોમાં વિકાસ માટે જરુરી એવી ગર્ભિત શક્તિઓઓ બહાર આવવા લાગી તેમ તેમ વિકાસશીલ દેશો નામની એક નવી કેટેગરી નજર સમક્ષ આવવા લાગી.

## 2.2 આર્થિક વિકાસની દ્રષ્ટ્રીએ વિશ્વનાં દેશોનું વર્ગીકરણ

અર્થતંત્રનાં સ્વરૂપના આધારે દુનિયાના દેશોને ચાર વિભાગમાં વહેંચવામાં આવે છે. તેથી તેને ચતુર્વર્ગીય વર્ગીકરણ પણ કહે છે.

### 2.2.1 પ્રથમ વિશ્વના દેશો :

એવા દેશો કે જે મૂડીવાદી અને બજાર આધારિત અર્થતંત્ર ધરાવે છે. તેમની માથાદીઠ આવક ઘણી ઊંચી છે, લોકોનું જીવન ધોરણ ઉચ્ચ કક્ષાનું હોય છે. તેમાં વિકસિત દેશોનો સમાવેશ થાય છે. જેમ કે, યુ. એસ. એ., યુ. કે., જાપાન વગેરે.

### 2.2.2 બીજા વિશ્વના દેશો:

એવા દેશો કે જે સામ્યવાદી છે અને બિનબજાર અર્થતંત્ર ધરાવે છે. જો કે બજાર આધારિત અર્થતંત્રના કેટલાક અંશો જોવા મળે છે. આ દેશોના લોકોનું જીવન ધોરણ પણ ઊંચું જોવા મળે છે. જો કે તે મૂડીવાદી દેશો જેટલું ઉચ્ચ કક્ષાનું નથી હોતું. આ દેશોનો સમાવેશ પણ વિકસિત દેશોમાં થઈ શકે. આ રીતે જોતાં ઝેકોસ્લોવેકિયા, યુગોસ્લાવિયા વગેરે દેશો બીજાવિશ્વના દેશોગણાય.

### 2.2.3 ત્રીજા વિશ્વના દેશો:

એવા દેશો કે જેમની માથાદીઠ આવક વિકસિત દેશોની તુલનામાં ઘણી નીચી જોવા મળે છે. લોકોનું જીવન ધોરણ વિકસિત દેશોના લોકોના જીવનધોરણ કરતાં નીચું જણાય છે. તેમાં ગરીબીનું પ્રમાણ વધુ હોય છે. આ દેશોને અલ્પવિકસિત કહી શકાય. જેમ કે, ભારત, એશિયાના અન્ય દેશો (જાપાન સિવાય), આફ્રિકા તથા લેટિન અમેરિકાના દેશો.

### 2.2.4 ચોથા વિશ્વના દેશો:

એવા દેશો કે જેમની માથાદીઠ આવક સૌથી નીચી જણાય છે. ત્યાંના લોકોનું જીવનધોરણ અન્ય દેશોની તુલનામાં સૌથી નીચું જણાય છે તેમાં ગરીબીનું પ્રમાણ ઘણું વધુ હોય છે. આ દેશો આર્થિક રીતે પછાત જણાય છે. આ દૃષ્ટિએ જોતાં નેપાળ, બાંગ્લાદેશ, ઈથોપિયા, ચાડ વગેરે દેશોને ચોથા વિશ્વના દેશો ગણી શકાય.

## 2.3 વિકાસશીલ અર્થતંત્ર તરીકે ભારતીય અર્થતંત્રનાં લક્ષણો

ભારત એ મિશ્ર અર્થતંત્ર ધરાવતો વિશ્વનો સૌથી મોટુ લેખિત બંધારણ ધરાવતો એશિયા ખંડમાં આવેલો દેશ છે. ભારતનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. દેશની 60 ટકાથી વધારે વસ્તીખેતી અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાએલી છે. ભારત પોતાનાં વિશિષ્ટ આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને સામાજિક વારસાને લઈને દુનિયાના દેશો કરતા સહેજ અલગ તરી આવે છે. એક વિકસતા જતા દેશ તરીકે ભારતીય અર્થતંત્રનાં લક્ષણોને નીચે મુજબ રજુ કરી શકાય.

### 2.3.1 વસ્તીવધારો

ભારત એ વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતા ચીન પછી બીજા નંબરનો દેશ છે. 2011 માં ભારતની વસ્તી 121 કરોડની થવા પામી છે. વસ્તીવધારા માટે મુખ્ય કારણ જન્મદરનું ઉંચુ પ્રમાણ અને મૃત્યુદરનું નીચુ પ્રમાણ જવાબદાર છે. વિકાસની રાહમાં ભારતમાં આરોગ્ય સેવાઓનો ખુબજ વિકાસ થવા પામ્યો છે. સાથે સાથે અસાધ્ય રોગો ઉપર કાબુ મેળવી શકાયો છે. લોકોનું સામાન્ય જીવનધોરણ ઉંચુ જવાથી તેઓની શારિરીક ક્ષમતાઓમાં વધારો થવા પામ્યો છે. વાહન વ્યવહારની સુવિધામાં વધારો થવાથી તબીબી સારવાર ની પ્રાપ્યતા ઝડપી બની છે. આરોગ્ય કેન્દ્રોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યા છે. આ બધા કારણોસર ભારતમાં મૃત્યુદરમાં ઘટાડો થતો હોય તેવું જોવા મળ્યુ છે. બીજી તરફ જન્મદરમાં અપેક્ષિત ઘટાડો જોવા મળ્યો નથી. આ માટે પણ ઘણા કારણો જવાબદાર છે. ભારતમાં ગરીબ કુટુંબમાં આજે પણ બાળકોને બાળમજૂરીએ મોકલવાની પ્રથાને કારણે બાળકો તેઓ

માટે આવકનું સાધન બની રહે છે તેથી તેઓ વધુ બાળકો રાખવા માટે પ્રેરાય છે. ભારતીય પ્રજા આજે પણ પોતાની ધાર્મિક માન્યતાઓમાં જડચુસ્ત રીતે વર્તન કરનારી પ્રજા છે. આજે પણ મરણોત્તર ક્રિયાઓ માટે પુત્રની અનિવાર્યતાને મહત્વ આપનારી પ્રજા છે. શિક્ષણનાં વ્યાપના પ્રસારને લીધે આ માન્યતાઓનો વ્યાપ ઘટવા લાગ્યો છે પરંતુ હજુ દેશની અશિક્ષિત અને નિરક્ષર પ્રજાનાં મનમાથી આવા અંધશ્રધ્ધા યુક્ત ખ્યાલો કાઢવા મુશ્કેલીભર્યુ છે. ભારતની આબોહવા પણ પ્રજનન શક્તિને ઉત્તેજના આપે છે. આ ઉપરાંત બાળવિવાહ અને સંયુક્ત કુટુંબપ્રથા પણ ઉંચા જન્મદર માટે જવાબદાર બની રહે છે. આ બધા કારણોસર એક તરફ જન્મદર ઉંચો જોવા મળે છે બીજી તરફ મૃત્યુદર નીચો જોવા મળે છે અને તેનાં પરિણામે વસ્તીવિસ્ફોટ ની પરિસ્થીતીનું સર્જન થતુ જોવા મળે છે. ભારતમાં વર્તમાન સમયમાં વસ્તીનું પ્રમાણ નીચેનાં આકડાઓ દ્વારા દર્શાવી શકાય.

| | **ભારતની વસ્તી (કરોડમાં)** | |
|---|---|---|
| | **2001** | **2011** |
| પુરુષો | 53.22 | 62.31 |
| સ્ત્રીઓ | 49.65 | 58.75 |
| કુલ | 102.87 | 121.06 |

પ્રાપ્તિસ્થાન: Educational Statistics At A Glance, Government Of India, Ministry Of Human Resource Development, Department Of School Education & Literacy, New Delhi,2016.Page no. 1.

ઉપરોક્ત આંકડાકીય માહિતિ એ દર્શાવે છે કે ભારતમાં 2001 ની તુલનાએ 2011 માં વસ્તીમાં ધરખમ વધારો થઈ રહ્યો છે.

### 2.3.2 શિક્ષણનું અસમાન પ્રમાણ

વિકસતા દેશની દૃષ્ટિએ ભારતમાં શિક્ષણનાં પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. પરંતુ તેમ છતા કોઇ એક રાજ્યમાં શિક્ષણનું પ્રમાણ ખુબજ ઉંચુ જોવા મળે છે તો બિજા કોઇ એક રાજ્યમાં આ પ્રમાણ ખુબજ નીચુ જોવા મળે છે. વળી સ્ત્રીઓ અને પુરુષોના શિક્ષણનાં દર માં પણ અંતર જોવા મળે છે. વિકસતા દેશ તરીકે ભારત માટે આ અસમાનતા પણ એક ચિંતાનો વિષય છે. ભારતમાં વર્ષ 1951 થી અત્યાર સુધી શિક્ષણનું પ્રમાણ નીચે પ્રમાણે જોઇ શકાય છે.

**ભારતમાં સાક્ષરતા દર (ટકા માં)**

| વર્ષ | પુરુષ સાક્ષરતા દર | સ્ત્રી સાક્ષરતા દર | કુલ સાક્ષરતા દર |
|---|---|---|---|
| 1951 | 27.2 | 8.9 | 18.3 |
| 1961 | 40.4 | 15.4 | 28.3 |
| 1971 | 46.0 | 22.0 | 34.5 |
| 1981 | 56.4 | 29.8 | 43.6 |
| 1991 | 64.1 | 39.3 | 52.2 |
| 2001 | 75.3 | 53.7 | 64.8 |
| 2011 | 80.9 | 64.6 | 73.0 |

પ્રાપ્તિસ્થાન: Educational Statistics At A Glance, Government Of India, Ministry Of Human Resource Development,Department Of School Education & Literacy, New Delhi,2016.Page no. 17.

ઉપરોક્ત માહિતિને આધારે કહી શકાય કે ભારતમાં વર્ષ 1951 થી વર્ષ 2011 સુધી શિક્ષણનું પ્રમાણ સતત વધતુ જતુ જોવા મળે છે. ભારતમાં પુરુષ સાક્ષરતાની તુલનામાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ નીચુ જોવા મળે છે તે ધ્યાન ખેચતી બાબત છે.

### 2.3.3 બેકારી

વિકસતા દેશોની જેમ ભારતમાં પણ એક તરફ વસ્તીવધારો તો બીજી તરફ શિક્ષણનું વધતુ જતુ પ્રમાણ જોવા મળે છે. પરિણામ સ્વરૂપ શિક્ષિત વસ્તીની એક ફોજ ઉભી થઈ છે. તેની સામે જરુરી રોજગારીની તકોમાં ઓછો વધારો થતો જોવા મળે છે. તેથી અર્થતંત્રમાં બેકારી એક પ્રાણપ્રશ્ન સમાન છે. ગામડામાંથી કૃષીક્ષેત્ર તરફથી લોકો શહેરોમાં રોજગારી માટે સ્થળાંતર કરવા લાગ્યા છે. ગામડાઓ ખાલી થવા લાગ્યા છે અને શહેરો બેકારોથી ગીચ થવા લાગ્યા છે. રોજગારીના અભાવથી યુવાનો ગુનાહિત પ્રવૃત્તિઓ તરફ વળી શકે એવો ભય પણ છે.

### 2.3.4 ખેત પધ્ધતિનું રૂપાંતર

વિકસતા દેશ તરીકે ભારતમાં ખેતી ક્ષેત્રે આમુલ પરિવર્તન થઈ રહ્યુ છે. હરિયાળી ક્રાંતી બાદ ભારતની ખેતી માત્ર આકાશી ખેતી ન રહેતા સિંચાઈની સગવડોમાં વધારો થયો છે. ખેતી માં સુધારેલા બિયારણોનો ઉપયોગ, રાસાયણિક ખાતર અને કિટનાશકોનો ઉપયોગ ના લીધે ખેત ઉત્પાદનમાં વધારો થવા પામ્યો છે. બળદ અને હળ જેવા પરંપરાગત સાધનો ની જગ્યાએ ખેડૂતો ટ્રેક્ટર, થ્રેસર, અને અતિઆધુનિક ખેત ઓજારોનો વપરાશ કરતા થયા છે. ખેડૂતોને પાક ધિરાણ અને પાક વિમાની સગવડો આપવામાં આવે છે.

### 2.3.5 આર્થિક નીતિઓમાં બદલાવ

આર્થિક વિકાસની ગતિને તેજ બનાવવા માટે દરેક વિકાસશીલ દેશોએ પોતાની આર્થિક નીતિઓમાં બદલાવ કરવો જરુરી બની જાય છે. એક વિકસતા દેશ તરીકે ભારત પણ તેમાથી કઈ રીતે બાકાત રહી શકે ? ભારતે ઈ.સ.1991 માં નવી આર્થિક નીતિ અમલમાં મુકી. આ નીતિને ઉદારીકરણ, ખાનગી કરણ અને વૈશ્વીકરણની નીતિ તરીકે ઓળખવામાં આવે છે. આ નીતિ અન્વયે ભારતે પરવાના પધ્ધતિની નાબુદી કરી તેમજ ભારતે વિશ્વનાં દેશો માટેના વ્યાપારનાં જે દ્વાર આઝાદી કાળથી બંધ હતા તેને ખોલી નાખ્યા અને પોતાનાં અર્થતંત્રને વૈશ્વીક કક્ષાએ મુકવાનો પ્રયાસ કર્યો. કોઇ પણ વિકાસશીલ દેશ બંધ બારણે વિકાસ કરીજ ના શકે એવાતને ધ્યાને રાખીને ભારતે પણ વિદેશી કંપનીઓને ભારત માં આવીને વ્યાપારકરવાની તેમજ અહી પોતાની કંપનીઓ સ્થાપવાની છુટ આપી. અને આના પરિણામે દેશમાં આવક, ઉત્પાદન અને રોજગારીમાં નોંધપાત્ર વધારો થયો હોય એવુ જોવા મળ્યુ છે.

### 2.3.6 ઉત્પાદન પધ્ધતિઓમાં બદલાવ

કોઇ પણ દેશ જેમ જેમ વિકાસની રાહ પર આગળ વધતો જાય છે તેમ તેમ તે જુની પુરાણી ઉત્પાદન પધ્ધતિઓને સ્થાને આધુનિક ઉત્પાદન પધ્ધતિઓને અપનાવતો જાય છે. એક સમયે ભારતનો ખેડૂત બળદ, હળ અને પાવડા - કોદાળીની મદદથી ખેતી કરતો હતો.આજે ખેડુત અત્યાધુનિક ઓઝારોની મદદથી ખેતી કરવા લાગ્યો છે. શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિનું સ્થાન હવે મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિએ લીધુછે. પરિણામે ઉત્પાદન ઝડપી અને સરળ બનવા પામ્યુ છે.

### 2.3.7 આયાત અવેજીકરણ

આયાત અવેજીકરણ એટલે કે જે વસ્તુની વિદેશમાથી આયાત કરવામાં આવતી હોય તે વસ્તુનુ પોતાનાંજ દેશમાં ઉત્પાદન થાય તેવી વ્યવસ્થા ગોઠવવી. વિકસતા દેશોનું કિમતી વિદેશી હુંડીયામણ તેના આયાતી ખર્ચ પાછળ ખર્ચાઈ જતુ હોય છે. ભારતમાં આર્થિક આયોજનમાં આયાત અવેજીકરણને મહત્વ આપવામાં આવ્યુ છે તેમ છતા પેટ્રોલિયમ પેદાશો માટે હજુ પણ આપણે સંપૂર્ણ આયાત અવેજીકરણ કરી શક્યા નથી.

### 2.3.8 કરચોરી અને કાળુનાંણુ

વિકસતા દેશોમાં માળખાગત ખામીઓના લીધે કરમાળખાનો યોગ્ય અમલ થઈ શકતો નથી અને લોકો કરચોરી કરવા માટે અનેક છટકબારીઓનો ઉપયોગ કરતાજોવા મળે છે. ભારતમાં પણ ગ્રાહકોની અજ્ઞાનતા કે નજીવા ફાયદા માટે પાકુ બિલ નહી લેવાની વૃત્તિને લીધે વેપારીઓ કરચોરી કરતા જોવા

મળે છે. ઉદ્યોગપતિઓ પણ કર ભરવામાથી મુક્તિ મેળવવા માટે જુદી જુદી રીત રસમો નો ઉપયોગ કરતા હોય છે. વિકાસ માટે થતા ખર્ચાઓમાં  દેશપ્રેમ ના અભાવ વાળા અમલદારો અને નેતાઓ ભ્રષ્ટાચાર કરીને કાળુનાણુ પેદા કરતા હોય છે.  ભારતમાં કરમાળખાને સુદ્રઢ કરવા માટે જી.એસ.ટી લાગુ કરવામાં આવ્યો છે. કાળા નાંણાને બહાર લાવવા માટે સરકારે નોટબંધી જેવા કડક પગલાઓ પણ ભર્યા છે.

### 2.3.9 વિદેશી દેવાની જરૂરિયાત

વિકસતા દેશો એ પોતાનાં વિકાસપથને અવિરત આગળ ધપાવવા માટે બહોળા પ્રમાણમાં નાંણાની જરુરીયાત રહે છે. આ માટે તેણે વિદેશી દેવાની જરૂરિયાત ઉભી થાય છે. એક અંદાજ મુજબ વર્ષ 2018 માં ભારતનું વિદેશી દેવુ 500 બિલિયન અમેરિકન ડોલરથી પણ વધી જાય તેમ છે. ભારત જેવા વિકસતા દેશોએ પોતાનાં દેશની સીમાઓને મજબુત કરવા માટે સંરક્ષણના સાધનોની વિદેશોમાથી આયાત કરવા માટે તથા ઉદ્યોગોના ચાલક બળ એવા ખનીજતેલની વિદેશમાથી આયાત કરવામાતે વિદેશી દેવાની જરુર પડે છે.

**તમારી પ્રગતિ ચકાસો:**

**(A) નીચેનાં પ્રશ્નોનાં ટુંકમાં જવાબ આપો.**

1. આર્થિક  વિકાસની દષ્ટિએ વિશ્વના દેશોને કેટલા વિભાગમાં વહેંચવામાં આવે છે?
2. વિકસિત દેશ એટલે શુ?
3. વિકસતા દેશો એટલે શુ?
4. અલ્પવિકસિત દેશ એટલે શુ?
5. વસ્તી વધારો કોને કહેવાય?
6. સાક્ષરતા એટલે શુ?
7. બેકારી એટલે શુ?
8. ઉત્પાદન પધ્ધતિમાં બદલાવ વિશે સમજાવો.
9. શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ એટલે શુ?
10. મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિ એટલે શુ?
11. આયાત અવેજીકરણ એટલે શુ?
12. કરચોરી એટલે શુ?
13. કાળુ નાંણું એટલે શુ?
14. વિદેશી દેવુ એટલે શુ?

**(B) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

1. ભારત એ વિકાસશીલ છે.
2. ભારતીય ખેતી આકાશી ખેતી છે.
3. ભારતમાં વસ્તી નું પ્રમાણ ઘટી રહ્યુ છે.
4. ભારતમાં દર હજાર પુરુષોએ સ્રીઓની સંખ્યા વધારે છે.
5. નવી આર્થિક નીતિ માં ઉદારીકરણ ખાનગીકરણ અને વૈશ્વીકરણનો સમાવેષ થાય છે.

**(C) યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

1. જાહેર દેવાના કેટલા પ્રકારો જોવા મળે છે?

   (અ) એક (બ) બે

   (ક) ત્રણ (ડ) એક પણ નહી

2. આયાત અવેજી કરણ એટલે......

   (અ) નિકાસ (બ) આયાતી વસ્તુનું દેશમાં ઉત્પાદન

   (ક) આયાત (ડ) એક પણ નહી

3. નવી આર્થિક નીતિ ક્યારે અમલમાં આવી ?

   (અ) 1951 (બ) 1971

   (ક) 1991 (ડ) 2001

4. ખેતી નું ઓઝાર ઓળખો.

   (અ) કાર (બ) બસ

   (ક) ટ્રેક્ટર (ડ) એક પણ નહી

5. આર્થિક વિકાસની દૃષ્ટિએ અમેરીકાનો સમાવેષ .......... માં થાય છે.

   (અ) પ્રથમ વિશ્વના દેશો (બ) બીજા વિશ્વના દેશો

   (ક) ત્રીજા વિશ્વના દેશો (ડ) એક પણ નહી

## 2.4 સારાંશ :

ભારત મિશ્ર અર્થતંત્ર ધરાવતો એક વિકસતો દેશ છે. ભારતનાં અર્થતંત્રનું કદ દિનપ્રતિદીન વધતુ જાય છે. એક વિકસતા દેશ તરીકે ભારતીય અર્થતંત્રનાં જે લક્ષણો અહીં રજૂ કરવામાં આવ્યા છે તે ભારત જ નહી પરંતુ વિકસતાજતા તમામ દેશો માટે સર્વ સામાન્ય હોઇ શકે.

## 2.5 કેટલાક ચાવીરૂપ શબ્દો:

**વિકસિતદેશો** : એવા દેશો કે જે મૂડીવાદી અને બજાર-અર્થતંત્ર ધરાવે છે. તેમની માથાદીઠ આવક ઘણી ઊંચી છે, લોકોનું જીવન ધોરણ ઉચ્ચ કક્ષાનું હોય છે. તેમાં વિકસિત દેશોનો સમાવેશ થાય છે. જેમકે, યુ. એસ. એ., યુ. કે., જાપાન વગેરે.

**વિકસતા દેશો** : જે દેશો પોતાની કુદરતી સમ્પત્તિઓના ઉપયોગ દ્વારા વિકાસની ગતિ પર છે તેવા દેશોને વિકસતા દેશો તરીકે ઓળખવામાં આવે છે.

**અલ્પવિકસિત દેશો** : જે દેશોની માથીદીઠ આવક ખુબજ ઓછી છે અને જ્યા વણવપરાયેલ ઉત્પાદનશક્તિ જોવા મળે છે તેવા દેશોને અલ્પવિકસિત દેશો તરીકે ઓળખવામાં આવે છે.

**વસ્તી વધારો** : ઉંચા જન્મદર અને નીચા મૃત્યુદરને કારણે વસ્તીમાં થતા વધારાને વસ્તીવધારો કહેવામાં આવે છે.

**સાક્ષરતા** : વ્યક્તિની પોતાની માતૃભાષામાં લખી વાચી શકવાની ક્ષમતા.

**બેકારી** : પ્રવર્તમાન વેતનદરે વ્યક્તિની કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી હોવા છતા કામ ન મળે તો તેને બેકારી કહેવાય.

**ઉત્પાદન પધ્ધતિ** : ઉત્પાદન પધ્ધતિ મુખ્યત્વે બે પ્રકારની જોવા મળે છે.

**શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ :** ઉત્પાદનની જે પ્રક્રિયામાં મૂડીની તુલનામાં શ્રમનો ઉપયોગ વધારે પ્રમાણમાં થતો હોય તેવી ઉત્પાદન પધ્ધતિને શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ કહેવામાં આવે છે.

**મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિ :** ઉત્પાદનની જે પ્રક્રિયામાં શ્રમની તુલનામાં મૂડીનો ઉપયોગ વધારે પ્રમાણમાં થતો હોય તેવી ઉત્પાદન પધ્ધતિને મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિ કહેવામાં આવે છે.

**આયાત અવેજીકરણ :** આયાત અવેજીકરણ એટલે કે જે વસ્તુની વિદેશમાથી આયાત કરવામાં આવતી હોય તે વસ્તુનુ પોતાનાંજ દેશમાં ઉત્પાદન થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

**કરચોરી :** કર ભરવાની જવાબદારી માથી છટક બારીઓ શોધવા માટે ગેર કાનુની માર્ગ અપનાવવામાં આવે તો તેને કરચોરી કહેવામાં આવે છે.

**કાળુ નાંણું :** હિસાબી ચોપડે ન નોંધાએલા નાંણાને કાળા નાંણા તરીકે ઓળખવામાં આવે છે.

**વિદેશી દેવુ :** દેશની સીમાઓની બહારથી કરવામાં આવતા દેવાને વિદેશી દેવા તરીકે ઓળખવામાં આવે છે.

## 2.6 કેટલાક ઉપયોગી પુસ્તકો


- શ્રી ચીમનભાઈ જે પટેલ, અલ્પવિકસિત દેશોનું અર્થશાસ્ત્ર, અખિલ હિંદ પ્રકાશન, 1974
- SanjivVerma, The Indian Economy, Unique Publication, 2013.
- Educational Statistics At A Glance, Government Of India, Ministry Of Human Resource Development,Department Of School Education & Literacy New Delhi,2016.


## 2.7 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો.

**(A) નીચેનાં પ્રશ્નોનાં ટુંકમાં જવાબ આપો. ના જવાબો**

1. જુઓ 2.2
2. જુઓ 2.5.1
3. જુઓ 2.5.2
4. જુઓ 2.5.3
5. જુઓ 2.5.1 અને 2.3.1
6. જુઓ 2.5.5
7. જુઓ 2.5.6
8. જુઓ 2.3.6
9. જુઓ 2.5.7.1
10. જુઓ 2.5.7.2
11. જુઓ 2.3.7
12. જુઓ 2.5.9
13. જુઓ 2.5.10
14. જુઓ 2.5.11

**(B) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો ના જવાબો**

1. ખરુ
2. ખરુ
3. ખોટુ
4. ખોટુ
5. ખરુ

**(C) યોગ્ય વિકલ્પ પસંદ કરો ના જવાબો.**

1 (બ) બે

2 (બ) આયાતી વસ્તુનું દેશમાં ઉત્પાદન

3. (ક) 1991

4. (ક) ટ્રેક્ટર

5. (અ) પ્રથમ વિશ્વના દેશો

એકમ 3

# રાષ્ટ્રીય આવક (National Income)

## : રૂપરેખા :

3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 રાષ્ટ્રીય આવકનો અર્થ

3.2.1 સામાન્ય અર્થ

3.2.2 આલ્ફ્રેડ માર્શલ (ઉત્પાદન ઉપર આધારિત વ્યાખ્યા)

3.2.3 ઈરવિંગ ફિશર (વપરાશ ઉપર આધારિત વ્યાખ્યા)

3.2.4 એ.સી.પીગુ (નાણાં ઉપર આધારિત વ્યાખ્યા)

3.3 રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ

3.3.1 રાષ્ટ્રીય આવક

3.3.2 રાષ્ટ્રીય પેદાશ

3.4 રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ

3.5 રાષ્ટ્રીય આવકના મહત્ત્વના ખ્યાલો

3.5.1 કુલ આંતરિક પેદાશ

3.5.2 શુદ્ધ આંતરિક પેદાશ

3.5.3 કુલ રાષ્ટ્રીય પેદાશ

3.5.4 શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ

3.6 રાષ્ટ્રીય આવકનું માપન

3.6.1 ઉત્પાદન પદ્ધતિ

3.6.2 આવક પદ્ધતિ

3.6.3 ખર્ચ પદ્ધતિ

3.7 રાષ્ટ્રીય આવક ગણતરીની મુશ્કેલીઓ

3.8 નાણાંકીય રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક રાષ્ટ્રીય આવક

3.8.1 નાણાંકીય રાષ્ટ્રીય આવક

3.8.2 વાસ્તવિક રાષ્ટ્રીય આવક

3.9 વિશ્વના જુદાં-જુદાં દેશોની રાષ્ટ્રીય આવક

3.10 માથાદીઠ આવક

3.10.1 માથાદીઠ આવકનો અર્થ

3.10.2 માથાદીઠ આવકની ગણતરી

3.10.3 વિશ્વના જુદાં-જુદાં દેશોની માથાદીઠ આવક

3.11 સારાંશ

3.12 ચાવીરૂપ શબ્દો

3.13 તમારી પ્રગતિ ચકાસો

3.14 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.15 કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 3.0 ઉદ્દેશો (Objective)

– રાષ્ટ્રીય આવકનો અર્થ સમજવો
– રાષ્ટ્રીય આવકના જુદાં-જુદાં ખ્યાલોથી માહિતગાર થવું
– રાષ્ટ્રીય આવક માપવાની જુદી-જુદી પદ્ધતિઓ અંગે સમજ કેળવવી.
– વિશ્વના જુદાં જુદાં દેશો અને ભારતની કુલ રાષ્ટ્રીય આવક જાણવી.
– વિષ્વમાં રાષ્ટ્રીય આવકની દષ્ટીએ ભારતનો ક્રમ જાણવો.
– માથાદીઠ આવકનો અર્થ અને મા.આવકની ગણતરી અંગે સમજ મેળવવી.
– વિશ્વના જુદાં-જુદાં દેશો અને ભારતની માથાદીઠ આવક જાણવી.
– વિશ્વમાં માથાદીઠ આવકની દષ્ટિએ ભારતનો ક્રમ જાણવો.

## 3.1 પ્રસ્તાવના (Introduction)

રાષ્ટ્રીય આવકનો ખ્યાલ અર્થશાસ્ત્રમાં અતિ મહત્ત્વનો તેમજ વ્યાવહારિક રીતે એક ઉપયોગી ખ્યાલ છે. કોઈ પણ રાષ્ટ્રની આર્થિક પરિસ્થિતિ અને તેની પ્રજાની આર્થિક સુખાકારીનો ખ્યાલ એ દેશની રાષ્ટ્રીય આવકના આધારે મેળવી શકાય છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે રાષ્ટ્રીય સંપત્તિનો ખ્યાલ આ અંગે સાચું અને વાસ્તવિક ચિત્ર રજૂ કરતો નથી. કારણ કે કોઈ દેશમાં કુદરતી સાધન-સંપત્તિનો જથ્થો વિપુલ પ્રમાણમાં હોય, પરંતુ તેમ છતાં આ સાધનોની ક્રિયાશીલતાના અભાવને કારણે તેની રાષ્ટ્રીય આવક ઓછી હોઈ શકે છે. 'સંપતિ એ જથ્થો છે' જ્યારે આવક એ તો સંપતિના જથ્થામાંથી વહેતો ચીજ-વસ્તુઓ અને સેવાઓનો પ્રવાહ છે. આમ, વિપુલ સાધન-સંપતિ ધરાવતાં દેશોની રાષ્ટ્રીય આવક નીચી હોય એવું બની શકે. દાખલા તરીકે, આફ્રિકા અને એશિયાના કેટલાક દેશો વિપુલ સાધન-સંપત્તિ ધરાવે છે, પરંતુ તેમની રાષ્ટ્રીય આવકની સપાટી નીચી જોવા મળે છે. આમ કોઈ પણ દેશની સાચી અને વાસ્તવિક આર્થિક આબાદીનો ખ્યાલ તેની રાષ્ટ્રીય સંપત્તિ પરથી નહિ, પરંતુ રાષ્ટ્રીય આવક પરથી મળી રહે છે. રાષ્ટ્રીય આવકની સપાટી જેમ ઉંચી તેમ બે દેશ આર્થિક રીતે વધું સમૃદ્ધ અને આબાદ કહેવાશે. અમેરિકા, બ્રિટન, ચીન, જર્મની, જાપાન વગેરે દેશોની રાષ્ટ્રીય આવક ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા જેવા દેશો કરતાં ઘણી ઉંચી છે. તેથી તે દેશો આર્થિક દષ્ટિએ વધુ સમૃદ્ધ છે. આમ ઉંચી રાષ્ટ્રીય આવક એ આર્થિક પ્રગતિનું દ્યોતક છે. જેવી રીતે વ્યક્તિની બાબતમાં તેના મહત્ત્વના આર્થિક પ્રશ્નો તેની આવક સાથે સંકળાયેલા હોય છે. એજ રીતે કોઈ એક દેશના આર્થિક પ્રશ્નો પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેની રાષ્ટ્રીય આવક સાથે સંકળાયેલા હોય છે.

## 3.2 રાષ્ટ્રીય આવકનો અર્થ :

### 3.2.1 સામાન્ય અર્થ :

કોઈ એક દેશના લોકો જે વિવિધ પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ કરે છે, તેને પરિણામે દેશમાં ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થતું હોય છે. વર્ષ દરમિયાન દેશમાં ખેતી, ઉદ્યોગ, અને સેવા ક્ષેત્રે કુલ જે ઉત્પાદન થાય છે. તેનું નાણાંકીય મૂલ્ય તે દેશની રાષ્ટ્રીય આવક છે. આમ, કોઈ એક વર્ષ દરમિયાન દેશમાં ઉત્પાદન થયેલી ચીજવસ્તુઓ અને સેવાઓના કુલ મૂલ્યને તે દેશની કાચી રાષ્ટ્રીય પેદાશ કે રાષ્ટ્રીય આવક તરીકે ઓળખવામાં આવે છે. આપણે જ્યારે કહીએ કે ભારતની રાષ્ટ્રીય આવક 128 લાખ કરોડ રૂપિયા છે તેનો અર્થ એ થાય ખેતી, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રે એક વર્ષ દરમિયાન 128 લાખ કરોડ રૂપિયાની ચીજવસ્તુઓ સેવાઓનું ઉત્પાદન થયું છે.

### 3.2.2 આલ્ફ્રેડ માર્શલની વ્યાખ્યા : (ઉત્પાદન ઉપર આધારિત વ્યાખ્યા)

'કોઈ દેશના મૂડી અને શ્રમનો, દેશની કુદરતી સાધન સંપત્તિ સાથે સહયોગ થવાથી જે ભૌતિક (દૃશ્ય) અને અભૌતિક (અદૃશ્ય) વસ્તુઓ અને સેવાઓનું પ્રતિવર્ષ જે ઉત્પાદન થાય છે તેને રાષ્ટ્રીય આવક કહેવામાં આવે છે.'

પ્રો.માર્શલે આ વ્યાખ્યામાં ચીજવસ્તુઓ અને સેવાઓના ચોખ્ખા ઉત્પાદન ઉપર ભાર મૂક્યો છે તેથી આ વ્યાખ્યા ઉત્પાદનલક્ષી ગણાય છે.

**3.2.3 ઈરવિંગ ફિશરની વ્યાખ્યા (વપરાશ ઉપર આધારિત વ્યાખ્યા)**

'વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ જેટલા પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓની પ્રત્યક્ષ વપરાશ કરી હોય તેના પ્રમાણને રાષ્ટ્રીય આવક કહેવાય છે.'

આ વ્યાખ્યામાં પ્રો.ફિશરે ભૌતિક અને અભૌતિક વસ્તુઓ-સેવાઓની વપરાશ ઉપર ભાર મૂક્યો છે તેથી આ વ્યાખ્યા વપરાશલક્ષી ગણાય છે.

**3.2.4 એ.સી.પીગુની વ્યાખ્યા : (નાણાં ઉપર આધારિત વ્યાખ્યા)**

'નાણાંથી માપી શકાય તેવી સમાજની વસ્તુલક્ષી આવક એટલે દેશની રાષ્ટ્રીય આવક'

બીજા શબ્દોમાં કહીએ તો રાષ્ટ્રીય આવક વસ્તુઓ અને સેવાઓનો એવો પ્રવાહ છે કે જેની ચૂકવણી નાણાં દ્વારા કરવામાં આવી હોય છે અથવા તો વિદેશી આવક સહિતની સમાજની કુલ આવક જે નાણાંની મદદ વડે સરળતાથી માપી શકાય છે તે રાષ્ટ્રીય આવક છે. પ્રો.પીગુ ની આ વ્યાખ્યા માં નાણાં ઉપર ભાર મુક્યો હોવાથી નાણાંલક્ષી વ્યાખ્યા તરીકે ઓળખાય છે.

## 3.3 રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ :

સામાન્ય રીતે રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશને એક જ ગણવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં બંને જુદાં છે.

**3.3.1 રાષ્ટ્રીય આવક :**

વર્ષ દરમિયાન ઉત્પાદનના ચાર સાધનોએ રાષ્ટ્રના ઉત્પાદનમાં આપેલ ફાળા બદલ તેને મળતી કુલ આવકનો સરવાળો એ રાષ્ટ્રીય આવક છે. માટે રાષ્ટ્રીય આવક = ભાડું + વેતન + વ્યાજ + નફો

**3.3.2 રાષ્ટ્રીય પેદાશ :**

વર્ષ દરમિયાન ઉત્પાદનના સાધનોની મદદથી દેશના જુદાં જુદાં ક્ષેત્રોમાં (ખેતી-ઉદ્યોગ-સેવા) અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન - મૂલ્યનો સરવાળો એટલે રાષ્ટ્રીય પેદાશ છે. વર્ષ દરમિયાન દેશમાં વિવિધ પેઢીઓ દ્વારા ઉત્પાદન કરવામાં આવેલી વસ્તુઓ અને સેવાઓ રાષ્ટ્રીય પેદાશ છે. ટુંકમાં રાષ્ટ્રીય પેદાશ = ખેતી + ઉદ્યોગ + સેવાક્ષેત્રનું કુલ ઉત્પાદન


જો રાજયનો હસ્તક્ષેપ ન હોય (કરવેરા વગેરે ન હોય) અને વિદેશ વેપાર ન હોય (આયાત-નિકાસ ન હોય) તો રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ એક સરખાં હોય છે. વસ્તુઓ ઉપરના વેરાને લીધે રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવક કરતાં વધુ હોય છે. કારણ કે કરવેરાને કારણે કિંમત ઉત્પાદન ખર્ચથી વધારે હોય છે. ઉપરાંત ઉત્પાદકોને સરકાર તરફથી મળતી સબસીડીઓને કારણે રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવકથી ઓછી હોય છે.

## 3.4 રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ :

સૈદ્ધાંતિક સમજુતીની રીતે અર્થતંત્રના બે પ્રકાર પાડવામાં આવે છે. (1) અલિપ્ત અર્થતંત્ર (2) ખુલ્લું અર્થતંત્ર અલિપ્ત અર્થતંત્ર એવું અર્થતંત્ર છે. જેમાં વિદેશ વેપારની કોઈ ભુમિકા હોતી નથી. આવા અર્થતંત્રને અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. દેશમાં આયાત-નિકાસની ગેરહાજરી હોય છે'' અલિપ્ત અર્થતંત્ર એટલે સ્વનિર્ભર કે સ્વાવલંબી અર્થતંત્ર છે. જ્યારે ખુલ્લા અર્થતંત્રમાં વિદેશ વેપારની ભુમિકા હોય છે. અમુક કાર્યો સરકાર કરે છે. બીજા દેશો સાથે અર્થતંત્રને આયાત અને નિકાસના સંબંધો હોય છે. અહીં સરળતા ખાતર રાષ્ટ્રીય આવકના ચક્રાકાર પ્રવાહની સમજુતી માત્ર અલિપ્ત અર્થતંત્રના સંદર્ભમાંજ મેળવીશું.

ઉત્પાદન-આવક-ખર્ચનો ચક્રાકાર પ્રવાહ સમજવા માટે આપણે અર્થતંત્રને બે વિશાળ ક્ષેત્રોમાં વહેંચીએ છીએ. ધંધાદારી પેઢીઓ અને સાધનોના માલિકો, પેઢીઓ ઉત્પાદન-પ્રક્રિયા માટે જરૂરી

સાધનો જમીન, મુડી, શ્રમ, કુટુંબો પાસેથી ખરીદે છે અને ધંધામાં તેનો ઉપયોગ કરીને ઉત્પાદન કરે છે. આમ સાધનો કુટુંબથી પેઢીઓ તરફ આવે છે. સાધનોના ઉપયોગ બદલ પેઢીઓ સાધન માલિકો એટલે કે કુટુંબોને ભાડું, વેતન, વ્યાજ અને નફારૂપે વળતર ચુકવે છે. આમ પ્રથમ નાણાંનો પ્રવાહ પેઢીઓ તરફથી કુટુંબો તરફ આવે છે.




**અલિપ્તથી અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ**

પેઢીઓ ઉત્પાદનના સાધનોની મદદથી જે ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે. તેને વેચવા માટે બજારમાં મુકે છે. બજારમાંથી કુટુંબો ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી કરે છે. આમ વસ્તુ અને સેવાઓનો પવાહ પેઢીઓ તરફથી કુટુંબો તરફ આવે છે. કુટુંબો વસ્તુ અને સેવાની ખરીદી બદલ પેઢીને નાણાં ચૂકવે છે. તેથી નાણાંનો પ્રવાહ કુટુંબો તરફથી ફરી પેઢીઓ તરફ આવે છે. આ નાણાંની મદદથી પેઢીઓ ફરીથી ઉત્પાદનના સાધનો ખરીદે છે અને ફરીથી ઉત્પાદન કરે છે. અને કુટુંબોને કામના ઉત્પાદન પ્રક્રિયામાં ફાળા સ્વરૂપે નાણાંકીય વળતર ચુકવે છે. આમ પેઢીઓથી કુટુંબો તરફ અને કુટુંબોથી પેઢીઓ તરફ સતત વહેતા આ નાણાંના પ્રવાહને ઉત્પાદન-આવક-ખર્ચનો એટલે કે રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ કહેવામાં આવે છે. આવકનો આ ચક્રાકાર પ્રવાહ અર્થતંત્રને સતત ધબકતું રાખે છે. ચક્રાકાર પ્રવાહ સૂચવે છે કે રાષ્ટ્રીય આવક ત્રણ રીતે માપી શકાય છે. (1) ઉત્પાદન (2) આવક અને (3) ખર્ચ

## 3.5 રાષ્ટ્રીય આવકના મહત્ત્વના ખ્યાલો :

રાષ્ટ્રીય આવકના વિવિધ પાસાંને વર્ણવવા અર્થશાસ્ત્રીઓ અને આંકડાશાસ્ત્રીઓ વિવિધ પરિભાષાનો ઉપયોગ કરે છે. તેના વડે આપેલા સમયગાળામાં રાષ્ટ્રમા ઉત્પાદનનું માપ મેળવી શકાય છે. જે નીચે પ્રમાણે જોવા મળે છે.

### 3.5.1 કુલ આંતરીક પેદાશ (Gross Domestic Product-GDP) :

રાષ્ટ્રીય આવકના વિવિધ ખ્યાલોમાં કુલ આંતરિક પેદાશનો ખ્યાલ મહત્ત્વનો છે. વર્ષ દરમિયાન દેશના અને વિદેશના નાગરિકો દ્વારા દેશની હદમાં જે અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓ ઉત્પાદન થાય છે. તેના બજાર-મૂલ્યને કુલ આંતરિક પેદાશ અથવા કુલ ઘરેલું ઉત્પાદન કહેવામાં આવે છે. કુલ આંતરિક પેદાશની ગણતરીમાં નીચેની બાબતો મહત્ત્વની છે.

(1) દેશમાં કોઈ વર્ષ દરમિયાન થયેલ ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રના કુલ અંતિમ ઉત્પાદનને ધ્યાનમાં લેવામાં આવે છે.

(2) કુલ આંતરિક પેદાશમાં દેશ અને વિદેશના નાગરિકો દ્વારા અથવા કુદરત દ્વારા (ક્રુડ ઓઈલ) આપણા દેશની હદમાં થયેલ અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન ગણવામાં આવે છે.

(3) કુલ આંતરિક પેદાશનો ખ્યાલ દેશની હદ સાથે સંકળાયેલો છે. આમાં દેશના નાગરિકોએ વિદેશમાં કરેલું ઉત્પાદન અથવા દેશના નાગરિકોએ વિદેશમાંથી મેળવેલી આવકને ગણતરીમાં લેવામાં આવતી નથી.

(4) અહિં ચીજવસ્તુઓ અને સેવાઓના મૂલ્યની સ્થિર ભાવોએ ગણતરી કરવામાં આવે છે.

(5) દેશની આર્થિક સરખામણી કરવા અર્થતંત્રની પ્રગતિ દર્શાવવા GDPના આંકડાઓનો વ્યવહારમાં ઉપયોગ કરવામાં આવે છે.

### 3.5.2 શુદ્ધ આંતરિક પેદાશ (Net Domestic Product : NDP)

ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સાધનોને લાગતા ઘસારાને કુલ આંતરિક પેદાશમાંથી બાદ કરવાથી શુદ્ધ આંતરિક પેદાશ પ્રાપ્ત થાય છે. જે ને NDP કહેવાય છે. ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સાધનોની વપરાશ ને કારણે યંત્રો, મકાનો, ઓજારો જેવા મુડી સાધનોને ઘસારો લાગે છે. અમુક સમય પછી આ સાધનો ઉત્પાદન માટે બિન ઉપયોગી બની જાય છે, ત્યારે આવા સાધનો બદલવાની જરૂર પડે છે. કેટલીક વાર ટેકનોલોજી બદલાતા મૂડી સાધનો બદલવામાં આવે છે. આથી વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના તેમજ વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. તેના બજાર મૂલ્યમાંથી મૂડી સાધનોને લાગતા ધસારા-ખર્ચને બાદ કરતાં જે શેષ વધે તેને શુદ્ધ આંતરિક પેદાશ કહેવાય છે. તેથી ટુંકમાં GDP – ઘસારો = NDP સૂત્ર સ્વરૂપે રજૂ કરી શકાય.

### 3.5.3 કુલ રાષ્ટ્રીય પેદાશ (Gross National Product : GNP)

દેશના નાગરિકો વર્ષ દરમિયાન જે ઉત્પાદન કરે છે. તેના મૂલ્યનો સરવાળો એટલે કુલ રાષ્ટ્રીય પેદાશ. અહીં દેશના નાગરિકોએ દેશની અંદર અથવાતો દેશની સરહદ બહાર વિદેશી ધરતી પર જે કંઈ ઉત્પાદન કર્યું હોય તે તમામ અંતિમ ઉત્પાદન ને ધ્યાનમાં લેવામાં આવે છે. જેમાં નીચેની બાબતોને ખાસ ધ્યાનમાં લેવામાં આવે છે.

(1) GNP માં ચાલું વર્ષના ઉત્પાદનનું મૂલ્ય ગણાય છે.

(2) કુલ આંતરિક પેદાશ (GDP) નાં મૂલ્યમાં વિદેશમાં રહેતા આપણા નાગરિકોની આવક ઉમેરવામાં આવે અને આપણા દેશમાં રહીને કમાતા વિદેશી નાગરિકોની આવક બાદ કરવામાં આવે ત્યારે GNP મળે છે. ટુંકમાં કહીએ તો GNP = GDP + વિદેશમાંથી મળેલી ચોખ્ખી આવક (વિદેશમાંથી થતી કુલ આવક-વિદેશને થતી કુલ ચૂકવણી)

(3) સામાન્ય વ્યવહારમાં મોટા ભાગે GNP ના આંકડાઓનો ઉપયોગ થાય છે.

### 3.5.4 શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ (Net National Product : NNP)

કુલ રાષ્ટ્રીય પેદાશમાંથી ઉત્પાદનના સાધનોનો ઘસારો બાદ કરતાં જે શેષ વધે તે મૂલ્ય (રકમ) એટલે શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ એટલે કે અંહી કુલ રાષ્ટ્રીય પેદાશમાંથી ઉત્પાદનના સાધનોને લાગેલો ઘસારો બાદ કરવામાં આવે છે. જેથી શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ મળી રહે છે. જેમાં નીચેની બાબતો મહત્ત્વની છે.

(1) GNP માંથી ઘસારો બાદ થયા પછીનું ચાલું વર્ષના ઉત્પાદનનું મૂલ્ય એટલે NNP

(2) GNP - ઘસારો = NNP

## 3.6 રાષ્ટ્રીય આવકનું માપન :

રાષ્ટ્રીય આવકના માપન (ગણતરી) માટે જુદી-જુદી પદ્ધતિઓ રજુ કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે ત્રણ પદ્ધતિઓનો સમાવેશ થાય છે. જેની માહિતી નીચે પ્રમાણે મેળવીએ.

### 3.6.1 ઉત્પાદન પદ્ધતિ

રાષ્ટ્રીય આવક ગણતરીની ઉત્પાદન પદ્ધતિ પ્રો.માર્શલની વ્યાખ્યા ઉપરથી વિકસાવવામાં આવી છે. અહીં વર્ષ દરમિયાન દેશમાં ખેતી, ઉદ્યોગો, અને સેવાક્ષેત્રમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું જે ઉત્પાદન થયું હોય તેના નાણાંકીય મૂલ્યનો સરવાળો કરીને રાષ્ટ્રીય આવક મેળવવામાં આવે છે. ખેતી ઉદ્યોગ અને સેવાક્ષેત્રમાં અંતિમ ઉત્પાદનનો જથ્થો જાણીને તેને બજારકિંમતે ગુણી નાણાંકીય મૂલ્ય શોધવામાં આવે છે. વસ્તુ અને સેવાઓના આ નાણાંકીય મૂલ્યનો સરવાળો દેશની રાષ્ટ્રીય આવકની ગણતરી છે. જેની ગણતરી માટે નીચેની બાબતો મહત્ત્વની છે.

**(1) અર્થતંત્રનું જુદાં-જુદાં ક્ષેત્રોમાં વર્ગીકરણ :** અર્થતંત્રનું ખેતી, ઉદ્યોગ, સેવા, ખાણ, બાંધકામ, મેન્યુફેક્ચરીંગ, વેપાર-વાણિજ્ય, વાહનવ્યવહાર, સંદેશા વ્યવહાર, બેંકિંગ, શિક્ષણ જેવા અનેક ક્ષેત્રોમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

**(2) વસ્તુ કે સેવાની પસંદગી :** અર્થતંત્રના જુદાં-જુદાં ક્ષેત્રોમાં ઉત્પન્ન થતી માત્ર અંતિમ વપરાશની વસ્તુઓ અને સેવાઓને ગણવામાં આવે છે. વચગાળાના ઉપયોગની વસ્તુઓ ગણવામાં આવતી નથી.

**(3) ગૃહીણીના ઘરકામની સેવા :** ગૃહીણીના ઘરકામની સેવા બજારમાં વેચાતી નથી. તેનું નાણાંકીય મૂલ્ય માપી શકાતું નથી તે રાષ્ટ્રીય આવકમાં ગણાતી નથી

**(4) સ્વ-વપરાશ :** સ્વ-વપરાશ માટે ઉપયોગમાં લેવામાં આવતી વસ્તુઓ બજારમાં વેચાતી નથી. તેનું નાણાંકીય મૂલ્ય આંકી શકાતું નથી. માટે તે પણ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવાતી નથી. ભારતમાં ખેડુતે સ્વ-વપરાશ માટે રાખેલ અનાજ અપવાદ તરીકે રાષ્ટ્રીય આવકમાં ગણતરીમાં લેવામાં આવે છે.

**(5) સંરક્ષણ-પોલીસ :** સંરક્ષણ-પોલીસની સેવાઓના બજાર હોતા નથી. તેનો બજારમાં વિનિમય થતો નથી. છતાં ભારતમાં રાષ્ટ્રીય આવકમાં તેની ગણતરી કરવામાં આવે છે.

**(6) આરોપિત ભાડુ :** પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોય તો જે ભાડું મળી શકત તેને આરોપિત ભાડું કહેવાય છે. તેનું મૂલ્ય રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવે છે.

**(7) બેવડી ગણતરી :** કોઈપણ વસ્તુની બેવડી ગણતરી કરવામાં આવતી નથી. બેવડી ગણતરીથી દુર રહીને રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં આવે છે. આ માટે અંતિમ તૈયાર કે વપરાશી વસ્તુનાજ મૂલ્યને ગણવામાં આવે છે. જો કોઈ વસ્તુની બેવડી ગણતરી થાય તો રાષ્ટ્રીય આવકનું મૂલ્ય વાસ્તવિકતા કરતાં ઉંચુ આવે છે. જેમકે, રાષ્ટ્રીય આવકની ગણતરીમાં દેશમાં વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલા લોખંડ-પોલાદના મૂલ્યને ગણવામાં આવે અને સાથે સાથે તેમાંથી બનતા યંત્રો-ઓજારોના મૂલ્યને પણ ગણવામાં આવે તો બેવડી ગણતરી થાય છે. આવી બેવડી ગણતરી દુર કરવાના બે ઉપાયો છે.

**(A) માત્ર અંતિમ વસ્તુઓનું મૂલ્ય ગણવું :** આ પદ્ધતિ અર્ધતૈયાર વચગાળાનો ઉપયોગ ધરાવતી વસ્તુઓનું મૂલ્ય ગણવાને બદલે માત્ર યંત્ર કે જે અંતિમ વસ્તુ છે. અને તેમાં લોખંડનું મૂલ્ય સમાયેલું છે તેના નાણાંકીય મૂલ્યને જ ગણવામાં આવે તો બેવડી ગણતરીનો પ્રશ્ન ઉકેલાઈ જાય છે.

**(B) મૂલ્ય વૃદ્ધિની પદ્ધતિ :** ઉત્પાદન-પ્રક્રિયામાં જ્યારે વસ્તુ એક તબક્કામાંથી બીજા તબક્કામાં જાય છે. ત્યારે તેનું નાણાંકીય મૂલ્ય વધે છે. આ વધેલા મૂલ્યને જુદુ તારવીને તેનો સરવાળો કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે તો બેવડી ગણતરીથી બચી શકાય છે. જેમકે સૌ પ્રથમ

લોખંડની કિંમત ગણવામાં આવી હોય તો તેમાંથી યંત્ર બનતાં તેના મૂલ્યમાં થયેલો વધારે લોખંડની કિંમતમાં ઉમેરતાં બેવડી ગણતરી થતી નથી. દા.ત : 5000રુ ના લોખંડ માંથી યંત્ર બનાવવામાં આવે તો તેના મૂલ્યમાં 45000 રુ. નો વધારો થાય છે તો 5000+45000=50000/- એ યંત્રનું અંતિમ મૂલ્ય થયું આમ મૂલ્ય વૃદ્ધિની પદ્ધતિ દ્વારા પણ બેવડી ગણતરીથી બચી શકાય છે.

**(8) પરોક્ષ વેરા અને સબસીડી :** વસ્તુની બજાર કિંમતમાં પરોક્ષ વેરા સમાયેલા હોવાથી રાષ્ટ્રીય પેદાશ જાણવા તે પરોક્ષ વેરા બાદ કરવામાં આવે છે. અને સરકાર દ્વારા જે સબસીડી અપાતી હોય તે ઉમેરવામાં આવે છે.

**(9) પુનઃવેચાણ :** ભૂતકાળમાં ઉત્પન્ન થયેલ વસ્તુનું જ્યારે ઉત્પાદન થયું હોય ત્યારે રાષ્ટ્રીય પેદાશમાં તેનું મૂલ્ય ગણાઈ ચૂકવું હોય છે. તેથી હવે આ વસ્તુ જો ફરીથી વેચવામાં આવે તો તેનું મૂલ્ય ગણાતું નથી અને જો ગણીએ તો બેવડી ગણતરી થાય છે. જેમકે 2005માં ખરીદવામાં આવેલ મકાન કે ગાડી આજે વેચે તો આ વેચાણ રાષ્ટ્રીય પેદાશમાં ન ગણાય.

(10) ઘસારો બાદ કરવો : ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન મૂડી સાધનોને લાગતા ઘસારાને બાદ કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે છે.

(11) નિકાસ મૂલ્ય ઉમેરવામાં આવે છે : દેશમાંથી વર્ષ દરમિયાન નિકાસ થયેલી ચીજવસ્તુઓના કુલ નિકાસ મૂલ્યને રાષ્ટ્રીય આવકમાં ઉમેરવામાં આવે છે.

(12) દાણચોરી કે ગેરકાયદેસર વસ્તુનું મૂલ્ય ગણતરીમાં લેવાતું નથી.

### 3.6.2 આવકની પદ્ધતિ :

રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતી પ્રો. પીગુની વ્યાખ્યા ઉપરથી વિકસાવવામાં આવી છે. વર્ષ દરમિયાન દેશના નાગરિકો અને રાજ્ય આવક પ્રાપ્ત કરે છે તેનો સરવાળો કરવાથી રાષ્ટ્રીય આવક જાણી શકાય છે. રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતિમાં ઉત્પાદનનાં ચાર સાધનો જમીન, મુડી, શ્રમ અને નિયોજકને મળતી ભાડું, વ્યાજ, વેતન અને નફારૂપી આવકનો સરવાળો કરવામાં આવે છે. આ સરવાળામાં વિદેશમાંથી મળતી આવક ઉમેરવાની અને આપણા દેશમાં વપરાયેલાં વિદેશી સાધનોને ચુકવવામાં આવતાં ભાડાં, વ્યાજ, વેતન અને નફારૂપી વળતરોને બાદ કરવામાં આવે છે.

**મહત્ત્વની બાબતો :**

આવકની રીતે રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે.

**(1) સાધનોની આવક ગણવી :** ઉત્પાદનના ચાર સાધનોને મળતી નીચે પ્રમાણેની આવક ગણવામાં આવે છે.

**(A) ભાડાંની આવક :** જમીન-મકાન વગેરેને જે ભાડું મળે છે. તે આવક તરીકે ગણાય છે. પોતાના મકાનમાં રહેતા હોય તેમને પણ ભાડાંની આવક મળે છે. એમ માની આરોપિત ભાડું ગણાય છે. પુસ્તકોના કોપીરાઈટ્સ અને પેટન્ટ જેવા અધિકારોને કારણે મળતી આવક ગણવામાં આવે છે.

**(B) વ્યાજની આવક :** લોકોને વર્ષ દરમિયાન મુડી પર જે વ્યાજ મળે છે તેને ગણવામાં આવે છે. પરંતુ રાજ્ય તરફથી મળતું વ્યાજ બાકાત રખાય છે. કારણ કે રાજ્ય કરવેરા દ્વારા આવક મેળવે છે. અને વ્યાજ તરીકે એ નાણું ચુકવે છે એટલે માત્ર નાણાંની હેરફેર થાય છે.

(C) વેતનની આવક : શ્રમિકોને વર્ષ દરમિયાન તેમના કાર્યના બદલામાં જે વેતન અને પગાર મળે છે તે ગણવામાં આવે છે.

(D) નફાની આવક : રોકાણકારો - નિયોજકોને જે નફા અને ડિવિડન્ડ રૂપી આવકો મળે છે તેની

ગણતરી કરવામાં આવે છે. કંપનીઓના અનામત નફા અને તેના ઉપર ચુકવાતા કરવેરાનો સમાવેશ પણ થાય છે.

(2) ન ગણવામાં આવતી આવકો : આવક પદ્ધતિમાં બક્ષિસ, ઈનામ, ભેટ, લુંટની આવક, ચોરી, બેકારી ભથ્થાંની આવક કે વૃદ્ધાવસ્થામાં મળતી સરકારી સહાયની આવક, લોટરીની આવક વગેરે જેવી આવકો રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતી નથી.

(3) સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડી ગણવામાં આવતી નથી.

(4) વિદેશમાં કરવામાં આવતી આયાત-નિકાસનું મૂલ્ય ઉમેરવામાં આવે છે. એટલે કે કુલ નિકાસ મૂલ્યમાંથી આયાત મૂલ્ય બાદ કર્યા પછી જે શેષ વધે તે મૂલ્ય ઉમેરવામાં આવે છે.

(5) વપરાશી માલના સોદામાંથી મળતા કમિશન કે દલાલીની આવક ગણાય છે.

(6) જે આવકોથી અર્થતંત્રમાં વસ્તુ અને સેવાઓના ઉત્પાદનનો પ્રવાહ વહેતો હોય જેનાથી અર્થતંત્રમાં વસ્તુઓના નાણાંકીય મૂલ્યમાં વધારો થતો હોય તેવી આવકોનું મૂલ્ય ગણવામાં આવે છે.

(7) સેકન્ડ હેન્ડ વસ્તુઓની આવકનો સમાવેષ થતો નથી.

**3.6.3 ખર્ચની પદ્ધતિ :**

પ્રો.ફીશરની વ્યાખ્યા પરથી આ પદ્ધતિ વિકસાવવામાં આવી છે. વર્ષ દરમિયાન વ્યક્તિઓ, કુટુંબો, પેઢીઓ અને સરકાર ચીજવસ્તુઓ અને સેવાઓ ઉપર જે કુલ નાણાંકીય ખર્ચ કરે છે. તેનો સરવાળો કરીને રાષ્ટ્રીય આવક માપવામાં આવે છે. આ પદ્ધતિમાં આવક ખર્ચની ધારણા અભિપ્રેત છે. ખર્ચની પદ્ધતિમાં એક નાણાંકીય વર્ષ દરમિયાન અંતિમ વસ્તુઓ અને સેવાઓની ખરીદી પાછળ જે ખર્ચ થાય તેનો સમાવેષ કરવામાં આવે છે. એક નાણાંકીય વર્ષ દરમિયાન કુલ ખર્ચ GDP જેટલું હોય છે.

**મહત્ત્વની બાબતો :** ખર્ચની દૃષ્ટિએ રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે.

(1) નાણાંકીય ખર્ચના ચાર ઘટકો છે.

**(A) વપરાશી ખર્ચ :** દેશના નાગરિકો, કુટુંબો, ધંધાકારી પેઢીઓ, દ્વારા વપરાશી વસ્તુઓ પાછળ થતો ખર્ચ ગણાવામાં આવે છે ટી.વી, સ્કુટર, કાર જેવી ટકાઉ વસ્તુઓ અનાજ, ફળ, શાકભાજી જેવી નાશવંત વસ્તુઓ તેમજ શિક્ષણ, ડોક્ટરી સારવાર, વાહન-વ્યવહાર, સંદેશા વ્યાવહાર જેવી સેવાઓ પાછળ થતાં ખર્ચનો સમાવેષ થાય છે.

**(B) મૂડીરોકાણ ખર્ચ :** નાગરિકો, કુટુંબો, ધંધાદારી પેઢીઓ જે મુડીરોકાણ ખર્ચ કરે છે. તેની ગણતરી થાય છે. કારખાનાનું મકાન, પ્લોટ, યંત્ર સામગ્રી, વ્યવસાય માટે જરૂરી વસ્તુઓ-સાધનો પર થયેલ ખર્ચ મૂડીરોકાણ ખર્ચ તરીકે ગણાય છે.

**(C) સરકારી ખર્ચ :** કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વગેરેનું વપરાશી ખર્ચ, મુડીરોકાણ ખર્ચ, વહીવટી ખર્ચ વગેરેનો સમાવેષ થાય છે.

**(D) ચોખ્ખું નિકાસ ખર્ચ :** દેશના નાગરિકોનું વિદેશી વસ્તુઓ પાછળનું ખર્ચ એ દેશનું છે અને આપણી નિકાસો એ વિદેશના નાગરિકોનું ખર્ચ છે. તેથી તે બંન્ને વચ્ચેનો તફાવત એ ચોખ્ખી નિકાસો છે. જેનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં થાય છે. ટુંકમાં કહીએ તો કુલ રાષ્ટ્રીય આવક = વપરાશી ખર્ચ + મુડીરોકાણ ખર્ચ + સરકારી ખર્ચ + ચોખ્ખું નિકાસ ખર્ચ.

(2) રાષ્ટ્રીય આવકમાં ન ગણાતા ખર્ચાઓ : ખર્ચની રીતે રાષ્ટ્રીય આવકની ગણતરી કરતાં અમુક પ્રકારના ખર્ચાઓને રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતાં નથી. જેમ કે, સેકન્ડ હેન્ડ (પુનઃવેચાણ) વસ્તુઓની ખરીદી પાછળનું ખર્ચ, હેર ફેરનું ખર્ચ (બદલા ચુકવણીઓ) વગેરે, હેરફેરના ખર્ચમાં પેન્શન, બેકારી ભથ્થું, વિધવાઓને અપાતી સહાય, દેશના કોઈપણ માણસને મળતી સરકારી

સહાય વગેરેનો સમાવેષ રાષ્ટ્રીય આવકમાં થતો નથી. જુના શેરની ખરીદી પાછળનું ખર્ચ, વચગાળાની વપરાશી વસ્તુઓ પાછળનું ખર્ચ પણ રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતું નથી. આ ઉપરાંત સબસીડી જેવા ખર્ચાઓને પણ રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતા નથી.

(3) રાષ્ટ્રીય આવક ગણવામાં મુશ્કેલી : ભારત જેવા વિશાળ જનસંખ્યા ધરાવતાં દેશમાં રોજ-બરોજ લોકો અનેક વસ્તુઓ અને સેવાઓ પાછળ ખર્ચ કરતાં હોય છે. જેના આધારભુત આંકડા મળતાં નથી. જેથી આ પદ્ધતિ દ્વારા રાષ્ટ્રીય આવક ગણવામાં મુશ્કેલી સર્જાય છે.

રાષ્ટ્રીય આવક ગણવા માટે ઉપરની પદ્ધતિઓમાંથી ગમે તે પદ્ધતિને દેશ અપનાવી શકે. જો પ્રાપ્ત માહિતી અને આંકડા સાચા હોય તો ગમે તે પદ્ધતિએ રાષ્ટ્રીય આવક ગણતરી કરવામાં આવે તો પણ રાષ્ટ્રીય આવકનું માપ સરખું આવશે. દરેક પદ્ધતિની કોઈને કોઈ ખામી તો છે જ. તેથી એમ કહેવાય કે આ પદ્ધતિઓ પરસ્પર એક બીજાની પૂરક છે. દા.ત. ઉત્પાદન પદ્ધતિએ રાષ્ટ્રીએ આવક ગણીને ખર્ચની રીત દ્વારા તેની સચ્ચાઈની ચકાસણી કરી શકાય. ભારત જેવા વિકસતા રાષ્ટ્રો માટે ઉત્પાદનની તો અમેરિકા, રશિયા જેવા દેશો માટે આવક અને ખર્ચની પદ્ધતિ અનુકૂળ છે.

## 3.7 રાષ્ટ્રીય આવક માપનની મુશ્કેલીઓ :

ભારતમાં 1954થી કેન્દ્રીય આંકડાકીય સંગઠન (CSO : Central Statistical organization) રાષ્ટ્રીય આવકનું માપન કરે છે પરંતુ રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે કેટલીક સમસ્યાઓ મુશ્કેલીઓ સર્જાય છે. જે નીચે મુજબ છે.

**(1) બેવડી ગણતરીની સમસ્યા :**

રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે બેવડી ગણતરી થવાની શક્યતા રહેલી છે. જેમકે અર્ધતૈયાર વસ્તુના મૂલ્યની ગણતરી થાય અને તૈયાર વપરાશી વસ્તુના મૂલ્યની ગણતરી રાષ્ટ્રીય આવકમાં થાય તો રાષ્ટ્રીય આવકનું સાચું માપ જાણી શકાતું નથી. ભારત જેવા વિશાળ દેશમાં જ્યાં અનેક જગ્યાએ નાના પાયે- મોટાપાયે ઉત્પાદન થતું હોય ત્યાં ઘણીવાર બેવડી ગણતરીની સમસ્યા સર્જાય છે. રાષ્ટ્રીય આવકની ગણતરી વખતે આ મર્યાદાથી બચવા ઘણીજ તકેદારી રાખવી પડે છે.

**(2) સ્વ-વપરાશની મુશ્કેલી :**

સ્વ-વપરાશમાં લેવામાં આવતી વસ્તુઓનો બજારમાં વિનિમય થતો નથી તેથી તેનું નાણાંકીય મૂલ્ય આંકી શકાતું નથી. તેને રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ધ્યાનમાં લેવામાં આવતી નથી. ભારતમાં ખાસ કરીને ખેડૂતો અને પશુપાલકો પોતાના ઉત્પાદન માંથી અનાજ કે દૂધનો મોટાપાયે સ્વ-વપરાશ કરતાં હોય છે જેનું મૂલ્ય અનેકગણું ઉંચુ હોય છે. ભારતમાં અનાજના સ્વ-વપરાશને રાષ્ટ્રીય આવકમાં ગણતરીમાં લેવામાં આવે છે પરંતુ ભારત જેવા અતિવસ્તી અને અનેક નાનાં-નાનાં ખેડૂત પરિવારો ધરાવતાં દેશમાં ખેડૂતો કેટલું ઉત્પાદન સ્વ-વપરાશમાં વાપરે છે. તેના અચોટ આંકડા જાણી શકાતાં નથી. રાષ્ટ્રીય આવક માપવાની આ એક મોટી મર્યાદા કહી શકાય.

**(3) ઘસારો જાણવાની મુશ્કેલી :**

રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે રાષ્ટ્રીય આવકમાંથી ઉત્પાદનના સાધનોને લાગતો ઘસારો બાદ કરવામાં આવે છે પરંતુ ઉત્પાદનના સાધનોને લાગતા ઘસારાનું ચોક્કસ મૂલ્ય જાણી શકાતું નથી ઉપરાંત કેટલીકવાર 10 લાખના યંત્રનું 10 વર્ષનું સરેરાશ આયુષ્ય ગણીને દર વર્ષે તેનો 1 લાખ રૂપિયાના ઘસારા મૂલ્યને રાષ્ટ્રીય આવકમાંથી બાદ કરવામાં આવે છે. પરંતુ પાંચ વર્ષ પછી નવી ટેકનોલોજી વાળુ યંત્ર બજારમાં આવતાં કંપનીના માલિક દ્વારા જુના સાધનને ઉત્પાદન પ્રક્રિયામાંથી દુર કરી નવું સાધન ખરીદવામાં આવે ત્યારે જુના સાધનનું સાચું ઘસારા મૂલ્ય બાદ થતું નથી તેમ ચોક્કસ પણે કહી શકાય.

**(4) કરચોરી :**

ભારત જેવા દેશમાં લોકો કરચોરી કરવા ટેવાયેલા છે. મોટા ભાગના લોકો કરચોરીની વૃત્તિ ધરાવે છે અને દેશમાં મોટા પાયે કરચોરી થાય છે. આવી કરચોરીને કારણે દેશના લોકોની સાચી આવક જાણી શકાતી નથી કે સાચું ઉત્પાદન પણ જાણી શકાતું નથી. આવા સમયે આપણને રાષ્ટ્રીય આવકનું સચોટ કે સાચું મૂલ્ય જાણી શકાતું નથી.

**(5) ગેરકાયદેસરની આવક :**

ભારત દેશમાં મોટા પાયે ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. લોકો પોતાના કામ ગેરકાયદેસર રીતે કરાવવા કે અધિકારીઓ પોતાની સત્તાનો ઉપયોગ કરી લોકોના કામ કરી આપવા મોટી-મોટી રકમો લઈ ભ્રષ્ટાચાર આચરતાં હોય છે. આવા ભ્રષ્ટાચારને કારણે દેશના લોકોની સાચી આવક મળી શકતી નથી પરિણામે સાચી રાષ્ટ્રીય આવક પણ મળતી નથી.

**(6) ચોખ્ખી વિદેશી આવકની સમસ્યા :**

ભારતનાં અનેક લોકો વિદેશમાં અમેરિકા, ઓસ્ટ્રેલીયા, કેનેડા, ન્યુઝીલેંડ, બ્રિટન, યુરોપ અને આફ્રિકાના દેશોમાં, આરબ દેશોમાં રહે છે. આ બધા વ્યક્તિઓ અને કુટુંબો દ્વારા અનેક ગણું વિદેશી નાણું ઓનલાઈન અથવા તો રોકડ સ્વરૂપે ભારતમાં હસ્તાંતરિત કરવામાં આવે છે. જો આ બધી રકમનો ચોક્કસ આંકડો ન પ્રાપ્ત થાય તો સાચી રાષ્ટ્રીય આવક જાણી શકાતી નથી.

**(7) ગણતરી-હિસાબો રાખવાની સમસ્યા :**

ભારત જેવા વિશાળ દેશમાં જ્યાં નાના પાયે અનેક લોકો દ્વારા ઉત્પાદન પ્રક્રિયા થતી હોવાથી હિસાબો અને ગણતરી રાખવામાં જુદાં જુદાં પ્રકારની સમસ્યા સર્જાય છે. જે નીચે પ્રમાણે છે.

**(A) નિરક્ષરતા :**

ભારતમાં 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ શિક્ષણનું પ્રમાણ લગભગ 74% હતું. એટલે કે આજે પણ દેશની લગભગ 26% વસ્તી અક્ષરજ્ઞાન ધરાવતી નથી. આવા નિરક્ષર લોકોને પોતાના રોજબરોજના ઉત્પાદન, આવક અને ખર્ચનો હિસાબ-ગણતરી રાખવામાં મુશ્કેલી પડે છે. જેથી સાચા હિસાબો મળવાની સંભાવના ઘટી જાય છે.

**(B) નાના પાયે ઉત્પાદન - વેચાણ :**

ભારતની કુલ વસ્તી 130 કરોડથી પણ વધારે છે. આટલી વિશાળ જનસંખ્યાને કારણે દેશના લોકો નાનાપાયે ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલા છે. જેમકે નાના અને સીમાંત ખેડૂતો, નાના અને ગૃહ ઉદ્યોગો, બિન સંગઠીત કામદાર વર્ગ, છુટક મજૂરી કરનાર મજૂર વર્ગ વગેરે રીતે લોકો પોતપોતાની રીતે ઉત્પાદન પ્રક્રિયામાં ફાળો આપી, વેતન, વ્યાજ, નફા અને ભાડાં તરીકે નાનાં-નાનાં પાયે વળતર મેળવે છે. આથી આ તમામ લોકોની આવક, ખર્ચ અને તેમના સાચાં ઉત્પાદનની માહિતી મેળવવામાં અનેક મર્યાદાઓ રહેલી છે.

**(C) સાટા-પદ્ધતિ :**

ભારતમાં વિનિમય પ્રથામાં નાણાં આધારિત અર્થવ્યવસ્થા તેમજ બેંકિંગ ક્ષેત્રનો અદ્ભુત વિકાસ થયો હોવા છતાં પણ આજે આંતરિયાળ ગ્રામીણ વિસ્તાર અને પછાત આદિવાસી વિસ્તારોમાં આજે પણ ઘણે અંશે નાણાંને બદલે સાટા પદ્ધતિથી ચીજવસ્તુઓની લેવડદેવડ થાય છે. એટલે કે વસ્તુઓનો નાણાં દ્વારા વિનિમય થતો નથી. આમ આવા સાટા-પદ્ધતિ દ્વારા થતી વિનિમય પ્રથામાં આવક, ખર્ચ અને ઉત્પાદન અંગે સચોટ કહી શકાય તેવા આંકડા પ્રાપ્ત થતાં ન હોવાથી રાષ્ટ્રીય આવકનું સાચું મૂલ્ય જાણવા મળતું નથી.

**(D) એક કરતાં વધુ વ્યવસાયોમાં રોકાયેલા લોકો :**

જ્યારે વ્યક્તિ એક કરતાં વધારે આર્થિક પ્રવૃત્તિઓમાંથી આવક મેળવતો હોય ત્યારે પણ તેની દરેક પ્રવૃત્તિમાંથી પ્રાપ્ત આવક, તેની પાછળનું ખર્ચ, દરેક પ્રવૃત્તિમાંથી કુલ ઉત્પાદન વગેરે

અંગે ચોક્કસ હિસાબો, ગણતરી કરવામાં મુશ્કેલી રહે છે. ભારતમાં ખાસ કરીને લોકો ખેતી સાથે પશુપાલન, ખાનગી-સરકારી નોકરી, છુટક વેપાર, છુટક મજૂરી, વાહન-વ્યવહાર જેવા અનેક નાનાં-નાનાં વ્યવસાયોમાં જોડાયેલા હોય છે. જેના કારણે દરેક વ્યવસાયના હિસાબો-ગણતરીની સચોટ માહિતી મળતી નથી. પરિણામે રાષ્ટ્રીય આવકની પણ સાચી કે વિશ્વાસપાત્ર માહિતી મળતી નથી.

ઉપર્યુક્ત સમસ્યાઓ હોવા છતાં રાષ્ટ્રીય આવક ગણવામાં ચોકસાઈ રાખીને સાચી આવક મેળવવાનો પ્રયાસ CSO દ્વારા કરવામાં આવે છે.

## 3.8 નાણાંકીય રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક રાષ્ટ્રીય આવક :

રાષ્ટ્રીય આવકની માપણી નાણાંના માપદંડ વડે કરવામાં આવે છે. પરંતુ જો નાણાંરૂપી માપદંડ અસ્થિર હોય બીજા શબ્દોમાં કહીએ તો ભાવમાં વધ-ઘટ થતી હોય તો ઉત્પાદન સ્થિર હોવા છતાં રાષ્ટ્રીય આવક વધે કે ઘટે અથવા ઉત્પાદન ઓછું વધુ હોય કે ઘટ્યું હોય છતાં રાષ્ટ્રીય આવક વધારે આવે છે. ત્યારે પ્રશ્ન ઉપસ્થિત થાય કે જેટલું ઉત્પાદન વધ્યું હોય તેટલી જ રાષ્ટ્રીય આવક વધે તો તે માપદંડ સાચું કહેવાય તેને સમજવા માટે નાણાંકીય રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક રાષ્ટ્રીય આવકને સમજવી પડે.

### 3.8.1 નાણાંકીય રાષ્ટ્રીય આવક :

ચાલું ભાવે એટલે કે વર્તમાન ભાવોએ રાષ્ટ્રીય આવકને ગણવામાં આવે તો તે નાણાંકીય રાષ્ટ્રીય આવક કહેવાય છે. વર્ષ દરમિયાન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુના બજારભાવ સાથે ગુણીને જે રાષ્ટ્રીય આવક મળે તે નાણાંકીય રાષ્ટ્રીય આવક છે. પરંતુ આ નાણાંકીય રાષ્ટ્રીય આવક એ વાસ્તવિક રાષ્ટ્રીય આવક નથી. જો કોઈ વર્ષનું ઉત્પાદન ગયા વર્ષ જેટલુ જ હોય અને ભાવ બમણા થયા હોય તો ચાલું વર્ષની નાણાંકીય રાષ્ટ્રીય આવક બમણી આવશે (ઉત્પાદન × ભાવ) જે વાસ્તવિક પરિસ્થિતિ દર્શાવતું નથી. કારણ કે ઉત્પાદન તો ગયા વર્ષ જેટલું જ છે. માત્ર ભાવ બમણા થયા છે. પ્રજાના જીવન ધોરણમાં કોઈ સુધારો થયો નથી તેથી સાચી રાષ્ટ્રીય આવક જાણવાનો રસ્તો વાસ્તવિક રાષ્ટ્રીય આવકનો છે.

### 3.8.2 વાસ્તવિક રાષ્ટ્રીય આવક :

પાયાના વર્ષના ભાવે એટલે કે સ્થિર ભાવો એ રાષ્ટ્રીય આવક ગણવામાં આવે તો તે વાસ્તવિક રાષ્ટ્રીય આવક કહેવાય છે. વર્ષ દરમિયાન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુના સ્થિર ભાવ સાથે ગુણીને જે રાષ્ટ્રીય આવક મેળવવામાં આવે છે તે વાસ્તવિક રાષ્ટ્રીય આવક છે. વાસ્તવિક રાષ્ટ્રીય આવક એ દેશની સાચી આર્થિક સ્થિતિ દર્શાવે છે. વાસ્તવમાં ઉત્પાદન અને બજારકિંમત બંને વધે છે તેથી રાષ્ટ્રીય આવકનો અમુક વધારો ઉત્પાદન વધારાને કારણે તો અમુક વધારો કિંમત વધવાને કારણે હોય છે. પણ આપણને રાષ્ટ્રીય આવકના તે વધારામાં રસ છે જે ઉત્પાદન વધરાને કારણે વધી છે. કારણ કે ઉત્પાદન વધારાને કારણે રાષ્ટ્રીય આવક વધે તો લોકોની વપરાશ અને જીવનધોરણ ઉંચું આવે છે.

## 3.9 વિશ્વના જુદાં-જુદાં દેશોની રાષ્ટ્રીય આવક :

રાષ્ટ્રીય આવક અંગે વિગતવાર માહિતી જોયા પછી વર્તમાન સમયમાં વિશ્વના જુદાં-જુદાં દેશોની રાષ્ટ્રીય આવક કેટલી છે તે અંગેની માહિતી મેળવીએ જે નીચેના ટેબલમાં દર્શાવી છે.

**ટેબલ : 3.1 વિશ્વમાં ઉચ્ચ રાષ્ટ્રીય આવક ધરાવતા દેશોની કુલ રાષ્ટ્રીય આવક : વર્ષ 2017**

**(GDP in Current Us $ Million)**

| ક્રમ | દેશ | કુલ રાષ્ટ્રીય આવક (અમેરિકન ડોલરમાં : મિલિયન) |
|---|---|---|
| 1 | યુ.એસ.એ | 19,390,604 |
| 2 | ચીન | 12,237,700 |
| 3 | જાપાન | 4,872,137 |
| 4 | જર્મની | 3,677,439 |
| 5 | બ્રિટન | 2,622,434 |
| 6 | ભારત | 2,597,491 |
| 7 | ફ્રાંસ | 2,582,501 |

***સોર્સ : World Bank : 2017***

ઉપરના ટેબલ નંબર : 3.1 દ્વારા વિશ્વમાં ઉંચી રાષ્ટ્રીય આવક ધરાવતા દેશોની માહિતી દર્શાવી છે તેમાં આજે યુ.એસ.એ19,390,604 મિલિયન અમેરિકન ડૉલર સાથે પ્રથમ ક્રમે છે. જ્યારે બીજા નંબરે રહેલું ચીન 12,237,700 મિલિયન અમેરિકન ડૉલર જી.ડી.પી સાથે અમેરીકા કરતાં ઘણું જ પાછળ છે. જ્યારે ત્યારે પછીના ઉતરતાં ક્રમાંકે આવનાર જાપાન, જર્મની, બ્રિટન, ભારત અને ફ્રાંસની કુલ રાષ્ટ્રીય આવક અમેરિકા અને ચીન કરતાં ઘણી જ ઓછી છે. ભારત 25,97,491 મિલિયન અમેરિકન ડૉલર સાથે વિશ્વમાં રાષ્ટ્રીય આવકની દૃષ્ટિએ છઠ્ઠો ક્રમાંક ધરાવે છે. ભારત 2016 સુધી વિશ્વમાં જી.ડી.પી ની ગણતરીની દૃષ્ટિએ સાતમો ક્રમાંક ધરાવતો દેશ હતો જે 2017માં ફ્રાંસને પાછળ છોડી છઠ્ઠા ક્રમાંકે પહોંચી ગયો છે. અને ભારત વિશ્વમાં સૌથી ઝડપી વિકસતો પ્રથમ ક્રમાંકનો દેશ છે. એ જોતાં ભારત આવનાર બે ત્રણ વર્ષમાં બ્રિટન અને ત્રણ થી પાંચ વર્ષમાં જર્મનીની પણ આગળ નીકળી વિશ્વમાં ચોથા ક્રમાંકે પહોંચી જશે તેવી આર્થિક નિષ્ણાંતોની ગણતરી છે. અને દસ પંદર વર્ષમાં જાપાનને પણ પાછળ છોડવાની ધારણા છે. પરંતુ અમેરિકા અને વિશ્વમાં બીજા નંબરનો વિકાસદર અને સૌથી વધુ વૈશ્વિક વસ્તીનો હિસ્સો ધરાવતાં ચીનની જી.ડી.પી. સુધી પહોંચવામાં ઘણો જ લાંબો સમય પસાર કરવો પડશે.

## 3.10 માથાદીઠ આવક (Per Capital Income)

દેશની સાચી અને વાસ્તવિક આર્થિક-સામાજીક સ્થિતિનું ચિત્ર રાષ્ટ્રીય આવક નહિં પરંતુ દેશની માથાદીઠ આવક રજૂ કરે છે. દેશના લોકોની આર્થિક સુખાકારી કે જીવન ધોરણનો સાચો ખ્યાલ કુલ રાષ્ટ્રીય આવક ઉપરથી મેળવી શકાતો નથી. કારણ કે રાષ્ટ્રના લોકોની સુખાકારી લોકો કેટલી આર્થિક ચીજવસ્તુઓ સેવાઓ પ્રાપ્ત કરી શકે છે. તેના ઉપર આધારિત છે. સામાન્ય રીતે જોઈએ તો ''માથાદીઠ આવક એટલે દેશના લોકોની સરેરાશ આવક'' બીજી રીતે કહીએ તો

### 3.10.1 માથાદીઠ આવકનો અર્થ / વ્યાખ્યા :

'કોઈ એક દેશની રાષ્ટ્રીય આવકને દેશની કુલ વસ્તી વડે ભાગતાં જે તે વર્ષની તે દેશની માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે.'

જેમ રાષ્ટ્રીય આવક આર્થિક વૃદ્ધિનો એક માપદંડ છે. તેમ માથાદીઠ આવક આર્થિક વિકાસનો એક માપદંડ છે માથાદીઠ આવક સામાન્ય રીતે દેશના લોકોની સરેરાશ આવક છે. દેશના કેટલાક લોકોની આવક માથાદીઠ આવક કરતાં વધારે, કેટલાકની ઓછી તો કેટલાકની લગભગ તેટલી જ વાર્ષિક આવક હોઈ શકે છે. માથાદીઠ આવકને સૂત્રમાં નીચે મુજબ રજૂ કરી શકાય

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{કુલ રાષ્ટ્રીય આવક}}{\text{કુલ વસ્તી}}$$

**3.10.2 માથાદીઠ આવકની ગણતરી :**

ધારોકે કોઈ એક દેશની કોઈ એક વર્ષની રાષ્ટ્રીય આવક 60,000/- કરોડ રુ. છે અને તે વર્ષે તે દેશની કુલ વસ્તી 4 કરોડ છે તો તે દેશની માથાદીઠ આવક

માથાદીઠ આવક = 60,000 રુ કરોડ

4 કરોડ

મા.આ = 15,000 રુ થશે

એટલે કે વર્ષ દરમિયાન આ દેશના નાગરિકો સરેરાશ 15,000/- રુ આવક મેળવે છે તેમ કહી શકાય. માથાદીઠ આવક ચાલું વર્ષના ભાવે રાષ્ટ્રીય આવકના માપથી ગણવામાં આવી હોય તો તેને ચાલુ ભાવે માથાદીઠ આવક કહેવાય અને જો પાયાના વર્ષના ભાવે (સ્થિર ભાવે) રાષ્ટ્રીય આવક ગણવામાં આવી હોય તો તે સ્થિર ભાવે માથાદીઠ આવક કહેવાય છે. માથાદીઠ આવક જેમ વધારે તેમ નાગરિકોને પ્રાપ્ત થતી વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ વધારે છે તેમ કહેવાય અથવા તો નાગરિકોનું જીવન ધોરણ ઉંચુ છે તેમ કહી શકાય.

- **મહત્ત્વની બાબતો :**
- રાષ્ટ્રીય આવકના વૃદ્ધિ દર કરતાં વસ્તી વૃદ્ધિનો દર ઉંચો હોય તો માથાદીઠ આવક ઘટે છે.
- માથાદીઠ આવક એ સરેરાશ માપ છે.
- દેશના આવકની વહેંચણી બદલાવા છતાં માથાદીઠ આવકમાં કોઈ ફેર પડતો નથી.
- જો દેશમાં આવકની અસમાનતા વધે તો માથાદીઠ આવક વિકાસનો સાચો માપદંડ નથી.
- દેશની પ્રગતિનો સાચો માપદંડ રાષ્ટ્રીય આવક નહિં પરંતુ માથાદીઠ આવક છે.
- UNO પણ બે દેશોની પ્રગતિની સરખામણી કરવામાં રાષ્ટ્રીય આવકની સાથે માથાદીઠ આવકના આંકડાંનો ઉપયોગ કરે છે.
- માથાદીઠ આવકથી બે દેશોની તુલના કરી શકાય છે.
- માથાદીઠ આવકથી દેશના નાગરિકોના જીવન ધોરાણનો અંદાજ મૂકી શકાય છે.

**3.10.3 ભારત અને વિશ્વના જુદાં-જુદાં દેશોની માથાદીઠ :**

વિશ્વમાં દર વર્ષે આઈ.એમ.એફ, વર્લ્ડ બેંક અને યુનાઈટેડ નેશન્સ દ્વારા રાષ્ટ્રીય આવકની જેમ વિશ્વના જુદાં-જુદાં દેશોની માથાદીઠ આવકના આંકડા રજૂ કરવામાં આવે છે. આપણે એક ટેબલ દ્વારા વર્ષ 2017ની વિશ્વનાં જુદાં-જુદાં દેશોની માથાદીઠ આવકની માહિતી મેળવીએ.

**ટેબલ : 3.2 વિશ્વના જુદાં-જુદાં દેશોની માથાદીઠ આવક**

**(વર્ષ 2017, અમેરિકન ડોલરમાં)**

| ક્રમ | દેશ | વિશ્વમાં માથાદીઠ આવકની દૃષ્ટિએ ક્રમ | માથાદીઠ આવક (અમેરિકન ડોલરમાં) |
|---|---|---|---|
| 1 | લક્ઝમબર્ગ | 1 | 104103/- |
| 2 | મકાઉ | 2 | 80893/- |
| 3 | સ્વીટ્ઝર્લેન્ડ | 3 | 80190/- |
| 4 | નોર્વે | 4 | 75505/- |
| 5 | આઈસલેન્ડ | 5 | 70057/- |
| 6 | અમેરિકા | 7 | 59532/- |
| 7 | ફ્રાંસ | 24 | 38477/- |
| 8 | ભારત | 138 | 1940/- |
| 9 | પાકિસ્તાન | 145 | 1548/- |
| 10 | બાંગ્લાદેશ | 146 | 1517/- |

***સોર્સ : World Bank : 2017***

ઉપરોક્ત ટેબલ નંબર : 3.2માં વિશ્વના જુદાં-જુદાં દેશોની માથાદીઠ આવક અને માથાદીઠ આવકની દૃષ્ટિએ વૈશ્વિક ક્રમાંક દર્શાવવામાં આવ્યો છે. જેમાં જોઈ શકાય છેકે લક્ઝમબર્ગ 104103 ડૉલર સાથે વિશ્વમાં માથાદીઠ આવકની દૃષ્ટિએ પ્રથમ ક્રમાંક ધરાવે છે. જ્યારે મકાઉ 80893 ડોલર, સ્વીટ્ઝર્લેન્ડ 80190 ડોલર અને નોર્વે 75505 ડોલર સાથે અનુક્રમે બીજો, ત્રીજો અને ચોથો ક્રમાંક ધરાવે છે જ્યારે આઈસલેન્ડ 70057 ડોલર સાથે પાંચમાં અને અમેરિકા 59532 ડોલર સાથે વિશ્વમાં માથાદીઠ આવકની દૃષ્ટિએ સાતમા ક્રમાંકે છે. જ્યાવે ફ્રાંસ 38477 ડોલર સાથે વિશ્વમાં 24મો ક્રમાંક ધરાવે છે. જ્યારે ભારત માથાદીઠ આવકની રીતે વિશ્વમાં માત્ર 1940 ડોલર સાથે 138 માં ક્રમાંકે છે. જ્યારે ભારત માંથીજ છુટા પડેલા બે પડોશી દેશો જેવા કે પાકિસ્તાન 1548 ડોલર અને બાંગ્લાદેશ 1517 ડોલર સાથે અનુક્રમે 145 અને 146માં ક્રમાંક ધરાવે છે. અહીં મહત્ત્વની અને નોંધનીય બાબત એ છે કે વિશ્વમાં આર્થિક વિકાસની દૃષ્ટિએ પ્રથમ અને કુલ જી.ડી.પીની દૃષ્ટીએ છઠ્ઠો ક્રમાંક ધરાવતો ભારત દેશ માથાદીઠ આવકની દૃષ્ટિએ છેક 138માં ક્રમાંકે છે. અને આપણાથી વિકાસમાં ઘણાજ પાછળ માનવામાં આવતા પાકિસ્તાન અને બાંગ્લાદેશ પણ માથાદીઠ આવકની દૃષ્ટિએ લગભગ આપણી નજીક જ છે. અહીં બીજી એક મહત્ત્વની બાબત એ જોવા મળે છે કે રાષ્ટ્રીય આવક (જી.ડી.પી)ની દૃષ્ટિએ ભારત વિશ્વમાં છઠ્ઠા અને ફ્રાંસ સાતમાં ક્રમાંકે છે. તેમ છતાં માથાદીઠ આવકની દૃષ્ટિએ ફ્રાંસ ભારતના 138માં ક્રમાંક સામે વિશ્વમાં 24મો ક્રમાંક ધરાવે છે. અને ભારતની 1940/- ડોલરની માથાદીઠ આવક સામે ફ્રાંસ 38477/- ડોલર માથાદીઠ આવક ધરાવે છે. આનું મુખ્ય કારણ બે દેશો વચ્ચે રહેલો વસ્તીનો તફાવત છે.

## 3.11 સારાંશ

આ સમગ્ર પ્રકરણમાં આપણે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકની વિસ્તૃત માહિતી મેળવી આ ચર્ચા પરથી એ વાત ફલિત થાય છે કે દેશના લોકોની સુખાકારી અને ઉંચા જીવન ધોરણ માટે ઉંચી રાષ્ટ્રીય આવક નહિં પરંતુ ઉંચી માથાદીઠ આવક મહત્ત્વ ની છે, ભલે દેશની રાષ્ટ્રીય આવક ઉંચી હોય પરંતુ જો દેશની વસ્તી પણ વધારે હોય તો કુલ રાષ્ટ્રીય આવક વસ્તી વડે ભગાતાં માથાદીઠ આવક નીચી પ્રાપ્ત થાય છે. અને રાષ્ટ્રીય આવક માધ્યમ અથવા નીચી હોય પરંતુ વસ્તી ઓછી હોય તો કુલ રાષ્ટ્રીય આવક ઓછા લોકો વચ્ચે વહેંચાતા માથાદીઠ આવક ઉંચી મળે છે. તેનું ઉત્તમ ઉદાહરણ

ભારત અને ફ્રાંસ છે. બંન્ને દેશની રાષ્ટ્રીય આવક લગભગ એક સમાન હોવા છતાં બંન્ને દેશોની માથાદીઠ આવકમાં જમીન-આસમાનનો તફાવત છે. લક્ઝમબર્ગ મકાઉ, સ્વીટ્ઝ્લેન્ડ, નોર્વે, આઈસલેંડ, કતાર જેવા દેશો વિશ્વમાં મધ્યમ અથવા નીચી રાષ્ટ્રીય આવક ધરાવતાં હોવા છતાં અલ્પ વસ્તીને કારણે માથાદીઠ આવકમાં વિશ્વમાં અગ્રસ્થાન ધરાવે છે. આ ઉપરાંત અમેરિકા, બ્રિટન, જાપાન, જર્મની, ફ્રાંસ જેવા દેશો ઉંચી રાષ્ટ્રીય આવક અને મધ્યમ અથવા મધ્યમથી વધારે વસ્તી ધરાંવતાં હોવાથી માથાદીઠ આવકની દૃષ્ટિએ વિશ્વના અગ્ર હરોળના દેશોમાં સમાવેષ થાય છે. જ્યારે ચીન અને ભારત જેવા દેશો ઉંચી રાષ્ટ્રીય આવક સાથે અતિ વસ્તી ધરાવતાં દેશો હોવાથી માથાદીઠ આવકમાં વિશ્વમાં ઘણાં જ પાછળના ક્રમે આવે છે. આ ઉપરાંત સાચા આર્થિક વિકાસ માટે ઉંચી માથાદીઠ આવક ઉપરાંત આવકની સમાન વહેંચણી પણ એટલી જ જરૂરી છે.

## 3.12 ચાવીરૂપ શબ્દો

**(1)** **ઉત્પાદન (Production) :** ચોક્કસ સમયે ઉપલબ્ધ ઉત્પાદનનાં સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં ચીજવસ્તુઓ અને સેવાઓ ઉત્પાદન થાય તેને ઉત્પાદન કહેવાય.

**(2)** **રાષ્ટ્રીય આવક (National Income) :** વર્ષ દરમિયાન ઉત્પાદનનાં ચાર સાધનોએ રાષ્ટ્રના ઉત્પાદનમાં આપેલ ફાળા બદલ તેમને મળતી કુલ આવકનો સરવાળો એટલે રાષ્ટ્રીય આવક.

**(3)** **રાષ્ટ્રીય પેદાશ (National Product) :** વર્ષ દરમિયાન ઉત્પાદનના સાધનોથી દેશના જુદાં-જુદાં ક્ષેત્રોમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન-મૂલ્યનો સરવાળો રાષ્ટ્રીય પેદાશ છે.

**(4)** **અલિપ્ત અર્થતંત્ર (Closed Economy) :** એવું અર્થતંત્ર જેવા સરકાર અને વિદેશ વેપારની કોઈ ભુમિકાઓ નથી. આવા અર્થતંત્રને અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. આયાત-નિકાસ વગરનું અર્થતંત્ર હોય છે.

**(5)** **ખુલ્લું અર્થતંત્ર (Open Economy) :** એવું અર્થતંત્ર જેમાં સરકાર અને વિદેશ વેપારની ભુમિકા હોય છે. સરકાર અનેક કાર્યો કરે છે. દેશ આયાત-નિકાસ પણ કરે છે. આજનાં બધાં અર્થતંત્રો ખુલ્લા અર્થતંત્રો છે.

**(6)** **કુલ આંતરિક પેદાશ (GDP) :** વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. તેના બજાર-મૂલ્યને કુલ આંતરિક પેદાશ કહે છે.

**(7)** **શુદ્ધ આંતરિક પેદાશ (NDP) :** વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. તેના બજાર મૂલ્યમાંથી ઘસારો બાદ કર્યા પછીનું નાણાંકીય મૂલ્ય શુદ્ધ આંતરિક પેદાશ છે.

**(8)** **કુલ રાષ્ટ્રીય પેદાશ (GNP) :** વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાંકીય મૂલ્યને દેશની કુલ રાષ્ટ્રીય પેદાશ કહે છે.

**(9)** **શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ (NNP) :** વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાંકીય મૂલ્યમાંથી ઘસારો બાદ કર્યા પછીનુ શેષ નાણાંકીય મૂલ્ય એ શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ છે.

**(10)** **માથાદીઠ આવક (Per Capital Income) :** વ્યક્તિદીઠ સરેરાશ આવક એ માથાદીઠ આવક છે. દેશની કુલ રાષ્ટ્રીય આવકને કુલ વસ્તી વડે ભાગતાં જે આવક પ્રાપ્ત થાય છે તે માથાદીઠ આવક છે.

**(12)** **બેવડી ગણતરી (Double Counting) :** જ્યારે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં કોઈ વસ્તુ કે સેવાનું મૂલ્ય એક કરતાં વધારે વાર ગણવામાં આવે તો તેને બેવડી ગણતરી કહે છે.

(13) **આરોપિત ભાડું (Imputed Rent) :** પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોય તો તે જે ભાડું મળી શકત તેનો અંદાજ આરોપિત ભાડું છે.

(14) **નાણાંકીય આવક (Monetary Income) :** જે રાષ્ટ્રીય આવક બજાર ભાવે ગણવામાં આવે તેને નાણાંકીય રાષ્ટ્રીય આવક તરીકે ઓળખવામાં આવે છે.

(15) **વાસ્તવિક આવક (Real Income) :** જે રાષ્ટ્રીય આવકને પાયાના વર્ષના ભાવે એટલે કે સ્થિર ભાવે ગણવામાં આવે તેને વાસ્તવિક રાષ્ટ્રીય આવક કહે છે.

(16) **ઘસારો (Depreciation) :** વપરાશને કારણે મૂડી સાધનની કિંમતમાં થતો ક્રમશ : અને કાયમી ઘટાડોએ ઘસારો છે. યંત્રો, મુડી સાધનોને ઉત્પાદન દરમિયાન ઘસારો લાગતો હોય છે.

(17) **કરટાળો (Tax Avoidance) :** કાયદાની છટક બારીઓનો ઉપયોગ કરીને કરદાતા કર ભરવાનું ટાળે તો તે કરટાળો છે. કરટાળો કાયદેસર છે.

(18) **કરચોરી (Tax Evasion) :** કરદાતા કર ભરવાની જવાબદારી ચૂકે તે કરચોરી છે. કરચોરી ગેરકાયદેસર છે.

## 3.13 તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન-1 આપેલા વિકલ્પમાંથી સાચા વિકલ્પ પસંદ કરો.**

1. વપરાશ આધારિત રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા કોણે આપી ?

   (અ) ફીશર (બ) કેઈન્સ

   (ક) પીગુ (ડ) માર્શલ

2. નાણાં આધારિત રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા કેણે આપી ?

   (અ) માર્શલ (બ) સેમ્યુઅલસન

   (ક) પીગુ (ડ) કેઈન્સ

3. ઉત્પાદનના સાધન તરીકે જમીનને કયા સ્વરૂપે વળતર મળે છે ?

   (અ) વ્યાજ (બ) ભાડું

   (ક) નફો (ડ) વેતન

4. નીચેનામાંથી કઈ બાબતનો GDPમાં સમાવેષ થતો નથી ?

   (અ) ખેતીક્ષેત્રનું ઉત્પાદન (બ) ઉદ્યોગ ક્ષેત્રનું ઉત્પાદન

   (ક) વકીલની સેવાઓ (ડ) ઉત્પાદનના સાધનનો ઘસારો બાદ કરવો

5. રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સરકારના કયા ખર્ચાઓ ગણાતા નથી ?

   (અ) પુલ બનાવવા (બ) તળાવો ઉંડા કરવા

   (ક) સંરક્ષણ ખર્ચ (ડ) બદલા ચૂકવણીઓ

6. રાષ્ટ્રીય આવકની દૃષ્ટિએ વર્ષ 2017માં વિશ્વમાં ભારતનો ક્રમાંક કયો હતો ?

   (અ) પાંચમો (બ) છઠ્ઠો

   (ક) ત્રીજો (ડ) સાતમો

7. વર્ષ 2017ના વિશ્વ બેંકના અહેવાલ પ્રમાણે ભારતની માથાદીઠ આવક કેટલા અમેરિકન ડોલર હતી ?

   (અ) 2530 ડોલર (બ) 1670 ડોલર

   (ક) 1940 ડોલર (ડ) 2040 ડોલર

8. વર્ષ 2017ના વિશ્વબેંકના અહેવાલ પ્રમાણે ભારત માથાદીઠ આવકની દૃષ્ટિએ વિશ્વમાં કયો ક્રમ ધરાવે છે ?

| | |
|---|---|
| (અ) 145 | (બ) 138 |
| (ક) 103 | (ડ) 95 |

9. જો કોઈ દેશની રાષ્ટ્રીય આવક 50,000/- કરોડ ડોલર હોય અને દેશની કુલ વસ્તી 5 કરોડ હોય તો તે દેશની માથાદીઠ આવક કેટલી હોય ?

| | |
|---|---|
| (અ) 10,000 ડોલર | (બ) 5000,000 ડોલર |
| (ક) 15,000 ડોલર | (ડ) 2000 ડોલર |

10. ખુલ્લા અર્થતંત્રમાં નીચેના માંથી કઈ બાબતનો સમાવેષ થતો નથી ?

| | |
|---|---|
| (અ) પેઢીઓ | (બ) કુટુંબો |
| (ક) ખેતી-ઉદ્યોગો | (ડ) વિદેશ વેપારની ગેરહાજરી |

**પ્રશ્ન-2 નિચેના વિધાનો ખરાં છે કે ખોટા જણાવો.**

1. રાષ્ટ્રીય આવકની ઉત્પાદન આધારિત વ્યાખ્યા પ્રો.પીગુએ આપી છે.
2. અલિપ્ત અર્થતંત્રમાં વિદેશ વેપારની ગેરહાજરી હોય છે.
3. કુલ આંતરિક પેદાશમાંથી મુડી સાધનોને લાગતો ઘસારો બાદ કરતાં શુદ્ધ આંતરિક પેદાશ (NDP) મળે છે.
4. બેવડી ગણતરી એ રાષ્ટ્રીય આવક માપનની એક મહત્ત્વની મર્યાદા છે.
5. માથાદીઠ આવકની દૃષ્ટિએ ભારત ફ્રાંસ કરતાં ઉચ્ચ ક્રમ ધરાવે છે.

**પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો.**

1. રાષ્ટ્રીય આવકની પ્રો.માર્શલની વ્યાખ્યા જણાવો.
2. અલિપ્ત અર્થતંત્રનો ખ્યાલ આપો.
3. કુલ આંતરિક પેદાશ એટલે શું ?
4. શુદ્ધ રાષ્ટ્રીય પેદાશનો અર્થ આપો.
5. માથાદીઠ આવક શોધવાનું સુત્ર આપો.
6. આરોપિત ભાડું એટલે શું ?
7. રાષ્ટ્રીય આવકની દૃષ્ટિએ ઉચ્ચ ક્રમ ધરાવતાં વિશ્વના કોઈ પણ ત્રણ દેશોના નામ આપો.
8. વિશ્વમાં સૌથી વધારે માથાદીઠ આવક ધરાવતાં અગ્ર ક્રમના ત્રણ દેશોના નામ જણાવો.

**પ્રશ્ન-4 તફાવત આપો.**

1. GDP અને NDP
2. GDP અને GNP
3. GNP અને NNP
4. અલિપ્ત અર્થતંત્ર અને ખુલ્લુ અર્થતંત્ર

**પ્રશ્ન-5 નીચેના પ્રશ્નોનો મુદ્દાસર જવાબ આપો.**

1. રાષ્ટ્રીય આવકની વિવિધ વ્યાખ્યાઓની સમજુતી આપો.
2. રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશનો ખ્યાલ સમજાવો.

3. કુલ આંતરિક પેદાશ અને શુદ્ધ આંતરિક પેદાશનો ખ્યાલ સમજાવો.

4. કુલ રાષ્ટ્રીય પેદાશ અને શુદ્ધ રાષ્ટ્રીય પેદાશનો ખ્યાલ સમજાવો.

5. નાણાંકીય રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક રાષ્ટ્રીય આવકનો ખ્યાલ સમજાવો.

6. માથાદીઠ આવકનો અર્થ આપી. માથાદીઠ આવકનો ખ્યાલ ઉ.દા. સહિત સમજાવો.

**પ્રશ્ન-6 નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારપૂર્વક આપો.**

1. રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ આકૃતિ સહિત સમજાવો.

2. રાષ્ટ્રીય આવક માપવાની જુદી-જુદી પદ્ધતિઓ

3. રાષ્ટ્રીય આવક માપવાની મુશ્કેલીઓ મુદ્દાસર સમજાવો.

4. વિશ્વના જુદાં-જુદાં દેશોની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકની અનુસૂચિ દ્વારા સમજુતી આપો.

## 3.14 તમારી પ્રગતિ ચકાસો ના જવાબો

**પ્રશ્ન-1 :** (1) ફીશર

(2) પીગુ

(3) ભાડું

(4) ઉત્પાદનના સાધનોનો ઘસારો બાદ કરવો

(5) બદલા ચુકવણીઓ

(6) છઠ્ઠો

(7) 1940 અમેરિકન ડોલર

(8) 138

(9) 10,000 ડોલર

(10) વિદેશ વેપારની ગેરહાજરી

**પ્રશ્ન-2 :** ખરાં-ખોટાં

જવાબ : (1) ખોટું

(2) ખરું

(3) ખરું

(4) ખરું

(5) ખોટું

**પ્રશ્ન-3 :** ટુંકમાં જવાબ આપો

જવાબ : 1 3.2.2 વાંચો

2 3.4 વાંચો

3 3.5.1 વાંચો

4 3.5.4 વાંચો

5 3.10.2 વાંચો

6 3.6.1 વાંચો

7 3.9 વાંચો

8 3.10.3 વાંચો

**પ્રશ્ન-4 :** તફાવત આપો.

જવાબ : 1 3.5.1 અને 3.5.2 વાંચો

2 3.5.1 અને 3.5.3 વાંચો

3 3.5.3 અને 3.5.4 વાંચો

4 3.4 વાંચો

**પ્રશ્ન-5 :** મુદ્દાસર જવાબ આપો.

જવાબ : 1 3.2.1, 3.2.2, 3.2.3 અને 3.2.4 વાંચો

2 3.3, 3.3.1, અને 3.3.2 વાંચો

3 3.5.1, અને 3.5.2, વાંચો

4 3.5.3, અને 3.5.4, વાંચો

5 3.8, 3.8.1, અને 3.8.2 વાંચો

6 3.10.1, અને 3.10.2 વાંચો

**પ્રશ્ન-6 :** વિસ્તારપૂર્વક જવાબ આપો

જવાબ : 1 3.4 વાંચો

2 3.6.1, 3.6.2 અને 3.6.3 વાંચો

3 3.7 વાંચો

4 3.9 અને 3.10.3 વાંચો

## 3.14 કેટલાંક ઉપયોગી પુસ્તકો


- અર્થશાસ્ત્ર : ધોરણ-11, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
- અર્થશાસ્ત્રના સિદ્ધાંતો : નવદીપ પ્રકાશન ગૃહ : અમદાવાદ 1981-82
- સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર : ન્યુ પોપ્યુલર પ્રકાશન સુરત : 2004
- સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર : 1 : રાવલ પ્રકાશન : 2013-14

# એકમ 4 રાષ્ટ્રીય આવક II

: રૂપરેખા :

4.0 ઉદ્દેશો
4.1 પ્રસ્તાવના
4.2 રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવકનો અર્થ
4.2.1 રાષ્ટ્રીય આવકનો અર્થ
4.2.2 માથાદીઠ આવકનો અર્થ
4.3 રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવકનું પ્રમાણ અને વૃદ્ધિદર
4.4 રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવકની અન્ય દેશો સાથેની તુલના
4.5 રાષ્ટ્રીય આવકને અસરકરતા પરિબળો
4.5.1 આર્થિક પરિબળો
4.5.1.1 કુદરતી સંસાધનો
4.5.1.2 શ્રમની કાર્યક્ષમતા
4.5.1.3 મૂડીનું પ્રમાણ
4.5.1.4 ટેકનોલોજિકલ જ્ઞાન
4.5.1.5 ઔદ્યોગિક સાહસિકતા
4.5.1.6 વિદેશી મૂડી
4.5.2 બિન આર્થિક પરિબળો
4.5.2.1 સામાજિક અને ધાર્મિક પરિબળો
4.5.2.2 રાજકીય સ્થિરતા
4.5.2.3 આંતરરાષ્ટ્રીય સંબંધો
4.5.2.4 આંતરિક શાંતિ
4.5.2.5 વસ્તી વૃદ્ધિ
4.5.2.6 કુશળ અને કાર્યક્ષમ વહીવટીતંત્ર
4.5.2.7 શિક્ષણનો વ્યાપક પ્રસાર
4.6 સારાંશ
4.7 તમારી પ્રગતિ ચકાસો
4.8 ચાવીરૂપ શબ્દો
4.9 કેટલાંક ઉપયોગી પુસ્તકો
4.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 4.1 ઉદ્દેશો:

- ભારતની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં થયેલ ફેરફાર તથા તેના વૃદ્ધિદરને જણાવો.
- ભારતની રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવકની તુલના અન્ય દેશો સાથે કરવી.

➢ રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવક પર અસરકારતા પરિબળોની સમજણ કેળવવી.

## 4.1 પ્રસ્તાવના:

રાષ્ટ્રીય આવક એ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પાયાનો ખ્યાલ છે. રાષ્ટ્રીય આવક એ દેશની આર્થિક કામગીરીનું સરવૈયું છે. કોઈ પણ દેશની આર્થિક પરિસ્થિતિ અને તેમાં કેવા ફેરફારો થઈ રહ્યાં છે તેના અભ્યાસ માટે રાષ્ટ્રીય આવક વિશેષ મહત્ત્વ ધરાવે છે. અલ્પવિકસિત દેશોમાં 'ઉત્પાદન પદ્ધતિ' દ્વારા રાષ્ટ્રીય આવકની ગણતરી કરવી અનુકૂળ અને પ્રચલિત છે. કોઈપણ દેશમાં વર્ષ દરમિયાન પેદા થતી ચીજવસ્તુઓ અને સેવાઓના નાણાંકીય મૂલ્યને કોઇ એક ચોક્કસ આંકડામાં કે માપમાં રજૂ કરવામાં આવે છે ત્યારે તે દેશની રાષ્ટ્રીય આવક તરીકે ઓળખાય છે. દરેક દેશની સરકાર રાષ્ટ્રીય આવકની ગણતરી પોતાના સરકારી ખાતા દ્વારા અથવા શિક્ષણ અને સંશોધન કરતી સંસ્થાઓ દ્વારા કરાવે છે. માથાદીઠ આવકના પ્રમાણનો આધાર જે તે દેશની જનસંખ્યા પર આધારિત છે. દેશની રાષ્ટ્રીય આવકને દેશની જનસંખ્યાથી ભાંગતાં માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે.

## 4.2 રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકનો અર્થ

### 4.2.1 રાષ્ટ્રીય આવકનો અર્થ :

રાષ્ટ્રીય આવક એટલે વર્ષ દરમિયાન ખેતી, ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રમાં જે કુલ ઉત્પાદન થાય છે તેનું નાણાંકીય મૂલ્ય. આપણે જ્યારે કહીએ છીએ કે ભારતની રાષ્ટ્રીય આવક ૧૬૬ લાખ કરોડ રૂપિયા છે તેનો અર્થ એ થાય કે ખેતી, ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રમાં એક વર્ષ દરમિયાન ૧૬૬ લાખ કરોડ રૂપિયાની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થયું છે.

**આલ્ફ્રેડ માર્શલના મતે,**

×વર્ષ દરમિયાન દેશના શ્રમ અને મૂડીનો કુદરતી સંપત્તિ (જમીન) સાથે સહયોગ થવાથી જે ભૌતિક (દૃશ્ય) અને અભૌતિક (અદશ્ય સેવાઓ) વસ્તુઓનું ચોખ્ખું ઉત્પાદન થાય છે તે દેશની રાષ્ટ્રીય આવક છે.× પ્રો. માર્શલની આ વ્યાખ્યામાં ચીજવસ્તુઓ અને સેવાઓના ચોખ્ખા ઉત્પાદન ઉપર ભાર મૂક્યો છે તેથી આ વ્યાખ્યા ઉત્પાદનલક્ષી ગણાય છે.

**ઈરવિંગ ફિશરના મતે,**

×વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ જેટલા પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓની પ્રત્યક્ષ વપરાશ કરી હોય તેના પ્રમાણને રાષ્ટ્રીય આવક કહેવાય છે.× આ વ્યાખ્યામાં ફિશરે ભૌતિક અને અભૌતિક વસ્તુઓ-સેવાઓની વપરાશ ઉપર ભાર મૂક્યો છે. તેથી આ વ્યાખ્યા વપરાશલક્ષી ગણાય છે.

### 4.2.2 માથાદીઠ આવકનો અર્થ :

કોઇ પણ દેશની આર્થિક સ્થિતિનું સાચું ચિત્ર રાષ્ટ્રીય આવક નહીં પરંતુ દેશની માથાદીઠ આવક રજૂ કરે છે. દેશના લોકોના આર્થિક કલ્યાણનું ચિત્ર રાષ્ટ્રીય આવક કરતાં માથાદીઠ આવક વધુ સારી રીતે રજૂ કરી શકે છે. રાષ્ટ્રીય આવક કરતાં માથાદીઠ આવક સરેરાશ માપ રજૂ કરતો હોવાથી વધુ નજીકથી આર્થિક બાબતને રજૂ કરે છે.

×વર્ષ દરમિયાન દેશની રાષ્ટ્રીય આવકને દેશની કુલ વસ્તી વડે ભાંગતા જે તે દેશની માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે.×

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{કુલ રાષ્ટ્રીય આવક}}{\text{કુલ વસ્તી}}$$

દા.ત. ધારો કે વર્ષ દરમિયાન કોઈ એક દેશની રાષ્ટ્રીય આવક ૧,૬૬,૦૦,૦૦૦ કરોડ રૂપિયા છે અને કુલ વસ્તી ૧૨૧ કરોડ હોય તો દેશની માથાદીઠ આવક

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{૧,૬૬,૦૦,૦૦૦}}{\text{૧૨૧ કરોડ}}$$

= ૧,૩૭,૧૯૦ રૂપિયા થશે.

અર્થાત્ વર્ષ દરમિયાન આ દેશના નાગરિકો સરેરાશ ૧,૩૭,૧૯૦ રૂપિયા આવક મેળવે છે તેમ કહી શકાય.

## 4.3 રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવકનું પ્રમાણ અને વૃદ્ધિદર

ભારતમાં સ્વતંત્રતાની પ્રાપ્તિ પહેલાં રાષ્ટ્રીય આવકના અંદાજ માટે કોઈ ખાસ પ્રયત્નો થયા ન હતા. ભારતમાં સૌ પ્રથમ ૧૮૬૮માં દાદાભાઈ નવરોજીએ રાષ્ટ્રપતિની આગેવાની લીધી હતી. ત્યારે તેમના પુસ્તક 'Poverty and Un-British Rule in India' માં માથાદીઠ આવક રૂ. ૨૦ દર્શાવાઈ છે. ફિન્ડલે શિરાજે ૧૯૧૧માં માથાદીઠ આવક રૂ. ૪૯ કરોડ અને ડૉ. વી. કે. આર. વી. રાવે વર્ષ ૧૯૨૫ થી ૧૯૨૯ સુધી રૂ. ૭૯ માથાદીઠ આવક દર્શાવી છે.

સ્વતંત્રતા પછી ભારત સરકારે ઓગસ્ટ ૧૯૪૯માં પ્રો. પી. સી. મહાલનોબીલ્સની અધ્યક્ષતા નીચે એક રાષ્ટ્રીય આવક સમિતિની રચના કરવામાં આવી, જેનો ઉદ્દેશ ભારત દેશની રાષ્ટ્રીય આવકનું અનુમાન લગાવવાનો હતો. આ સમિતિએ એપ્રિલ ૧૯૫૧માં તેમના પ્રાથમિક અહેવાલની રજૂઆત કરી, જે અનુસાર ૧૯૪૮-૪૯માં દેશની કુલ રાષ્ટ્રીય આવક ૮૬૫૦ કરોડ રૂપિયા અને માથાદીઠ આવક ૨૪૬.૯૦ રૂપિયા હતી. વર્તમાનમાં રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકના પ્રમાણનું ચિત્ર સાવ અલગ જ છે જે આપણે જોઈએ.

**સૂચિ-૪.૧**

**રાષ્ટ્રીય આવક (GDP) (૨૦૧૧-૧૨ના સ્થિર ભાવોએ, કરોડ રૂ.માં)**

| વર્ષ | રાષ્ટ્રીય આવક | વૃદ્ધિદર (%માં) | માથાદીઠ આવક | વૃદ્ધિદર (%માં) |
|---|---|---|---|---|
| 2008-09 | 70,93,403 | 3.1 | 61,468 | 1.7 |
| 2009-10 | 76,51,078 | 7.9 | 65,374 | 6.4 |
| 2010-11 | 83,01,235 | 8.5 | 69,994 | 7.0 |
| 2011-12 | 87,36,331 | 5.2 | 71,609 | 2.3 |
| 2012-13 | 92,13,017 | 5.5 | 74,599 | 4.2 |
| 2013-14 | 98,01,370 | 6.4 | 78,348 | 5.0 |
| 2014-15 | 1,05,27,674 | 7.4 | 83,746 | 6.1 |
| 2015-16 | 1,13,86,145 | 8.2 | 88,746 | 6.8 |
| 2016-17 | 1,21,96,006 | 7.1 | 93,888 | 5.8 |
| 2017-18 | 1,30,10,843 | 6.7 | 98,867 | 5.3 |

***Source :*** CSO. Back Series, Press note 28 Nov. 2018

ઉપરોક્ત સૂચિમાં છેલ્લા દસ વર્ષની રાષ્ટ્રીય અને માથાદીઠ આવકની આંકડાકીય માહિતી આપેલ છે. જેનું નિરીક્ષણ કરતાં જણાય છે કે રાષ્ટ્રીય આવકમાં સતત વધારો થાય છે. પરંતુ તેના વૃદ્ધિદરમાં ઘણો ચડાવ-ઉતાર થાય છે. વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ રાષ્ટ્રીય આવક ૭૦,૯૩,૪૦૩ કરોડ રૂ. છે જે ૨૦૦૯-૧૦માં વધીને ૭૬,૫૧,૦૭૫ કરોડ રૂપિયા થાય છે અને વૃદ્ધિદર ૩.૧% થી વધીને ૭.૯% થાય છે. અહીં બન્ને વર્ષોના વૃદ્ધિદરનો તફાવત તમામ વર્ષો કરતાં સૌથી વધુ છે. વર્ષ ૨૦૧૦-૧૧માં રાષ્ટ્રીય આવક ૮૩,૦૧,૨૩૫ કરોડ રૂપિયા થાય છે જે વધીને વર્ષ ૨૦૧૧-૧૨માં ૮૭,૩૬,૩૩૧ કરોડ રૂ. થાય છે. પરંતુ વર્ષ ૨૦૧૦-૧૧ કરતાં વર્ષ ૨૦૧૧-૧૨માં રાષ્ટ્રીય આવકના વૃદ્ધિદરમાં મોટો ઘટાડો થાય છે. છેલ્લા દસ વર્ષમાં રાષ્ટ્રીય આવક સતત વધતી ગઈ છે. આ વર્ષોમાં વસ્તીમાં પણ વધારો થયો છે તેમ છતાં માથાદીઠ આવકમાં હકારાત્મક ફેરફારો થયા છે. જે દેશની સતત વધતા જતાં વિકાસની નિશાની છે. રાષ્ટ્રીય આવકમાં જેટલો વૃદ્ધિદર જોવા મળે છે તેટલો વૃદ્ધિદર માથાદીઠ આવકમાં જોવા મળતો નથી તેનું કારણ વધતી જતી વસ્તી ગણાવી શકાય.

## 4.4 રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકની અન્ય દેશો સાથેની તુલના

વર્તમાન સમયમાં દરેક દેશ સમગ્ર વિશ્વમાં પોતાની આગવી છાપ દર્શાવવા સતત હરીફાઈ કરે છે. વિશ્વના અન્ય દેશોની તુલનામાં પોતાની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક વધારવા માટે પ્રયત્નશીલ રહે છે. ભારતની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકની તુલના અન્ય દેશો સાથે કરીએ.

**સૂચિ-૪.૨**

**રાષ્ટ્રીય આવક (GDP in Current US$, 2017)**

| દેશ | રાષ્ટ્રીય આવક (મિલિયન ડોલરમાં) | રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર (%) | માથાદીઠ આવક (ડોલરમાં) | માથાદીઠ આવકનો વૃદ્ધિદર (%) |
|---|---|---|---|---|
| અમેરિકા | 19390604.00 | 2.27 | 59531.66 | 1.55 |
| જાપાન | 4872136.95 | 1.71 | 38428.10 | 1.88 |
| ચીન | 12237700.48 | 6.90 | 8826.99 | 6.30 |
| ઓસ્ટ્રેલિયા | 1323421.07 | 1.96 | 47290.91 | 0.35 |
| ભારત | 2600818.24 | 6.68 | 19.84.10 | 5.49 |
| બ્રાઝિલ | 2055505.50 | 0.98 | 9821.41 | 0.19 |
| નેપાળ | 24880.27 | 7.91 | 849.01 | 6.72 |
| પાકિસ્તાન | 304951.82 | 5.70 | 1547.85 | 3.66 |
| શ્રીલંકા | 87357.21 | 3.31 | 4073.74 | 2.15 |
| કેનેડા | 1653042.80 | 3.05 | 45032.12 | 1.80 |
| વિશ્વ | 80737576.00 | 3.14 | 10721.61 | 1.96 |

***Source :*** www.worldbank.org

ઉપરોક્ત સૂચિ જોતાં કહી શકાય કે અમેરિકા, ચીન, જાપાન જેવાં દેશોની તુલનામાં ભારતની રાષ્ટ્રીય આવક ઓછી છે જ્યારે બીજા અન્ય દેશોની તુલનામાં ભારતમાં રાષ્ટ્રીય આવક વધુ છે. ભારતનો રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર ૬.૬૮% જે વિકસતા જતાં અર્થતંત્રની નિશાની છે. ભારતની માથાદીઠ આવક ૧૯૮૪.૧૦ ડોલર છે જ્યારે અન્ય દેશોની માથાદીઠ આવક ભારતની તુલનામાં સારી કહી શકાય. ચીનની માથાદીઠ આવક ભારત કરતાં ચાર ઘણી વધુ છે. જો કે માથાદીઠ આવકના વૃદ્ધિદરમાં ભારતમાં સ્થિતિ સારી કહી શકાય. તેમ છતાંય રાષ્ટ્રીય આવકના કદમાં સમગ્ર વિશ્વમાં ટોપ ટેન દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૭માં રાષ્ટ્રીય આવકમાં પ્રથમ, બીજા અને ત્રીજા નંબરે અનુક્રમે અમેરિકા, ચીન અને જાપાનનો સમાવેશ થાય છે. જેમાં ભારત સાતમાં ક્રમે આવે છે.

## 4.5 રાષ્ટ્રીય આવકને અસરકરતા પરિબળો

### 4.5.1 આર્થિક પરિબળો

#### 4.5.1.1 કુદરતી સંસાધનો

કુદરતી સંસાધનો એટલે એવા સંસાધનો કે જે કોઈ પણ દેશને કુદરત તરફથી ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે. જે દેશમાં વિપુલ માત્રામાં રહેલ કુદરતી સંસાધનો વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનના મુખ્ય સ્રોત હોય તે દેશની રાષ્ટ્રીય આવકનું કદ ઊંચું રહે છે. જો કે કુદરતી સંસાધનોના ઉપયોગની મર્યાદા ટેકનોલોજી અને મૂડી રોકાણના પ્રમાણ પર આધારિત છે. ટેકનોલોજી અને મૂડી દ્વારા દેશમાં કુદરતી સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરી શકાય છે. જે દેશમાં લોકો અશિક્ષિત, નિરક્ષર અને અજ્ઞાની હોય તેવા દેશોમાં કુદરતી સંસાધનો વણવપરાયેલા પડી રહે છે અથવા તેનો દૂરપયોગ થાય છે. પરિણામે આવા દેશોમાં રાષ્ટ્રીય આવક ઘણી નીચી રહે છે.

#### 4.5.1.4 શ્રમની કાર્યક્ષમતા

જે દેશમાં શ્રમિકોની કાર્યક્ષમતા ઊંચી હોય, કાર્યમાં નિપૂણ હોય, સખત મહેનતુ અને પ્રમાણિક હોય તે દેશમાં રાષ્ટ્રીય આવક ઊંચી રહે છે. જો શ્રમિકો શારીરિક રીતે નબળા અને માનસિક રૂપે અસ્વસ્થ હોય તો તેમની કાર્યમાં નિષ્ઠા રહેતી નથી અને ઉત્પાદન વધારી શકાતું નથી, કાર્યક્ષમ શ્રમિકો દેશની સાચી મૂડી કહેવાય છે. આમ, કહી શકાય કે રાષ્ટ્રીય આવક અને શ્રમની કાર્યક્ષમતા સીધી રીતે એકબીજાથી સંબંધિત છે.

#### 4.5.1.3 મૂડીનું પ્રમાણ

કોઇ પણ દેશની ઊંચી રાષ્ટ્રીય આવક માટે પર્યાપ્ત માત્રમાં મૂડી પૂર્વ શરત છે. જ્યારે દેશમાં મૂડીનો ભંડાર વધુ હોય તો રાષ્ટ્રીય આવક ઊંચી રહે છે. રાષ્ટ્રીય આવક એ કુદરતી સંસાધનો અને મૂડીના જથ્થાની સહાયથી ઉત્પાદિત થયેલ ચીજવસ્તુઓ અને સેવાઓનો સરવાળો છે. જો દેશમાં મૂડીનો જથ્થો ઓછો હોય તો વિવિધ ક્ષેત્રોમાં ઉત્પાદન વધારવું શક્ય નથી. નીચા મૂડીના ભંડારને કારણે કુદરતી સંસાધનોનો પૂરતો ઉપયોગ કરી શકતો નથી અને કુદરતી સંસાધનો વણવપરાયેલા પડી રહે છે.

#### 4.5.1.4 ટેકનોલોજીકલ જ્ઞાન

નવી ઉત્પાદન પદ્ધતિઓ તથા સંસાધનોનો ઉપયોગ કરવાની નવી તકનીકો વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં વધારો કરે છે. વૈજ્ઞાનિક સંસાધનો ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આમ, નવ પ્રવર્તનો અને નવીન સંશોધનો રાષ્ટ્રીય આવક તથા માથાદીઠ આવકને વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જે દેશમાં ટેકનોલોજીકલ જ્ઞાનનું પ્રમાણ મર્યાદિત હોય છે તે દેશની રાષ્ટ્રીય આવક નીચી રહે છે.

#### 4.5.1.5 ઔદ્યોગિક સાહસિકતા

દીર્ઘ દષ્ટિવાળા, મહત્ત્વકાંક્ષી અને સબળ નેતૃત્ત્વ શક્તિ ધરાવતા સાહસિકો રાષ્ટ્રીય આવકને અવરોધતા પરિબળોને નિર્મૂળ કરી રાષ્ટ્રીય આવકને ટોચ પર લઈ જાય છે. જે દેશમાં ઉદ્યોગ સાહસિકો જોખમ અને અનિશ્ચિતતા વહન કરે છે તે દેશમાં રાષ્ટ્રીય આવકનું પ્રમાણ વધુ રહે છે. જે ઉત્પાદનમાં પહેલ કરે છે તથા ઉત્પાદન બાબતોમાં રસ લે છે તે નફો મેળવે છે. જ્યારે આળસું સાહસિકો ઉત્પાદનની ગતિને વેગ આપી શકતા નથી.

#### 4.5.16 વિદેશી મૂડી

વિદેશી સહાય તથા વિદેશી મૂડીરોકાણ દેશની રાષ્ટ્રીય આવક વધારવામાં મહત્ત્વની સાબિત થાય છે. ઘરેલું અપર્યાપ્ત બચત તથા ઉત્પાદનમાં વધારાતી વિદેશી યંત્ર સામગ્રી પ્રાપ્ત કરવા વિદેશી મૂડી રામબાણ છે. આમ, વધારે વિદેશી મૂડીથી ઉત્પાદનને વધારે વેગ મળતાં રાષ્ટ્રીય આવક ઊંચી રહે છે. ભારત દેશમાં ઘરેલું બચત ઉત્પાદકીય મૂડી રોકાણ માટે અપૂરતી છે. આથી દેશને વિદેશી મૂડી પર વધારે આધાર રાખવો પડે છે.

### 4.5.2 બિન આર્થિક પરિબળો

#### 4.5.2.1 સામાજિક અને ધાર્મિક પરિબળો

સમાજમાં રહેલ અંધવિશ્વાસ, રૂઢિચુસ્તતા, જાતિવાદ, પરિવર્તન સામે વિરોધ વગેરે કારણોથી ઉત્પાદન પર વિપરીત અસર કરે છે. જે રાષ્ટ્રીય આવકને નીચી રાખે છે. જ્યારે આવા સમાજમાં સામાજિક અને ધાર્મિક સંસ્થાઓનું નવનિર્માણ થાય. વિચારોનું વૈજ્ઞાનિકીકરણ થાય ત્યારે દેશમાં રાષ્ટ્રીય આવક વધે છે.

#### 4.5.2.2 રાજકીય સ્થિરતા

રાજકીય સ્થિરતા દેશમાં વ્યાપાર-ઉદ્યોગના વ્યાપમાં વધારો થાય છે. જે દેશમાં રાજકીય સ્થિરતા હોય તે દેશમાં સરકાર પર પ્રજાને વધુ વિશ્વાસ હોય છે. રાજકીય સ્થિરતાથી દેશના કાયદાઓમાં મોટા

ફેરફારો થતાં નથી તથા યોજનાઓમાં સળંગ સૂત્રતા જળવાય છે. જે ધંધાકીય જોખમો ઘટાડે છે અને ઉત્પાદન પ્રવૃત્તિ વેગવંતી બને છે. આમ, રાજકીય સ્થિરતા ધરાવતા દેશમાં રાષ્ટ્રીય આવક વધુ રહે છે.

### 4.5.2.3 આંતરરાષ્ટ્રીય સંબંધો

રાષ્ટ્રીય આવક વધારવામાં સારા આંતરરાષ્ટ્રીય સંબંધો પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સારા સંબંધોથી જરૂરી આયાતો વધે છે સાથે નિકાસમાં પણ બહોળા પ્રમાણમાં વધારો થાય છે. જેથી રાષ્ટ્રીય આવક ઊંચી રહે છે. જ્યારે યુદ્ધ જેવી પરિસ્થિતિ ધરાવતા આંતરરાષ્ટ્રીય સંબંધો રાષ્ટ્રીય આવકની વૃદ્ધિ માટે અવરોધરૂપ રહે છે.

### 4.5.2.4 આંતરિક શાંતિ

રાષ્ટ્રીય આવક વધારવામાં આંતરરાષ્ટ્રીય સંબંધોની જેમ આંતરિક સંબંધો પણ મહત્ત્વના પુરવાર થાય છે. જો દેશમાં વર્ગ વિગ્રહ હડતાળો, હુલ્લડો જેવી પરિસ્થિતિ વધુ હોય તો ઉત્પાદનનું પ્રમાણ ઘટતાં રાષ્ટ્રીય આવકનું પ્રમાણ નીચું રહે છે. હુલ્લડ, હડતાળો તથા આંતરિક વર્ગ વિગ્રહને કારણે ઉત્પાદન પ્રવૃત્તિઓ બંધ પડે છે. જેથી રાષ્ટ્રીય આવક નીચી રહે છે.

### 4.5.2.5 વસ્તી વૃદ્ધિ

અતિ વસ્તી રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકને ઘટાડે છે. દેશમાં રાષ્ટ્રીય આવકના વૃદ્ધિદર કરતાં વસ્તી વૃદ્ધિદર વધુ હોય તો માથાદીઠ આવકમાં ઘટાડો થાય છે. જો દેશમાં બિનઉત્પાદક વયજૂથનું પ્રમાણ વધુ હોય તો રાષ્ટ્રીય આવક સાથે માથાદીઠ આવકનું પ્રમાણ નીચું રહે છે. અતિ વસ્તીથી સમાજમાં સમસ્યાઓનું પ્રમાણ ઊંચુ રહે છે. જે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકને નીચી રાખે છે. આમ, અતિ વસ્તી રાત્રિનો ચોર છે જે દેશમાં થયેલાં ઉત્પાદનને અદશ્ય કરી નાખે છે. પરિણામે વધારે વસ્તી ધરાવતા દેશો વસ્તી ઘટાડવા માટે સતત કાર્યશીલ રહે છે.

### 4.5.2.6 કુશળ અને કાર્યક્ષમ વહીવટીતંત્ર

સ્થિર સરકાર તથા કાર્યક્ષમ અને પ્રમાણિક વહીવટીતંત્ર એ રાષ્ટ્રીય આવક વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. નબળી સરકાર તથા ભ્રષ્ટ વહીવટી તંત્રથી ઉત્પાદનની ગતિમાં ઘટાડો થાય છે. બિનકાર્યક્ષમ વહીવટી તંત્રથી લોકોને ઉત્પાદન પ્રવૃત્તિમાં રસ રહેતો નથી. આથી રાષ્ટ્રીય આવક નીચી રહે છે.

### 4.5.2.7 શિક્ષણનો વ્યાપક પ્રસાર

વિશ્વ પર નજર નાખીએ તો તરત જ સમજાઈ જશે કે દેશમાં શિક્ષણ વ્યાપક પ્રસાર છે તે દેશની રાષ્ટ્રીય આવક પણ વધુ છે. કુશળ, તાલીમ પામેલા, શિક્ષિત લોકો દેશની સાચી મૂડી છે જે રાષ્ટ્રીય આવકને ઊંચે શિખરે લઈ જાય છે.

## 4.6 સારાંશ

ભારતની રાષ્ટ્રીય આવક ૧૯૪૮-૪૯માં ૮૬૫૦ કરોડ રૂપિયા હતી એ ૨૦૧૭-૧૮ માં વધીને ૧,૩૦,૧૦,૮૪૩ કરોડ રૂપિયા થઈ. આ સાથે માથાદીઠ આવક ક્રમશઃ ૨૪૬ રૂ. થી વધીને ૯૮,૮૬૭ થઈ હતી. આમ, ભારતે રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક એ બાબતમાં વૈશ્વિક અર્થતંત્રમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. રાષ્ટ્રીય આવકની બાબતમાં સમગ્ર વિશ્વમાં પ્રથમ દસ દેશોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકને જો હજુ પણ તેજ ગતિ આપવી હોય તો માનવ મૂડીમાં વધારે રોકાણની આવશ્યકતા છે. શિક્ષણ અને કેળવાયેલો શ્રમ રાષ્ટ્રીય આવકને વધારવામાં સૌથી મહત્ત્વના પરિબળ છે. તેમજ રાજકીય સ્થિરતા અને આંતરિક શાંતિને પણ ધ્યાનમાં લેવાની તાતી જરૂર છે.

## 4.7 તમારી પ્રગતિ ચકાસો:

**નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો.**

1. વર્ષ ૧૯૪૯માં કોના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય આવક સમિતિની રચના કરવામાં આવી હતી ?

.......................................................................

.......................................................................

.......................................................................

2. આઝાદી પહેલાં કોના અને કયાં પુસ્તકમાં રાષ્ટ્રીય આવક દર્શાવાય છે ?

.......................................................................

.......................................................................

.......................................................................

3. રાષ્ટ્રીય આવકના પ્રમાણમાં ભારતનો ક્રમ વિશ્વમાં કયાં નંબરે આવે છે ?

.......................................................................

.......................................................................

.......................................................................

4. અકુશળ શ્રમિકોની રાષ્ટ્રીય આવક પર કેવી અસર થાય છે ?

.......................................................................

.......................................................................

.......................................................................

5. કુદરતી સંસાધનો એટલે શું ?

.......................................................................

.......................................................................

.......................................................................

6. દેશની રાષ્ટ્રીય આવકની ગણતરી કોઇ કરે છે ?

.......................................................................

.......................................................................

.......................................................................

7. વર્ષ ૨૦૧૭માં વિશ્વમાં રાષ્ટ્રીય આવકમાં પ્રથમ ક્રમે કયો દેશ આવે છે ?

.......................................................................

.......................................................................

.......................................................................

8. ભારતની માથાદીઠ આવક કરતાં ઓછી માથાદીઠ આવક ધરાવતા દેશોના નામ જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

9. વર્ષ ૨૦૧૭માં ભારતની રાષ્ટ્રીય આવક કરતાં અમેરિકન રાષ્ટ્રીય આવક કેટલાં ઘણી વધુ છે ?

.......................................................................

.......................................................................

.............................................................................

10. ઔદ્યોગિક સાહસિકોના લક્ષણો જણાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

**(B) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

1. દેશમાં રોગચાળો ફાટી નીકળે તો રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થાય છે.
2. જો કુદરતી સંસાધનો બિનઉપયોગી પડી રહેતા હોય તો તેની રાષ્ટ્રીય આવક પર અનુકૂળ અસર થાય છે.
3. દેશમાં સરકાર સતત બદલાતી હોય તો રાષ્ટ્રીય આવક પર વિપરીત અસર થાય છે.
4. રાષ્ટ્રીય આવક સ્થિર હોય તો વસતી વધવા સાથે માથાદીઠ આવક વધે છે.
5. દેશમાં હડતાળો વધવાથી રાષ્ટ્રીય આવક ઘટે છે.
6. યુદ્ધ જેવી પરિસ્થિતિ રાષ્ટ્રીય આવક માટે અવરોધરૂપ છે.
7. નવી ટેકનોલોજી રાષ્ટ્રીય આવક પર વિપરીત અસર કરે છે.
8. વૈજ્ઞાનિક સંશોધનોથી ઉત્પાદન ખર્ચ ઘટે છે.
9. ભારતની માથાદીઠ આવક શ્રીલંકાની માથાદીઠ આવક કરતાં વધુ છે.
10. વિદેશી મૂડી દેશની રાષ્ટ્રીય આવક વધારામાં સહાયક નથી.

## 4.8 ચાવીરૂપ શબ્દો

- **રાષ્ટ્રીય આવક :** દેશમાં વર્ષ દરમિયાન પેદા થતી ચીજવસ્તુઓ અને સેવાઓના નાણાંકીય મૂલ્યનો સરવાળો એટલે રાષ્ટ્રીય આવક.
- **માથાદીઠ આવક :** દેશની કુલ રાષ્ટ્રીય આવકને દેશની કુલ વસ્તી વડે ભાંગતા જે સરેરાશ આવે તે માથાદીઠ આવક છે.
- **કુદરતી સંશાધનો :** પૃથ્વી પર મળી આવતા અને માનવીને ઉપયોગમાં આવતા કુદરતી પદાર્થોને કુદરતી સંશાધનો કહે છે.
- **બિનઉત્પાદક વય જુથ :** ઉત્પાદનમાં કોઈ પણ પ્રકારનો ફાળો આપતા નથી તેવા બાળકો અને વૃદ્ધોને બિનઉત્પાદક વય જૂથ કહે છે.

## 4.9 કેટલાંક ઉપયોગી પુસ્તકો


- સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર, પોપ્યુલર પ્રકાશન.
- અર્થશાસ્ત્ર, ધોરણ-૧૧, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.
- Indian Economy, Atlantic Publisher


## 4.10 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો

**(A) નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપોના જવાબો**

1. પેટાવિભાગ ૪.૨ વાંચો.
2. પેટાવિભાગ ૪.૨ વાંચો.
3. પેટાવિભાગ ૪.૩ વાંચો.
4. પેટાવિભાગ ૪.૪.૧.૨ વાંચો.

5. પેટાવિભાગ ૪.૪.૧.૧ વાંચો.
6. પેટાવિભાગ ૪.૧ વાંચો.
7. પેટાવિભાગ ૪.૩ વાંચો.
8. પેટાવિભાગ ૪.૩ સૂચિ ૪.૨ વાંચો.
9. પેટાવિભાગ ૪.૩ સૂચિ ૪.૨ વાંચો.
10. પેટાવિભાગ ૪.૪.૧.૫ વાંચો.

**(B) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવોના જવાબો**

| | | | | |
|---|---|---|---|---|
| 1. સાચું | 2. ખોટું | 3. સાચું | 4. ખોટું | 5. સાચું |
| 6. સાચું | 7. ખોટું | 8. સાચું | 9. ખોટું | 10. ખોટું |

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

9 789389 456042

**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**